ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત


RNI NO. : GUJGUJ/2016/67425



06 DECEMBER, 2025 SATURDAY

પેજ 2

પાંચ સગીર વિદ્યાર્થિની દિવાલ કૂદી ભાગી

પેજ 3

હિન્દુ જાગૃતિ માટે એક લાખ હનુમાન ચાલીસા કેન્દ્રો સ્થાપિત કરવાનું

પેજ 7

કસ્ટોડિયલ ડેથમાં ગુજરાત દેશમાં મોખરે

પેજ 5
ગુજરાતનું પ્રથમ નવીનીકૃત જેન-Z થીમ આધારિત પોસ્ટ ઓફિસનું શુભારંભ

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 261 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

ટ્રાન્સપોર્ટ માટે નવો કોરિડોર બનાવશે ભારત-રશિયા

# ભારત-રશિયા વેપારમાં હવે ડોલરને આવજો

## પુતિને ભારત અને યુરેશિયન ઈકોનોમિક યુનિયન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની ચર્ચા જગાવી : ડોનાલ્ડ ટ્રમ્પ ચિંતિત બન્યા

• નવી દિલ્હી

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન બે દિવસની ભારતની મુલાકાતે આવ્યા છે. ભારત યાત્રાના બીજા દિવસે તેમણે વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય બેઠક યોજી જેમાં વેપાર સહિત અનેક મુદ્દે બંને દેશો વચ્ચે કરાર થયા. બેઠક બાદ પુતિને કહ્યું કે, અમે ભારતને ન્યુક્લિયર રિએક્ટર ટેક્નોલોજીની ઓફર આપી છે.

વ્લાદિમીર પુતિને કહ્યું, કે ગયા વર્ષે બંને દેશોના વેપારના ટર્નઓવરમાં 12 ટકાનો વધારો થયો. અમે કોઈ પણ અડચણ વિના વધતી ભારતીય અર્થવ્યવસ્થા માટે ઈંધણના શિપમેન્ટ માટે તૈયાર છીએ. અમે કુડનકુલમમાં ભારતના સૌથી મોટા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ બનાવવાના પ્રોજેક્ટમાં પણ કામ કરી રહ્યા છીએ.

પુતિને વધુમાં કહ્યું, કે અમે ભારત સાથે મળીને નવો ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક રૂટ બનાવવા માટે કામ કરી રહ્યા છીએ. જેમાં રશિયા અને બેલારૂસથી હિન્દ મહાસાગર સુધી ઈન્ટરનેશનલ ઉત્તર-દક્ષિણ ટ્રાન્સપોર્ટ કોરિડોર સામેલ છે.

પુતિને કહ્યું, કે વડાપ્રધાન મોદીએ અમને એ પડકારોની યાદી આપી છે જેના પર બંને સરકારોએ ધ્યાન આપવાની જરૂર છે, અમે તેના પર કામ કરીશું. ભારત અને યુરેશિયન ઈકોનોમિક યુનિયન વચ્ચે એક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી મદદ મળશે. ભારત અને રશિયા ધીમે ધીમે દ્વિપક્ષીય પેમેન્ટ માટે નેશનલ કરન્સીના ઉપયોગ તરફ આગળ વધી રહ્યા છે. બંને દેશો વચ્ચે વેપાર 100 બિલિયન ડોલરથી પણ વધુ લઈ જવાનો વિચાર કરી રહ્યા છીએ. નોંધનીય છે કે હાલ મોટા ભાગે તમામ દેશો અમેરિકન ડોલરમાં જ એક બીજા સાથે વેપાર કરે છે. એવામાં પુતિને નેશનલ કરન્સીથી એટલે ભારતીય રૂપિયા અને રશિયન રૂબલથી વેપારની જાહેરાત કરતાં અમેરિકાને મોટો આંચકો લાગશે. અગાઉ પણ આ જ મુદ્દે ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણીભર્યા સ્વરમાં ભારત સહિત બ્રિક્સ દેશોને ધમકી આપી હતી કે ડોલરના બદલે બીજી કરન્સીમાં વેપારનું વિચારતા પણ નહીં. આ સિવાય ડોનાલ્ડ ટ્રમ્પ છેલ્લા ઘણા સમયથી વેપારને લઈને ભારત સહિત દુનિયાના અનેક દેશો પર દબાણ બનાવી રહ્યા છે. તેમણે ભારત પર ભારેખમ ટેરિફ પણ ઝીંક્યો છે. ઘણા પ્રયાસો છતાં ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ શકી નથી. એવામાં પુતિને ભારત અને યુરેશિયન ઈકોનોમિક યુનિયન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની ચર્ચા જગાવી છે.

વધુમાં ડોનાલ્ડ ટ્રમ્પ સતત ભારત પર દબાણ કરી રહ્યા છે કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કરે. જોકે પુતિને આજે જાહેરાત કરી છે કે રશિયા કોઈ પણ અડચણ વિના ભારતને ઓઈલ આપતું રહેશે.



સંકટ પર CEOની પ્રથમ પ્રતિક્રિયા, માફી માંગી

# એક જ દિવસમાં ઈન્ડિગોની 1000 ફ્લાઈટ્સ રદ:સરકારે નિયમો હાલ પૂરતા પરત ખેંચ્યા

• નવી દિલ્હી

છેલ્લા બેથી ત્રણથી દિવસથી ભારતની સૌથી મોટી એરલાઈન કંપની ઈન્ડિગો સંકટમાં મૂકાઈ છે. જેના કારણે ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. એવામાં સમગ્ર મામલે આજે ઈન્ડિગોના CEOએ પહેલી પ્રતિક્રિયા આપી છે.

પાયલટો માટે સરકારે જાહેર કરેલા નવા નિયમો લાગુ કરવામાં એર લાઈન કંપનીને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એવામાં આજે જ ઈન્ડિગોએ 1000થી વધુ ફ્લાઈટ્સ રદ કરી છે. ઈન્ડિગોના CEO પીટર એલ્બર્સે વિનંતી કરતાં કહ્યું છે, કે 'છેલ્લા થોડા દિવસથી કંપનીને કામકાજમાં સમસ્યા આવી રહી છે. જે ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે તેના મુસાફરો કૃપા કરીને એરપોર્ટ પર ન જાય. આજે ફ્લાઈટ્સ સૌથી વધુ પ્રભાવિત થઈ કારણ કે આખી સિસ્ટમ રિબૂટ કરવામાં આવી છે. ઈન્ડિગોનું સંચાલન 10થી 15 ડિસેમ્બરની વચ્ચે સામાન્ય રીતે ચાલુ થઈ જશે. તમને થઈ રહેલી અસુવિધા માટે હું માફી માંગુ છું.'

સમગ્ર દેશમાં ઈન્ડિગોના ફ્લાઈટ્સ ઓપરેશનમાં સર્જાયેલા સંકટ બાદ સરકાર હરકતમાં આવી છે. DGCAએ એરલાઈન્સ પાયલોટ માટે જાહેર કરેલો વિકલી રેસ્ટ એટલે કે સાપ્તાહિક આરામ અંગેનો પોતાનો અગાઉનો આદેશ તાત્કાલિક અસરથી પાછો ખેંચી લીધો છે.

ત્યારબાદ હવે ઈન્ડિગો વિરૂદ્ધ તપાસના આદેશ આપ્યા છે. DGCAએ ઈન્ડિગો વિરૂદ્ધ તપાસના આદેશ આપ્યા છે. તપાસ કમિટી 15 દિવસમાં DGCAને પોતાનો રિપોર્ટ સોંપશે, જેથી આગળની કાર્યવાહી થઈ શકે. તમામ ખામીઓની તપાસ કરવા માટે ચાર સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. જેમાં DGCAના સીનિયર અધિકારી સામેલ છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડૂએ X પર પોસ્ટ કરીને કહ્યું કે, 'ઈન્ડિગોની ફ્લાઈટ્સમાં મોડું થવું અને કેન્શલ થવાના કારણે થઈ રહેલી મુશ્કેલીઓની એક ઉચ્ચ-સ્તરીય તપાસ પણ શરૂ કરી દેવાઈ છે.

જવાબદારી નક્કી કરાશે અને ભવિષ્યમાં એવી મુશ્કેલીઓને રોકવા માટે મહત્ત્વના પગલા ભરવામાં આવશે. મુસાફરોની સુવિધા અને સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા બની રહેશે.' વધુમાં તેમણે કહ્યું કે, 'સરકાર પરિસ્થિતિને સામાન્ય કરવા માટે તાત્કાલિક અને મોટા પગલાં ભરી રહી છે. ઉચ્ચ-સ્તરિય તપાસ થઈ રહી છે. 3 દિવસમાં પરિસ્થિતિ સામાન્ય થવાની આશા છે. હવે જ્યારે નવા નિર્દેશ લાગુ કરી દેવાયા છે તો ફ્લાઈટ્સનું શેડ્યૂલ કાલથી સ્થિર થવા લાગશે.'

# પાન-મસાલા, સિગારેટ પર લાગશે એક્સ્ટ્રા ટેક્સ

• નવી દિલ્હી

નાણામંત્રીએ સોમવારે લોકસભામાં આ બે મહત્ત્વપૂર્ણ બિલ રજૂ કર્યા હતા. જેમાં 'સ્વાસ્થ્ય સુરક્ષાથી રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર' બિલ સંસદના શિયાળુ સત્ર દરમિયાન લોકસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. જણાવી દઈએ કે, આ બિલ હવે રાજ્યસભામાં પસાર થયા બાદ તે હાલમાં તમાકુ અને પાન મસાલા પર લાગુ થતા 'જીએસટી ક્ષતિપૂર્તિ ઉપકર'નું સ્થાન લેશે, જેની સમયમર્યાદા માર્ચ 2026માં સમાપ્ત થઈ રહી છે. સરકારના અનુસાર, આ નવા ઉપકરનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર આરોગ્ય સંબંધિત ખર્ચાઓ માટે વધારાના સંસાધનો એકત્ર કરવાનો છે.

આ બિલ કાયદો બન્યા પછી, સરકાર સિગારેટ અને પાન મસાલા જેવા ઉત્પાદનો પર વધારાના કર લાગશે. સરકારના અનુસાર, આ વધેલા કરમાંથી એકત્ર થયેલું બજેટ રાષ્ટ્રીય સુરક્ષા માટે ઉપયોગમાં લેવાશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે શુક્રવારે લોકસભામાં આ જાહેરાત કરી.

આ બિલ પસાર થવાથી પાન મસાલા જેવી વસ્તુઓ વધુ મોંઘી થશે. બિલ પર ચર્ચા દરમિયાન સંસદમાં લાંબી ચર્ચા થઈ. બે દિવસની ચર્ચા પછી લોકસભામાં બિલ પસાર કરવામાં આવ્યું. નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, 'કારગિલ યુદ્ધ તૈયારીના અભાવને કારણે થયું હતું. સેનાના જનરલોએ અહેવાલ આપ્યો હતો કે 1990 ના દાયકાની શરૂઆતમાં બજેટની મર્યાદાઓને કારણે સેના પાસે ફક્ત 70-80% અધિકૃત શસ્ત્રો, દારૂગોળો અને સાધનો હતા. અમે નથી ઈચ્છતા કે ભારતમાં તે તબક્કો ક્યારેય પાછો આવે.'તેમણે જણાવ્યું હતું કે, 'આ બિલ જાહેર આરોગ્ય માળખાને મજબૂત બનાવવાનો માર્ગ મોકળો કરે છે.

• કેન્દ્રીય મંત્રીએ કહ્યું- 'ઉચ્ચ-સ્તરીય તપાસ શરૂ'

# ઈન્ડિગો વિરૂદ્ધ તપાસના આદેશ કરાયા, સરકારે બનાવી કમિટી

• નવી દિલ્હી



સમગ્ર દેશમાં ઈન્ડિગોના ફ્લાઈટ્સ ઓપરેશનમાં સર્જાયેલા સંકટ બાદ સરકાર હરકતમાં આવી છે. DGCAએ એરલાઈન્સ પાયલોટ માટે જાહેર કરેલો વિકલી રેસ્ટ એટલે કે સાપ્તાહિક આરામ અંગેનો પોતાનો અગાઉનો આદેશ તાત્કાલિક અસરથી પાછો ખેંચી લીધો છે. ત્યારબાદ હવે ઈન્ડિગો વિરૂદ્ધ તપાસના આદેશ આપ્યા છે.

DGCAએ ઈન્ડિગો વિરૂદ્ધ તપાસના આદેશ આપ્યા છે. તપાસ કમિટી 15 દિવસમાં DGCAને પોતાનો રિપોર્ટ સોંપશે, જેથી આગળની કાર્યવાહી થઈ શકે. તમામ ખામીઓની તપાસ કરવા માટે ચાર સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. જેમાં DGCAના સીનિયર અધિકારી સામેલ છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડૂએ X પર પોસ્ટ કરીને કહ્યું કે, 'ઈન્ડિગોની ફ્લાઈટ્સમાં મોડું થવું અને કેન્શલ થવાના કારણે થઈ રહેલી મુશ્કેલીઓની એક ઉચ્ચ-સ્તરીય તપાસ પણ શરૂ કરી દેવાઈ છે. જવાબદારી નક્કી કરાશે અને ભવિષ્યમાં એવી મુશ્કેલીઓને રોકવા માટે મહત્ત્વના પગલા ભરવામાં આવશે. મુસાફરોની સુવિધા અને સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા બની રહેશે.'વધુમાં તેમણે કહ્યું કે, 'સરકાર પરિસ્થિતિને સામાન્ય કરવા માટે તાત્કાલિક અને મોટા પગલાં ભરી રહી છે. ઉચ્ચ-સ્તરિય તપાસ થઈ રહી છે. 3 દિવસમાં પરિસ્થિતિ સામાન્ય થવાની આશા છે. હવે જ્યારે નવા નિર્દેશ લાગુ કરી દેવાયા છે તો ફ્લાઈટ્સનું શેડ્યૂલ કાલથી સ્થિર થવા લાગશે.'

# પાકિસ્તાનમાં 1817 હિન્દુ મંદિરો -ગુરૂદ્વારાઓમાંથી 37 જ બચ્યા છે

## લઘુમતિ બોર્ડનું અધ્યક્ષ પદ બિન મુસ્લિમને આપો:વાંકવાણી

ઈસ્લામાબાદ : પાકિસ્તાનમાં હિન્દુઓ સહિતના લઘુમતીઓ પર અત્યાચાર વધી રહ્યા છે. કટ્ટરવાદીઓ અને આતંકવાદીઓ તેમના ધાર્મિક સ્થળો મંદિર, ગુરુદ્વારા વગેરેને નિશાન બનાવી રહ્યા છે. જેને પગલે હવે સક્રિય મંદિરો અને લઘુમતીઓના અન્ય ધાર્મિક સ્થળોની સંખ્યા પણ ઘટવા લાગી છે. એક રિપોર્ટ મુજબ પાકિસ્તાનમાં કુલ ૧૮૧૭ હિન્દુ મંદિર અને ગુરુદ્વારા છે તેમાંથી માત્ર ૩૭ જ સક્રિય છે કે જ્યાં ધાર્મિક કાર્યો થાય છે. જ્યારે અન્ય ધાર્મિક સ્થળો ધ્વંસ થવાની સ્થિતિમાં છે.

પાકિસ્તાન પાર્લામેન્ટરી કમિટી ઓન માઈનોરિટી સમક્ષ તાજેતરમાં એક આંચકાજનક અહેવાલ રજૂ થયો છે. તેમાં જણાવ્યું છે કે દેશમાં ૧૯૪૭માં ૧૮૧૭ હિન્દુ મંદિરો અને ગુરૂદ્વારાઓ હતાં. તેમાંથી અત્યારે માત્ર ૩૭ બચ્યા છે. આ સાથે તે અહેવાલમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, દેશમાંથી હિન્દુઓ અને શિખોની સંખ્યા સતત ઘટતી રહી છે. બીજી તરફ તે સમયથી જર્જરિત થઈ ગયેલા મંદિરો કે ગુરૂદ્વારાઓના સમારકામ પ્રત્યે પણ સંપૂર્ણ દુર્લક્ષ સેવે છે. તેથી તત્કાળ બંધારણીય અને કાનુની સુધારા કરવા જરૂરી છે.

આ સમિતિની સેશનના પહેલા જ દિવસે તે સેશન બોલાવનાર સેનેટર દાનેશ કુમારે કહ્યું હતું કે આ સમિતિએ ખરા અર્થમાં તે મંદિરો અને ગુરૂદ્વારાઓના રક્ષણ માટે પગલા લેવા જોઈએ. પાકિસ્તાનમાં લઘુમતિઓના સંવૈધાનિક અધિકારો પણ છીનવાઈ રહ્યા છે. તેઓને બંધારણીય રીતે જે ન્યાય મેળવવાનો અને સમાનતાનો અધિકાર છે જ. જયારે લઘુમતિઓ સમિતિના સભ્ય ડો. રમેશ કુમાર વાંકવાણીએ ઈવેક્યુઇ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ (ઈટીપીબી)ની નિષ્ફળતાઓ દર્શાવતાં કહ્યું હતું કે મંદિરો અને ગુરુદ્વારાઓનાં સમારકામ તથા તેની સારી વ્યવસ્થા અનિવાર્ય છે. પરંતુ તેનું અધ્યક્ષપદ કોઈ બિન મુસ્લિમને આપવું જોઈએ. મોટાભાગના આ ધાર્મિક સ્થળોને ભાગલા બાદથી જ ખંડેર સ્થિતિમાં છોડી દેવાયા હતા.

AAP સાંસદે કહ્યું- જીવ જોખમમાં મૂકે છે ગિગ વર્કર્સ

# 10 મિનિટ ડિલિવરી મોડલ સમાપ્ત કરવા માગણી કરાઈ

• નવી દિલ્હી

શુક્રવારે આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢાએ રાજ્યસભાના શૂન્ય કાળમાં ગિગ વર્કર્સની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે સરકારને માંગ કરી છે કે ડિલિવરી બોય્ઝની સુરક્ષા માટે સરકારે પગલાં લેવા જોઈએ તથા કંપનીઓ દ્વારા થોપવામાં આવી રહેલા 10 મિનિટ ડિલિવરી મોડલ સમાપ્ત કરવો જોઈએ.

તેમણે કહ્યું કે, કે જ્યારે પણ આપણે ફોન પર બટન દબાવીએ અને તેમાં મેસેજ આવે કે તમારો ઓર્ડર રસ્તામાં છે. ત્યારે કોઈ વ્યક્તિ ઓર્ડર સમય પર પહોંચાડવા માટે રેડ સિગ્નલ તોડે છે અને તેજ રફતારમાં બાઈક ચલાવે છે. માત્ર એક મિનિટ વિલંબ થવા પર તેના રેટિંગ્સ ઓછા થઈ જાય છે અને ઈન્સેન્ટીવ કપાઈ જાય છે. 10 મિનિટ



ડિલિવરી મોડલના કારણે રાઈડર્સ દરરોજ ટ્રાફિકના નિયમો તોડી રહ્યા છે. કારણ કે જો તેવું નહીં કરે તો તેમને ખરાબ રેટિંગ અપાશે અને ગ્રાહકો ફરિયાદ કરશે. આ વર્કર્સ 12થી 14 કલાક ગરમી,ઠંડી, પ્રદૂષણ અને વરસાદમાં કોઈ પણ સુરક્ષા સાધનો વિના કામ કરે છે. નોકરીમાં વીમો કે ભવિષ્યની ગેરંટી ન હોવાના કારણે તેઓ મજબૂર છે.

# જામનગરમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર જૂતું ફેંકાયુ

## રાજકીય જોડાણના માહોલમાં અચાનક વિવાદ

• જામનગર

જામનગરના ટાઉનહોલમાં આજે(5 ડિસેમ્બર) આમ આદમી પાર્ટી દ્વારા જાહેર સભાનું આયોજન કરાયું હતું. જેમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ ગોપાલ ઈટાલિયાની આ સભામાં હંગામો થયો હતો. જ્યારે ગોપાલ ઈટાલિયાના વક્તવ્ય સમયે કોઈ વ્યક્તિ દ્વારા તેમના(ગોપાલ ઈટાલિયા) પર હુમલાનો પ્રયાસ કરાયો હતો. અચાનક કોઈ વ્યક્તિએ આગળ આવીને ગોપાલ ઈટાલિયા પર જૂતું ફેંક્યું હતું. જૂતું ફેંકવાની ઘટના બનતા જ ભારે દોડધામ મચી હતી. સ્ટેજ ઉપર બેઠેલા અન્ય અગ્રણીઓ તથા કેટલાક 'આપ'ના કાર્યકરોએ હુમલાખોરની ધોલાઈ કરી હતી. ત્યારબાદ જૂતું ફેંકનારની પોલીસે અટકાયત કરી હતી.ગોપાલ ઈટાલિયાના કાર્યક્રમમાં બનેલી ઘટના બાદ તાબડતોબ હુમલાખોર પર એક મહિલા અને એક યુવાન તૂટી પડ્યા હતા. આ ઘટનાએ સમગ્ર કાર્યક્રમમાં ખળભળાટ મચાવી દીધો હતો. હુમલાખોર પર આક્રમક રીતે પડકાર કરનાર સફેદ કપડાંમાં જોવા મળેલાં મહિલા કોંગ્રેસના કોર્પોરેટર અને વકીલ જેનબબેન ખફી છે. મહિલા સાથે અન્ય એક યુવાન જે હુમલાખોર સામે લડી રહ્યો હતો, તે અપક્ષ કોર્પોરેટર અસલમ ખિલજી છે, જે અગાઉ કોંગ્રેસમાં હતા.સમગ્ર કાર્યક્રમ જેનબબેન ખફી અને અસલમ ખિલજીના આમ આદમી પાર્ટી (AAP) માં જોડાવાના મુદ્દે જ આયોજિત કરવામાં આવ્યો હતો, અને આ જોડાણ પ્રક્રિયા દરમિયાન જ ગોપાલ ઈટાલિયા પર જૂતું ફેંકવાની ઘટના બની હતી.આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે, કોંગ્રેસના બે નેતાઓ (જેમાં એક અપક્ષ પણ છે) AAPમાં જોડાવાના મહત્ત્વપૂર્ણ કાર્યક્રમમાં જ આ પ્રકારનો હુમલો થતાં, રાજકીય વાતાવરણ વધુ ગરમાયું છે.ગોપાલ ઈટાલિયા પર જૂતું ફેંકવાની ઘટનાને તેમની પાર્ટીના AAP નેતા મનોજ સોરઠીયાએ નિંદનીય ગણાવી છે. તેમણે આ હુમલાનો આરોપ ભાજપ પર લગાવ્યો છે. તેમણે કહ્યું કે, ખેડૂતો, યુવાનો મહિલાઓ મુદ્દે હંમેશા અવાજ ઉઠાવનાર ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાનો અવાજ દબાવવા માટે ભાજપે તેમના પર કર્યો હુમલો કર્યો છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ચિંચલી એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ શાળાના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભની રમતોમાં ઝળક્યાં

### કુસ્તીમાં ૧૦ ગોલ્ડ ૫ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો

• આહવા ડાંગ

રાજ્ય સહિત ડાંગ જિલ્લામાં પણ યોજાઈ રહેલ ખેલ મહાકુંભની વિવિધ રમતોમાં ચિંચલી એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ શાળાના વિદ્યાર્થીઓ ઝળક્યાં છે. આ શાળાના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભના જિલ્લા કક્ષાએ યોજાયેલ કબડ્ડી અંડર ૧૭ ભાઈઓમાં પ્રથમ નંબર, કબડ્ડી અંડર ૧૪ બહેનો પ્રથમ નંબર, કબડ્ડી ઓપન બહેનો પ્રથમ નંબર, અને ખો ખો બહેનો દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. તેમજ કુસ્તીમાં ૧૦ ગોલ્ડ ૫ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. જૂડોમાં ૩ ગોલ્ડ ૪ સિલ્વર ૩ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે.



શાળાના ખેલાડીઓની આ સિધ્ધિ તેમજ રમતમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ પ્રાયોજના વહીવટદાર શ્રી આંનદ પાટીલ, શાળા આચાર્યશ્રી, શિક્ષકશ્રીઓ તેમજ ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યાં હતાં.

## વાગરાનાં ખંડાલી અને આસપાસના ગામોમાં ઉમ્મીદ પોર્ટલનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ

• સૈફ અલી ભટ્ટી વાગરા

વાગરા તાલુકાની વસ્તી ખંડાલી ગામની મસ્જિદે ફલા અને જુમ્મા મસ્જિદના સભ્યો, તેમજ ટંકારી બંદરના વ્યક્તિઓના સહયોગથી વસ્તી ખંડાલી અને આસપાસના ગ્રામજનો માટે ઉમ્મીદ પોર્ટલ સંબંધિત અગત્યનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સમગ્ર કાર્યક્રમમાં સૈફ અલી ભટ્ટી અને તેમના સાથીઓ, કાળી ઈલ્યાસ આસવડી સાહબ, અને માસ્ટર જાબીર ટંકારી બંદર વાળાની સેવાઓ અત્યંત પ્રશંસનીય રહી છે. આ કાર્યની સફળતા બદલ બાળકોના ઘર-પરિવાર અને સમગ્ર સમુદાયે આ તમામ વ્યક્તિઓનો અને સંસ્થાઓનો ખૂબ ખૂબ આભાર માન્યો છે. વક્તાએ જણાવ્યું કે, ઉમ્મીદ પોર્ટલ પર નોંધણીનું જે કામ હતું. તે આ તમામ સભ્યોએ ખૂબ ખંત અને ઉત્સાહથી કરી આપ્યું છે. ખાસ વાત એ છે કે આ સેવા નિઃશુલ્ક આપવામાં આવી હતી. વક્તાએ ભારપૂર્વક જણાવ્યું કે, આ કામ વગર મહેનતાણે નિઃસ્વાર્થ ભાવે અને સંપૂર્ણ ઈખલાસ સાથે કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન હાજર રહેલા તમામ લોકોને હસતા મોંએ આવકાર આપવામાં આવ્યો હતો, અને તેમના માટે બેસવાની સગવડ તેમજ ચા-પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. મસ્જિદે ફલા વસ્તી ખંડાલી અને જુમ્મા મસ્જિદ વસ્તી ખંડાલીના તમામ સભ્યોએ પણ આ કાર્યમાં સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. તેમજ બચ્ચો કા ઘર અમોદના સ્ટાફે પણ સૌને સારો આવકાર આપીને ઉત્તમ સેવા-ચાકરી કરી હતી. અંતે, વક્તાએ અલ્લાહ તાલા પાસે દુઆ કરી કે તે આ તમામ સેવાભાવી લોકોને ખેર જઝા અતા ફરમાવે અને તેમની ઉંમરોમાં બરકત આપે.

**દોડધામ** બે છોકરીઓ સાતમા અને ત્રણ છોકરીઓ આઠ ધોરણમાં ભણે છે

# ગાંધીનગરની હોસ્ટેલમાં રહેતી 5 સગીર વિદ્યાર્થિની દીવાલ કૂદી નાસી છૂટી

### પોલીસે મધરાત્રે જ પાંચેયને અમદાવાદથી શોધી કાઢી

• અમદાવાદ

ગાંધીનગરના અડાલજ બાલાપીર સર્કલ નજીક આવેલી માણેકબા સ્કૂલમાં ધોરણ 7 અને 8માં અભ્યાસ કરતી અને કેમ્પસમાં આવેલી પરીક્ષિત લાલ હોસ્ટેલમાં રહેતી આઠ વિદ્યાર્થિનીઓએ ગતરાત્રિએ હોસ્ટેલની દીવાલ કૂદીને નાસવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, પાંચ વિદ્યાર્થિનીઓ દીવાલ કૂદવામાં સફળ રહી હતી જ્યારે ત્રણ કૂદી શકી ન હતી. પાંચ વિદ્યાર્થિનીઓ રાત્રિના 1 વાગ્યાના અરસામાં નાસી છૂટતા હોસ્ટેલ સંચાલકોમાં દોડધામ મચી હતી. સંચાલકો દ્વારા તાત્કાલીક દીકરીઓના પરિવારજનો અને પોલીસને જાણ કરી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા પાંચેય દીકરીઓ અમદાવાદથી મળી આવી હતી. સદનસીબે સગીરાઓ સાથે રાત્રિના સમયે કોઈ અણબનાવ ન બનતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો. પોલીસનું માનીએ તો, વિદ્યાર્થિનીઓએ ભણતરના ભારથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. માહિતી અનુસાર આઠ જેટલી વિદ્યાર્થિનીઓએ હોસ્ટેલમાંથી ભાગી છૂટવા માટે મધરાત્રે 1 વાગ્યાની આસપાસનો સમય પસંદ કર્યો હતો. મોકો મળતાં જ એક પછી એક છોકરીઓ હોસ્ટેલની ઊંચી દીવાલ ઉપર ચડીને બહાર નીકળી ગઈ હતી. જોકે આઠ પૈકી ત્રણ છોકરીઓ ઊંચી દીવાલ કૂદી શકી ન હોવાથી હોસ્ટેલની અંદર જ રહી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ સ્કૂલ અને હોસ્ટેલ પ્રશાસન હરકતમાં આવ્યું હતું અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. આ ઘટનાની જાણ થતાં જ અડાલજ પોલીસ સ્ટેશન, લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઑપરેશન ગ્રુપની ટીમો તુરંત જ એક્ટિવ થઈ ગઈ હતી. પોલીસને મળેલી પ્રાથમિક માહિતીના આધારે પાંચ છોકરીઓ તેમના વતન બાવળા તરફ ગઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. આ માહિતીના આધારે પોલીસે તાત્કાલિક તપાસનો દોર શરૂ કર્યો હતો. પોલીસની જુદી જુદી ટીમોએ સતત તપાસ અને કો-ઓર્ડિનેશનના આધારે માત્ર ગણતરીના કલાકોમાં જ પાંચ જેટલી છોકરીઓને શોધી કાઢી હતી. જેનાથી પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલમાં આ છોકરીઓને પરત લાવીને નિવેદન નોંધવાની તજવીજ શરૂ કરાઈ છે. આ બનાવની જાણ થતાં જ પાંચેય છોકરીઓના પરિવારજનો અડાલજ પોલીસ સ્ટેશન આવી પહોંચ્યા છે. આ અંગે અડાલજ પોલીસ ઈન્સ્પેક્ટર એલ. ડી. ઓડેદરાએ જણાવ્યું હતું કે, માણેક બા સ્કૂલમાં ભણતી અને સ્કૂલ કેમ્પસમાં આવેલ પરીક્ષિત હોસ્ટેલમાં 80 જેટલી છોકરીઓ રહે છે. હોસ્ટેલમાંથી ભાગનાર આ છોકરીઓ ભણતરના ભારને લીધે ભાગી ગઈ હોવાનું સામે આવ્યું છે . આ તમામ છોકરીઓ ધોરણ 7 થી 8 માં ભણે છે. છોકરીઓને પરત લાવી તેમના વિગતવાર નિવેદનો નોંધવામાં આવી રહ્યાં છે. જેના પછી જ આ બનાવ પાછળનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. ઉલ્લેખનીય છે કે, હોસ્ટેલની દીવાલ કુદવા માટે આઠ છોકરીઓએ પ્રયાસ કર્યો હતો પરંતુ ત્રણ છોકરીઓ કોઈ કારણસર દીવાલ કૂદી શકી ન હતી. જે ત્રણ છોકરીઓ દીવાલ કૂદવામાં નિષ્ફળ રહી હતી તેમણે રૂમમાં જઈને કપડાં બદલીને ત્યારબાદ સમગ્ર ઘટનાની જાણ ગૃહ માતાને કરી હતી. જેના પગલે હોસ્ટેલ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. મોડી રાતે જ હોસ્ટેલ તંત્ર દ્વારા પાંચેય છોકરીઓના પરિવારજનોને જાણ કરી દેવામાં આવી હતી. હોસ્ટેલ દીવાલ કુદયા પછી પાંચેય છોકરીઓ ચાલતી ચાલતી કેનાલ તરફ ગઈ હતી. જ્યાંથી રિક્ષામાં ઈસ્કોન સર્કલ પહોંચી હતી. જ્યાંથી વાહનમાં બેસી પાંચ પૈકી એક છોકરીના બાવળા ખાતેના ઘરે જતી રહી હતી. બે છોકરીઓ સાતમા અને ત્રણ છોકરીઓ આઠ ધોરણમાં ભણે છે.




### હરિ પ્રબોધમ ધામ બાકરોલથી સંતો ઉપસ્થિત રહ્યાં હતાં

# આંકોલવાડી ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંજૂલાબહેન મૂછારના અધ્યક્ષસ્થાને ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન ખૂલ્લું મૂકાયું

**જ્ઞાનનું સાગર** તપોવન વિદ્યાસંકુલ ખાતે ૬૦ જેટલી વિવિધ કૃતિઓએ આકર્ષણ જમાવ્યું

• દિપક જોષી ગીર સોમનાથ પ્રાચી

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંજૂલાબહેન મુછારના અધ્યક્ષસ્થાને આંકોલવાડી ખાતે શ્રી તપોવન વિધાસંકુલ મુકામે જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત ડાયેટ દ્વારા ૧૧મું ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન ખુલ્લું મુકાયું હતું. જિલ્લાના વેરાવળ, તાલાલા સહિત ૬ તાલુકામાંથી બીઆરસી કક્ષાએ તેમજ એસ.વી.એસ કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવેલ માધ્યમિક વિભાગની પાંચ અને પ્રાથિમક વિભાગની પાંચ આમ કુલ ૬૦ કૃતિઓ અને ૧૨૦ બાળકો તેમજ ૬૦ માર્ગદર્શક શિક્ષકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં. શુક્ર અને શનિવારે તાલુકાની શાળાઓમાંથી વિધાર્થીઓ પ્રદર્શન નિહાળવા માટે આવશે. તેમજ નિર્ણાયકો દ્વારા કૃતિઓ નિહાળી પ્રથમ ક્રમાંકે આવનાર પ્રાથમિકમાંથી પાંચ અને માધ્યમિકમાંથી પાંચ કૃતિઓ ઝોન કક્ષાએ પ્રદર્શનમાં ભાગ લેશે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન બીઆરપી રમેશ વાળા દ્વારા કરવામાં આવ્યું હતું. બાળ પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી એમ.પી. બોરીચા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.એચ.પટેલ, ડાયેટ પ્રાચાર્યશ્રી અને ગુજરાત રાજ્ય તાલીમ ભવન અધ્યાપક મંડળના પ્રમુખ શ્રી વી.એમ. પંપાણીયા, જૂનાગઢ ડાયેટ પ્રાચાર્યશ્રી આશાબેન રાજ્યગુરુ, જૂનાગઢ ડાયેટ સી. લેક્ચરર ભરતભાઈ મેસિયા, એ.સી. વ્યાસ, તપોવન વિધા સંકુલ ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ પાનેલિયા, પ્રિન્સીપાલશ્રી, જિલ્લાના તમામ બીઆરસીશ્રી ટીપીઓશ્રી તેમજ ડાયેટ સ્ટાફ અને હરિ પ્રબોધમ ધામ બાકરોલથી સંતો ઉપસ્થિત રહ્યાં હતાં.



# પેરા રેન્કિંગ ટીટી ચેમ્પિયનશિપના વિજેતાઓને સન્માનિત કરાયા

### ગુજરાતના સોનલ પટેલ અને વિકાસ ઠાકુરે ગોલ્ડ મેડલ જીત્યા




• વડોદરા

શહેરના સમા સ્પોર્ટસ કોમ્પ્લેક્સ ખાતે આયોજિત પેરા રેન્કિંગ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનું સમાપન થતા ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો.

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન અને ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ટીટીએફઆઈ)ના નેજા હેઠળ ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા (ટીટીએબી)દ્વારા સમા સ્પોર્ટસ કોમ્પ્લેક્સ ખાતે આયોજિત યુટીટી બીજી પેરા રેન્કિંગ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનો આજેસમાપન સમારોહ યોજાયો હતો. જેમાં વિજેતા ખેલાડીઓને રોકડ રકમ, મેડલ, ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતાં. આ સ્પર્ધામાં ૧૮ રાજ્યોમાંથી ૨૨૫ ટોચના પેરા ખેલાડીઓએ ભાગ લીધો હતો. મેન્સ - વિમેન્સ સિંગલ્સ ૧ થી ૧૦ શ્રેણીમાં થઈ કુલ ૧૮ ઈવેન્ટ્સ રમાઈ હતી. ૧ થી ૫ શ્રેણીમાં વ્હીલચેર અને ૬ થી ૧૦ માં સ્ટેન્ડિંગ ખેલાડીઓ હતા. ચેમ્પિયનશિપ બે તબક્કામાં રમાઈ રહી હતી એટલે કે સ્ટેજ-૧ માં ખેલાડીઓના ૩ - ૪ ગ્રુપ બનાવી રાઉન્ડ રોબિન લીગ મેચ રમાઈ હતી. સ્ટેજ-૨ માં સ્ટેજ-૧ ના દરેક ગ્રુપના ટોચના બે વિજેતાઓએ નોકઆઉટ માટે આગળ વધી ટાઈટલ માટે સ્પર્ધા કરી હતી.

# નેત્રંગના ટિમરોલીયાની સીમમાંથી ૨.૫૮ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

### બલદવા ડેમ પાછળના રસ્તા પર ઝાડીઓમાં સંતાડેલી ૮૧૫ નંગ બોટલ કબજે; મુખ્ય બુટલેગર દયારામ વસાવા વોન્ટેડ

• ભરૂચ

ભરૂચ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ નેત્રંગ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં દરોડો પાડીને ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

LCBની ટીમ નેત્રંગ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે તેમને બાતમી મળી હતી. બાતમીના આ ધારે ટીમે ટિમરોલીયા ગામથી બલદવા ડે મના પાછળના ભાગ તરફ જતા રસ્તા પર જઈને તપાસ કરી. ત્યાં ઝાડી ઝાંખરામાં સં તાડેલો દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની ના ની-મોટી બોટલો તેમજ બિયર ટીન સહિત કુલ ૮૧૫ નંગ દારૂ કબજે કર્યો હતો. આ જથ્થાની કિં મત ૨,૫૮,૪૩૫/- આંકવામાં આવી છે.

આ દરોડામાં દારૂનો જથ્થો સંતાડનાર આરોપી દયારામ રતિલાલ વસાવા (રહે. ટિ મ રોલીયા, તા. નેત્રંગ) સ્થળ પર હાજર ન મળ તા તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.



આ અંગે નેત્રંગ પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા અને દારૂના સ્ત્રોત અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## 'તેરા તુજકો અર્પણ' ને ઝડપી સાર્થક કરી નેત્રમ શાખા ના સ્ટાફે રીક્ષામાં ભૂલાયેલ ૧૫,૦૦૦/- કિંમતનું હાર્મોનિયમ મેળવી આપ્યું

• વિરમભાઈ કે. આગઠ

આજ રોજ ક. ૧૬:૦૦ વાગ્યાની આસપાસ અરજદાર વિજ્યાબેન તેમના પુત્ર સાથે રામબા કોલેજ પાસેથી કમલાબાગ સર્કલ થી પોરબંદર જવા માટે એક ઓટો રીક્ષામાં સવાર થયા હતા. એ દરમ્યાન તેની પાસે રાણાવાવ સરકારીહાઈસ્કુલ નું મુસાફરી દરમ્યાન અરજદાર પાસે રહેલ આશરે કિ.રૂ. ૧૫,૦૦૦/- કિંમતનું હાર્મોનિયમ રીક્ષામાં ભૂલાઈ ગયું હતું. અરજદાર દ્વારા નેત્રમ શાખામાં રૂબરૂ રજૂઆત કરતા તાત્કાલિક નેત્રમ ઈન્ચાર્જ સાહેબે સ્ટાફને સીસીટીવી દ્વારા શોધખોળ કરવા સૂચના આપી. સૂચના અન્વયે તુરંતજ નેત્રમ સ્ટાફ કાર્યરત થઈ અજુઆત મુજબ રીક્ષાએ પસાર થયેલા રૂટના VISWAS PROJECT ના સી.સી. ટી.વી.ફુટેજ ચેક કરવામાં આવ્યા જેમાં રીક્ષાનું રજીસ્ટ્રેશન નંબર - GJ04 AU 2128 હોવાનું ખુલ્યું. ત્યારબાદ નેત્રમ શાખાના સ્ટાફ દ્વારા રીક્ષા ચાલકનો સંપર્ક કરી અરજદારનો ગુમ થયેલ વસ્તુ હાર્મોનિયમ સુરક્ષિત રીતે મેળવવામાં આવ્યો અને અરજદાર તથા રીક્ષા ચાલક રાજુભાઈ રાળાને રૂબરૂ બોલાવી ' તેરા તુજકો અર્પણ ' અંતર્ગત ઈમાનદારી પૂર્વક મૂળ માલિકને હાર્મોનિયમ પરત કરાવવામાં આવ્યું. આ માનવતાભર્યા કાર્ય બદલ અરજદાર વિજ્યાબેન દ્વારા નેત્રમ શાખાના સમગ્ર સ્ટાફ તથા રીક્ષા ચાલક રાજુભાઈ રાળાનો હર્ષભેર આભાર વ્યક્ત કરવામાં આવ્યો. પોરબંદર શહેરમાં વિશ્વાસ પ્રોજેક્ટ દ્વારા નાગરિકોના ખોવાયેલા સામાનની ઝડપી શોધખોળ અને સુરક્ષિત વાપસી માટે સતત સેવાભાવી કામગીરી કરવામાં આવી રહી છે. તે ને આમજનતા હર્ષ સાથે વધાવી અભિનંદન પાઠવી રહી છે

### પોલીસે સકંજો કસતા બૂટલેગરોમાં ફફડાટ મચ્યો

# બોખીરાના ગેરકાયદેસર દારૂની પ્રવૃતિ કરનાર ઈસમ અમદાવાદ જેલમાં પાસાના પીંજરે



• વિરમભાઈ કે.આગઠ, પોરબંદર

જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા થયેલ હુકમ અન્વયે આરોપીની એલ.સી. બી.એ અટકાયત કરી અમદાવાદ જેલ ખાતે ધકેલી દીધો.

પોરબંદર એલ.સી.બી.એ પોરબંદર જિલ્લા મેજિસ્ટ્રેટ ના પાસાં ના હુકમ અન્વયે પોરબંદર ના પરા એવા બોખીરા માં દારૂ ની ગેર કાયદેસર પ્રવૃતિ કરનાર ઈસમને અમદાવાદ જેલ ખાતે પાસાના પીંજરે ધકેલી દીધો છે જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા સાહેબ તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા નાઓ દ્વારા પોરબંદર જીલ્લામાંથી ગેરકાયદેસર દારૂના જથ્થામાં પકડાયેલ ઈસમ વિરૂધ્ધમાં પાસા હેઠળના અટકાયતી પગલા લેવા સુચના કરેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુ સાહેબ ગ્રામ્ય વિભાગનાઓ ના માર્ગદર્શન હેઠળ ઉદ્યોગનગર પો.સ્ટે.ગુ.ર.નં.પાર્ટસી-૧૧૨૧૮૦ ૧૦૨૫૦૩૯૨/૨૦૨૫ પ્રોહી એકટ કલમ-૬૬(૧)બી, ૬૫(એ)(ઈ), ૧૧૬બી, ૯૮(૨), ૮૧, ૮૩ મુજબ મુજબના ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપી દેવા જેઠાભાઈકોડીયાતર, ઉ.વ. ૨૬, રહે.બોખીરા, રબારીકેડા, તા.જી. પોરબંદરવાળા વિરૂધ્ધમાં પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ ની સુચના મુજબ પો.ઈન્સ. ડી.જી.ગોહીલ, ઉદ્યોગ નગર પો.સ્ટે. પોરબંદરનાઓ એ પાસા દરખાસ્ત તૈયાર કરી પોરબંદર જીલ્લા મેજીસ્ટ્રેટ તરફ મોકલતા પોરબંદર જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા આ સામાવાળાને પાસા હેઠળ અમદાવાદ જેલમાં અટકાયતમાં રહેવા પાસા વોરન્ટ ઈસ્યુ કરતા પોરબંદર એલ .સી. બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયાએ સામાવાળાને પાસા વોરંટની બજવણી કરી અમદાવાદ જેલ ખાતે મોકલી આપેલ છે. આ કામગીરીકરનાર અધિકારી/કર્મચારીઓમા ઉદ્યોગનગર પો. સ્ટે. પોરબંદરના પો.ઈન્સ.ડી.જી. ગોહિલ તથા પોરબંદર એલસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર. કે. કાંબરીયા તથા એ.એસ. આઈ ઉદયભાઈ વર, રૂપલબેન લખધીર, તથા હેડ કોસ્ટેબલ વિપુલભાઈ ઝાલા, વિરેન્દ્રસિંહ પરમાર, ઉદ્યોગનગર પો.સ્ટે. હેડ કોસ્ટેબલ મયુરભાઈ જોષી, વિપુલભાઈ ધુધલ તથા પોલીસ કોસ્ટેબલ વિજયભાઈ મેધજીભાઈનાઓ રોકાયેલ હતા.

# ભરૂચ LCB એ ૧.૬૮ લાખના દારૂ સાથે એક આરોપીને વોન્ટેડ જાહેર કર્યો

### પ્રતિબંધિત ભારતીય બનાવટના વિદેશી દારૂની ૫૭૫ બોટલો જપ્ત



• ભરૂચ

ભરૂચ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાર્યવાહી કરીને ખેતરની અવાવરું જગ્યામાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ભરૂચ LCB ની ટીમને બાતમી મળી હતી કે સજોદ ગામનો રહેવાસી પ્રગ્નેશભાઇ નરેશભાઇ પટેલ નામના ઈસમે સજોદથી કાનવા જતા રોડની બાજુમાં આવેલા એક ખેતરની અવાવરું જગ્યામાં પ્રતિબંધિત ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડેલો છે. બાતમીના આધારે LCB ટીમે ખેતરમાં તપાસ કરતા વગર પાસ-પરમિટનો ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૫૭૫ બોટલો મળી આવી હતી, જેની કિંમત ૧,૬૮,૯૭૫/- થાય છે. પોલીસે દારૂનો જથ્થો સંતાડનાર આરોપી પ્રગ્નેશભાઇ નરેશભાઇ પટેલ (રહે. સજોદ, તા. અંકલેશ્વર) ને વોન્ટેડ જાહેર કર્યો છે. આ અંગે અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન એક્ટની સંલગ્ન કલમો મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે. LCB દ્વારા વોન્ટેડ આરોપીને પકડવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# બાંગ્લાદેશી યુવતીઓને દેહવિક્રયના કારોબારમાં ધકેલવામાં આવતી હોવાની શંકા

અમદાવાદ : અમદાવાદમાં ગેસ્ટ હાઉસ અને મસાજ સેન્ટરની આડમાં ચાલતા દેહવિક્રયના કારોબાર બેરોકટોક રીતે ચાલી રહ્યા છે. ત્યારે હવે તો હદ ત્યાં થઈ છે કે નારોલ સ્થિત એક ગેસ્ટ હાઉસમાં ગ્રાહકોની વીઆઈપી અને સાદા ગ્રાહકની કેટેગરી શરૂ કરવામાં આવી છે. જેમાં બાંગ્લાદેશી યુવતીઓને સાત થી વધુ એજન્ટો દ્વારા ગેસ્ટ હાઉસમાં લાવવામાં આવે છે અને જેથી નાની ઉંમરની યુવતીઓને વીઆઈપી કેટેગરીના ગ્રાહકો માટે અને 35થી વધુ ઉંમરની મહિલા કે સુદર ન હોય તેને સાદી કેટેગરીના ગ્રાહકો માટે રાખવામાં આવે છે. વીઆઈપી કેટેગરીમાં ગ્રાહક પાસેથી 2500થી માંડીના પાંચ હજાર સુધીની રકમ નક્કી કરવાની અને સાદી કેટેગરીમાં 1500 સુધીની રકમ પ્રતિ ગ્રાહક વસુલવામાં આવે છે. હોટલ ધ ગ્રાંડમાં સવારથી નક્કી કરેલા એજન્ટો યુવતીઓને ચોક્કસ સમયે મુકવા આવે અને સાંજે સાત થી આઠ વાગતા યુવતીઓને લઈ જતા હોય છે. આ એજન્ટોમાં એક મહિલા એજન્ટ પણ છે.

**લક્ષ્ય** વંચિત પરિવારોને સેવા અને સહાય જેવા કાર્યક્રમો સતત ચલાવવામાં આવશે

# હિન્દુ જાગૃતિ માટે એક લાખ હનુમાન ચાલીસા કેન્દ્રો સ્થાપિત કરવાનું લક્ષ્ય છે : પ્રવીણ તોગડિયા

### હિન્દુ સમાજના યુવાનોને રાષ્ટ્રની રક્ષા માટે ઢાલ બનીને ઉભા રહેવા અપીલ કરી હતી

• વ્યાવર

પ્રવીણ તોગડિયાએ જણાવ્યું હતું કે હિન્દુ જાગૃતિ માટે એક લાખ હનુમાન ચાલીસા કેન્દ્રો સ્થાપિત કરવાનું લક્ષ્ય છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક ડૉ. પ્રવીણ તોગડિયાના બ્યાવરમાં આગમન પર, શ્રી રામ ભક્ત સેવાએ હાઈવે પર ઢોલના તાલ સાથે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. સેંકડો યુવાનો ભારત માતા કી જય, જય શ્રી રામના નારા સાથે સ્થળ પર પહોંચ્યા, જ્યાં તેમનું ફૂલોની વર્ષા અને ફટાકડા ફોડી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. વિભાગના ઉપપ્રમુખ મુકેશ સોની, રાજ્ય ઉપપ્રમુખ હેમંત કુમાવત, કપિલ જલવાલ, મહાવીર, બંટી ભાઈએ તેમનું પાઘડી, માળા અને તલવાર આપીને સ્વાગત કર્યું. શહેરના વેપારી સમુદાય, ઉદ્યોગપતિઓ અને મહિલા સંગઠનોએ પણ તોગડિયાનું સ્વાગત કર્યું તેમને હાર પહેરાવીને સન્માન કર્યું. પ્રવીણ ભાઈ તોગડિયાએ પ્રબુદ્ધ નાગરિકો અને હિન્દુ પરિષદને સંબોધન કર્યું. સભાને સંબોધતા તેમણે કહ્યું કે રામ મંદિરના નિર્માણથી હિન્દુ સમુદાયની 400 વર્ષ જૂની ભાવનાત્મક રાહ પૂર્ણ થઈ છે અને તે સમગ્ર રાષ્ટ્ર માટે ગર્વની વાત છે. લાખો લોકોની શ્રદ્ધાને સંતોષતા શ્રી રામ મંદિર પર ભગવાનનો ધ્વજ




ફરકાવવામાં આવ્યો છે. ડૉ. તોગડિયાએ કહ્યું કે વર્ષોથી લોકોએ મંદિરના નિર્માણ માટે સંઘર્ષ કર્યો. અમે આંદોલનો કર્યા અને સેવા કાર્ય કર્યું, હવે તે ઐતિહાસિક ક્ષણ સાકાર થઈ છે. તેમણે કહ્યું, 'વ્યક્તિગત રીતે, મને વધુ ખુશી છે કે હિન્દુ સમાજ તેના અધિકારો અને માન્યતાઓ પ્રત્યે જાગૃત થયો છે.' આ ક્રમમાં, ડૉ. તોગડિયાએ હિન્દુ સમાજને મજબૂત, સંગઠિત અને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પ સાથે જાહેરાત કરી કે દેશભરના એક લાખ ગામડાઓમાં 'હનુમાન ચાલીસા કેન્દ્રો' સ્થાપિત કરવામાં આવશે. આ કેન્દ્રો દરરોજ હનુમાન ચાલીસાના પાઠ, ધાર્મિક અભ્યાસ અને સમાજ સેવા પ્રવૃત્તિઓ ચલાવશે. તેઓ લોકોમાં આત્મવિશ્વાસ, એકતા અને રાષ્ટ્રવાદને પણ પ્રોત્સાહન આપશે. તેમણે સમજાવ્યું કે આ હનુમાન ચાલીસા કેન્દ્રો દ્વારા, હિન્દુ યુવાનો માટે પ્રેરણા અને ચારિત્ર્ય વિકાસ, મહિલાઓ માટે સલામતી અને જાગૃતિ, અને વંચિત પરિવારોને સેવા અને સહાય જેવા કાર્યક્રમો સતત ચલાવવામાં આવશે. આ કેન્દ્રો મંગળવાર અથવા શનિવારના વાંચન કાર્યક્રમોથી શરૂ થઈ રહ્યા છે. ભવિષ્યમાં, આ કેન્દ્રો આરોગ્ય શિબિરો, રક્તદાન શિબિરો, સાંસ્કૃતિક વર્ગો, યુવા રોજગાર માર્ગદર્શન અને સામાજિક સહાય કાર્યક્રમોનું પણ આયોજન કરશે. કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ચંદ્રસિંહ જૈન અને પ્રદેશ પ્રમુખ ઓમ પ્રજાપતિએ હિન્દુ સમાજના યુવાનોને રાષ્ટ્રની રક્ષા માટે ઢાલ બનીને ઉભા રહેવા અપીલ કરી હતી યોગેશ પાલીવાલ (નાથદ્વારા) એ કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી અને કપિલ જલવાલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં મમતા ગુપ્તા, સાવિત્રી દેવડા, ઈન્દિરા સોની, શશિ શર્મા, પ્રિયંકા જૈન, નિશા કુમાવત, કપિલ જલવાલ, કંવરલાલ કુમાવત, બિટ્ટુ ભાઈ, અનિલ સાહુ, અન્ના ભાઈ, જય કિશન સાહુ, જેકી સાહુ અને કમલ ભાઈ રવિભાઈ મહેન્દ્ર પવાર, પ્રદીપભાઈ શર્મા, ચાંદમલ, બંટી કુમાવત, મહેન્દ્ર સોની, અનિલ સાહુ, રાજુ વૈષ્ણવ, આનંદ સોની, બોની બાંબાણી, મહેન્દ્ર, ગૌતમ મેવાડ, ઋષિપાલ સિંહ, ગજાનંદ ગુર્જર સહિત મોટી સંખ્યામાં પુરુષો અને મહિલાઓ અને સેંકડો યુવાનો હાજર રહ્યા હતા.

### સેમિનારમાં મુખ્યત્વે POCSO Act 2012, ગુડ ટચ બેડ ટચની સમજણ અપાઈ

# મહીસાગર જિલ્લામાં બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો

**સેમિનાર** ૧૮૧ મહિલા અભયમ ટીમ સહિત અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા

• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહીસાગર

મહીસાગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત મહિલાઓ અને દીકરીઓની સુરક્ષા અને કલ્યાણના ઉદ્દેશ્ય સાથે સંતરામપુર, ગરાડીયા ખાતે આવેલ હરીધામ આશ્રમ શાળામાં એક જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મુખ્યત્વે POCSO Act 2012, ગુડ ટચ બેડ ટચની સમજણ અને બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ અન્વયે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સેમિનારમાં ઉપસ્થિત અધિકારીશ્રીઓ અને વિશેષજ્ઞો દ્વારા વિવિધ વિષયો પર સચોટ માહિતી આપવામાં આવી હતી. બાળ સુરક્ષા અધિકારી દ્વારા POCSO Act 2012 અને બાળ અધિકારો અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું, જ્યારે સામાજિક કાર્યકર સોનલબેન પંડ્યાએ દીકરીઓએ પોતાની સુરક્ષા અને સલામતી માટે ધ્યાનમાં રાખવાની બાબતો પર ભાર મૂક્યો હતો. ઉપસ્થિત PSI દ્વારા શી ટીમની કામગીરી વિશે માહિતી આપવામાં આવી હતી. ડિસ્ટ્રીકટ મિશન કો-ઓર્ડીનેટરે મહિલા અને બાળ વિકાસ વિભાગની મહિલા કલ્યાણ અને સુરક્ષાને લગતી યોજનાઓની જાણકારી આપી હતી. ખાસ કરીને, જેન્ડર સ્પેશિયાલિસ્ટ દ્વારા દીકરીઓને ગુડ ટચ બેડ ટચ વિશે પ્રેક્ટિકલ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જે સમજણને વધુ સરળ બનાવે છે. કાર્યક્રમના અંતે, સૌ ઉપસ્થિતોએ નશામુક્ત ભારત અભિયાનના શપથ લઈને વ્યસનમુક્ત સમાજ નિર્માણનો સંકલ્પ લીધો હતો.



આ કાર્યક્રમમાં બાળ સુરક્ષા અધિકારી, સામાજિક કાર્યકર સોનલબેન પંડ્યા, મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈનસ્પેકટર (PSI), ડિસ્ટ્રીકટ મિશન કો-ઓર્ડીનેટર, જેન્ડર સ્પેશિયાલિસ્ટ, શાળાના પ્રિન્સીપાલશ્રી, PBSC સ્ટાફ, ૧૮૧ મહિલા અભયમ ટીમ સહિત અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# ૧૪ લાખના NDPS ગુનામાં ૮ વર્ષથી નાસતા-ફરતા આરોપીને ભરૂચ SOG એ મધ્યપ્રદેશમાંથી પકડ્યો

### નબીપુર પો.સ્ટે.ના ગુનામાં પોસડોડા અને અફીણનો જથ્થો પકડાયો હતો

• ભરૂચ

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (S.O.G.) ટીમે આંતરરાજ્ય કાર્યવાહી કરીને ૮ વર્ષથી નાસતા ફરતા NDPS (નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપિક સબસ્ટન્સીસ એક્ટ) ના ગુનાના આરોપીને મધ્યપ્રદેશ (M.P.) ખાતેથી ઝડપી પાડ્યો છે.

આ ગુનો તા. ૧૦/૦૧/૨૦૧૭ ના રોજ નોંધાયો હતો, જ્યારે SOG ભરૂચે વગુસણા ને.હા.નં. ૮ પર આવેલી જમ્ભ સરોવર હોટલ ખાતે દરોડો પાડી ગેરકા ય દેસર નશાકારક પદાર્થોનો જંગી જથ્થો પકડ્યો હતો. આ દરોડામાં પોસડો ડા (૧૧૬૬.૬૨ કિલોગ્રામ) અને અ ફી ણ (૯૦૦ ગ્રામ) સહિત રોકડ રકમ મળી કુલ ૧૪,૨૦,૩૯૮/- નો મુ દ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ ગુનો નબીપુર પોલીસ સ્ટેશ નમાં NDPS એક્ટ હેઠળ રજી સ્ટ ર કરવામાં આવ્યો હતો.

સદર ગુનામાં ધરપકડથી બચવા છે લ્લા ૮ વર્ષથી અલગ અલગ જગ્યા બદલી રહેતા આરોપીનું



નામ મ નમોહન ચંપ્પાલાલ માળી (બાર દાનવાલા) (ઉ.વ. ૫૪) છે. તે મૂળ મધ્યપ્રદેશના મન્દસોર જિલ્લાના તિલાખેડા ખાતેનો રહેવાસી છે. આરોપી તેના વતન ખાતે હાજર હોવાની બાતમીના આધારે SOG ટીમે ચેક કરતા તે તેના ઘરેથી મળી આવ્યો હતો.

SOG ટીમે આરોપીના નામ-ઠામની ખાત્રી કરી તેની ગુનાના કામે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અંકલેશ્વરમાં એસિડ પીવાથી સંકોચાયેલી અન્નનળીની જટિલ સર્જરી

### સેવાયજ્ઞ સમિતિએ આપ્યું નવજીવનઃ મહિલા હવે સર્વ ભોજન આરોગી શકે છે

• ભરૂચ

ભરૂચ જિલ્લાની જરૂરિયાતમંદો માટે કાર્યરત સેવાયજ્ઞ સમિતિએ અંકલેશ્વર તાલુકાની એક મહિલાને જીવનની નવી આશા આપી છે. પતિના અવસાન અને પારિવારિક તણાવને કારણે દોઢ વર્ષ પહેલા એસિડ પી લેવાથી આ મહિલાની અન્નનળી અને પેટમાં ગંભીર ઈજાઓ થઈ હતી.



એસિડ પીધા બાદ મહિલાની ગળાની અન્નનળી એટલી સંકોચાઈ ગઈ હતી કે તે સામાન્ય ભોજન તો ઠીક, પાણી પણ ગળી શકતી ન હતી. આ કપરી પરિસ્થિતિમાં તે ચાર મહિના સુધી માત્ર ગ્લુકોઝની બોટલોના આધારે જ જીવી રહી હતી.

સેવાયજ્ઞ સમિતિના રાકેશ ભટ્ટનો સંપર્ક થતા સમિતિએ મહિલાની મદદ માટે આગળ આવી. પ્રથમ તબક્કે ભરૂચમાં સર્જરી કરાવતા મહિલા પ્રવાહીનું સેવન કરી શકતી થઈ. જોકે, અન્ય લોકોને ભોજન લેતા જોઈને મહિલાને થતી વ્યથાને ધ્યાનમાં રાખીને, સમિતિએ બીડું ઝડપ્યું.

સમિતિએ સુરતની એક ખાનગી હોસ્પિટલમાં મહિલાની 'ઈસોફેગસ સ્કીન ગ્રાફિટંગ પાઈપિંગ' નામની અત્યંત જટિલ સર્જરી કરાવી હતી. આ સર્જરી સફળ રહેતા મહિલાની અન્નનળી સામાન્ય બની છે. આ જટિલ સર્જરીના પરિણામે, જે મહિલા દોઢ વર્ષથી ભારે પીડામાં હતી, તે આજે ફરીથી તમામ પ્રકારનું ભોજન આરોગી શકે છે અને સ્વસ્થ જીવન જીવી રહી છે.

# ACB એ રાજકોટમાં GST નંબર અપાવવાના બદલામાં 3,000/- ની લાંચ માંગનાર વર્ગ-૧ અધિકારી સામે ગુનો દાખલ

• રાજકોટ,

રાજકોટ એસીબી (એન્ટી કરપ્શન બ્યુરો) પોલીસ સ્ટેશન દ્વારા સહાયક રાજ્ય વેરા કમિશનર (વર્ગ-૧) વિરુદ્ધ તેમના હોદ્દાનો દુરુપયોગ કરી ગેરકાયદેસર રીતે લાંચની માંગણી કરવા બદલ ડીમાન્ડ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

આરોપીનું નામ ભરતભાઈ શામજીભાઈ સુરેલીયા (વર્ગ-૧ અધિકારી) છે, જેઓ સહાયક રાજ્ય વેરા કમિશનર , ઘટક-૯૩, રાજકોટ તરીકે ફરજ બજાવે છે.

હકીકત મુજબ, ફરિયાદીના ગ્રાહકના કારખાના માટે જી.એસ.ટી. ( ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ) નંબર મેળવી આપવાના અવેજ પેટે આક્ષેપિત અધિકારી ભરતભાઈ સુરેલીયાએ ફરિયાદી પાસેથી પોતાના અંગત ફાયદા માટે ૩,૦૦૦/- ની લાંચની માંગણી કરી હતી. આ માંગણી સહાયક રાજ્ય વેરા કમિશનરની કચેરી, ઘ ટ ક-૯૩, રાજકોટ ખાતે કરવામાં આવી હતી.

આક્ષેપિત અધિકારીએ લાંચની માંગણી કરીને પોતાના રાજ્ય સેવક તરીકેના હોદ્દાનો દુરુપયોગ કરી ગુનાહિત ગેરવર્તણૂક આચરી હતી, જે અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કેસની તપાસ પી.આઈ. જે.એમ.આલ, એ.સી.બી. પો.સ્ટે., રાજકોટ ગ્રામ્ય દ્વારા ઈન્ચાર્જ મદદનીશ નિયામક કે.એચ. ગોહિલના સુપરવિઝન હેઠળ કરવામાં આવી રહી છે.

### કુલ ૧.૨૪ કરોડનો મુદ્દામાલ જપ્ત

# SMC એ ખેડામાં ૧૬ હજારથી વધુ દારૂની બોટલો ભરેલું કન્ટેનર ઝડપી પાડ્યું

• ખેડા

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે ખેડા જિલ્લામાં અત્યાર સુધીનો સૌથી મોટો ગણી શકાય તેવો પ્રોહિબિશનનો દરોડો પાડીને કરોડો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી, એક આરોપીની ધરપકડ કરી છે.

SMC ટીમે મળેલી બાતમીના આધારે ખેડાના ગોબલજ ગામમાં આવેલી ખો ડિયાર હોટલના પાર્કિંગમાં વોચ ગોઠવી હતી. વોચ દરમિયા ન SMC એ (RJ 10 GA 9024) રજી. નંબરની એક કન્ટેન ર ટ્રકને પકડી પાડી હતી.

ટ્રકની તલાશી લેતા તેમાંથી પંજાબની ડિસ્ટિલરીઝમાં બનેલી (રોય લ ચેલેન્જ, રોયલ સ્ટેગ, ઓલ્ડ મં ક સહિતની) વિદેશી



દારૂની કુલ ૧૬,૧૮૮ બોટલો/ટીન મળી આવી હતી, જેની કિંમત ૯૩,૯૫,૮૨૦/- થાય છે. દારૂ, ૩૦ લાખની કન્ટેનર ટ્રક અને અન્ય મુદ્દામાલ મળી કુલ ૧,૨૩,૯૯,૮૫૦/- નો માતબર મુદ્દામાલ SMC દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસે સ્થળ પરથી રાજસ્થાનના બાડમેર જિલ્લાના રહેવાસી આરોપી ભાવરારામ પુરારામ જાટની ધરપકડ કરી છે. જ્યારે આ કેસમાં દારૂનો સપ્લાયર (ચંદીગઢનો નરેશ @ અનિલ), ટ્રકનો માલિક, ગુરુગ્રામમાં ટ્રક આપનાર અજાણ્યો ડ્રાઈવર, અમદાવાદ રિંગ રોડ પર ટ્રક લેનારા બે અજાણ્યા વ્યક્તિઓ અને ગુજરાતમાંથી ઓર્ડર કરનાર અજાણ્યા વ્યક્તિ સહિત કુલ ૬ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

SMC દ્વારા પકડાયેલા આરોપીને વધુ કાર્યવાહી માટે ખેડા ટાઉન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને વોન્ટેડ આરોપીઓની શોધખોળ ચાલુ છે.

# સુબીર તાલુકાના મહિલા ગ્રામ રોજગાર સેવક લાંચ લેતા ઝબ્બે

## રૂ. ૩૨,૮૦૦/-ની લાંચ સ્વીકારતા બે આરોપી રગે હાથ ઝડપાયા

• સુબીર

સુબીર તાલુકાના મહિલા ગ્રામ રોજગાર સેવક અને તેમના પતિ મનરેગાના કામ માટે આહવા. ડાંગ જિલ્લાના સુબીર તાલુકા પંચાયત કચેરી, મનરેગા શાખામાં ગ્રામ રોજગાર સેવક (કરાર આધારિત) તરીકે ફરજ બજાવતા અનુસુયાબેન હેમંતભાઇ પટેલ અને તેમના પતિ હેમંતભાઇ વિનુભાઇ પટેલ (પ્રજાજન)ને એ.સી.બી. દ્વારા લાંચના છટકામાં ઝડપી લેવામાં આવ્યા છે. એક જાગૃત નાગરિકે એ.સી.બી.માં ફરિયાદ નોંધાવી હતી કે આરોપી અનુસુયાબેને તેમના ગામના ચાર અરજદારોના મહાત્મા ગાંધી મનરેગા યોજના અંતર્ગત જમીન



લેવલીંગના કામકાજ માટેની ફાઈલની વહીવટી મંજૂરી આપવાના બદલામાં પ્રતિ અરજદાર રૂ. ૮,૨૦૦/- લેખે કુલ રૂ. ૩૨,૮૦૦/- ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદના આધારે, તા. ૦૪/૧૨/૨૦૨૫ના રોજ સુબીર તાલુકા પંચાયત કચેરીના મુખ્ય ગેટ સામે આવેલ વિપુલભાઇ ગામીતની દુકાન પાસે લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. ટ્રેપ દરમિયાન, આરોપી અનુસુયાબેને ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરીને લાંચની રકમ રૂ. ૩૨,૮૦૦/- તેમના પતિ, આરોપી હેમંતભાઇને આપવા જણાવ્યું હતું. હેમંતભાઇએ આ રકમ સ્વીકારતા, બંને આરોપીઓ સ્થળ પર જ પકડાઇ ગયા હતા. આ સફળ ટ્રેપ જે.આર.ગામીત, પો.ઇન્સ., વલસાડ અને ડાંગ એ.સી.બી. પો.સ્ટે. તથા સ્ટાફ દ્વારા ગોઠવવામાં આવી હતી, જેનું સુપરવિઝન આર.આર.ચૌધરી, મદદનીશ નિયામક, એ.સી.બી. સુરત એકમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમદાવાદના કૃષ્ણનગરમાં સામાન્ય બોલાચાલીમાં તલવાર-દંડાવાળી

અમદાવાદ: અમદાવાદમાં અસામાજિક તત્ત્વોનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે, જેની વધુ એક ઘટના કૃષ્ણનગર વિસ્તારની પ્રેમનગર સોસાયટીમાંથી સામે આવી છે. અહીં સોસાયટીમાં ગાળો બોલવાની ના પાડવા જેવી નજીવી બાબતે મામલો એટલો બિચક્યો કે કેટલાક તત્ત્વો તલવાર અને દંડા જેવા હથિયારો સાથે આવી પહોંચ્યા હતા અને ના પાડનાર યુવક પર જીવલેણ હુમલો કરી દીધો હતો. આ ઘટનાથી વિસ્તારમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું છે. મહત્ત્વનું છે કે, આ સમગ્ર ઘટના સોસાયટીના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે.કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પીઆઈના જણાવ્યાનુસાર,, આ ઘટના ગઈકાલે (ચોથી ડિસેમ્બર) રાત્રે બની હતી. પ્રેમનગર સોસાયટીના ગેટ પાસે રાજા કેવલાણી નામનો અસામાજિક તત્ત્વ ગાળો બોલતો હતો. સોસાયટીના રહેવાસી બંટી અને બંસીભાઈએ તેને ગાળો બોલવાની ના પાડતાં, રાજા કેવલાણી ઉશ્કેરાઈ ગયો હતો. તેણે તાત્કાલિક પોતાના સાગરીતોને ફોન કરીને બોલાવ્યા હતા, જેના પગલે ચારથી પાંચ જેટલા લોકો તલવાર અને દંડા જેવા હથિયારો સાથે સોસાયટીમાં ધસી આવ્યા હતા. આ ટોળકીએ મારામારી કરીને આતંક મચાવ્યો હતો, જેમાં ફરિયાદીને ઈજા થઈ છે.ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો.

બેદરકારી

મોટો વિસ્તાર હોવા છતાં તંત્રની બેદરકારીના કારણે બાળકો હેરાન

# બોડેલીના હજારો બાળકો આંગણવાડીથી વંચિત – બે વર્ષથી મંજૂર યોજના જમીન ફાળવણીના અભાવે અટવાઈ

## મંજીપુરા, અલીખેરવા તેમજ ખાનગી પ્લે અને સિનીયર કેજીમાં મુકવા લોકો મજબુર બન્યા

• અંજુમ ખત્રી છોટાઉદેપુર

બોડેલી અલીપુરા ડેપો પાછળ ડેપો સામે રામનગર, ગંગાનગર,ગજાનંદ, જનકલ્યાણ વગેરે સોસાયટી આવેલી છે આ સોસાયટીઓ માં લગભગ 3500-4000 જેટલી વસ્તી છે જ્યાં વિસ્તારની સમસ્યા એવી છે કે આ વિસ્તારમાં એક પણ આંગનવાડી નથી અહ્યા કેટલાક નાના બાળકો રહે છે સરકાર શ્રી ના નિયમ મુજબ 500-700 જેટલી વસ્તી એ એક નાની આંગણવાડી બનાવી ફરજિયાત છે પરંતુ એટલો મોટો વિસ્તાર હોવા છતાં આ વિસ્તારમાં એક પણ આંગણવાડી નથી તો સમસ્યા નુ સમાધાન ની રાહ લોકો જોય રહ્યા છે નાના બાળકો ને આંગણવાડીમાં મેકવા હોઈ તો મંજીપુરા, અલીખેરવા તેમજ પ્રાવેટ માં મુકવા લોકો મજબુર બન્યા છે જે આ વિસ્તાર થી ગણું દૂર આવેલું છે ICDS ના અધિકારી ને ને અમોએ આ બાબતની જાન કરતા એમને એવો જવાબ આપ્યો કે આ વિસ્તારની આંગણવાડી તો મંજુર થાયે લગભગ 2 વર્ષ થયા છે પરંતુ જગ્યાની ફાળવની ના થતા આ વિસ્તારની આંગણવાડી નુ કામ અટક્યું છે જયારે બોડેલી TDO ને પૂછતાં એમને ઉડાઉ જવાબ આપ્યો છે કે આ હમણાં મારાં વિસ્તારમાં આવતું નથી નવુ નગરપાલિકા થયું છે એટલે તો આવા બેજવાબદાર અધિકારીઓ ના લીધે શુ નાના બાળકોનુ ભવિષ્ય તેમના પાયાની સુવિધા થી નાનાબાળકો વંચિત રહેશે શુ આ આંગણવાડી નો નિકાલ આવશે કે કેમ તે જોવું રહ્યું



ઉત્તર પશ્ચિમ રેલવેના સોમેશ્વર અને જવાલી સ્ટેશન વચ્ચે બ્રિજની કામગીરી માટે બ્લોક લેવામાં આવ્યો

# અમદાવાદ : હવે રાજધાની, દુરંતો અને વંદે ભારતમાં પણ તત્કાલ બુકિંગ માટે OTP સિસ્ટમ લાગુ

લગામ કસાઇ

રેલવેની ટિકિટ બુકિંગની વ્યવસ્થાના છીડાનો ગેરલાભ ઊઠાવતા કાળાબજારીયાઓ

• અમદાવાદ

પશ્ચિમ રેલવે દ્વારા અગાઉ શતાબ્દીમાં તત્કાલ બુકિંગ માટે ઓટીપી સીસ્ટમ અમલમાં મુકાયા બાદ આજરોજ 5 ડિસેમ્બરથી રાજધાની, દૂરંતો અને વંદે ભારતમાં પણ આ વ્યવસ્થા લાગું કરવામાં આવી છે. અમદાવાદથી દિલ્હી, મુંબઈ, પુણેની ચાર ટ્રેનમાં ઓટીપી વગર તત્કાલ બુકિંગ થઈ શકશે નહીં. પાંચ મહત્ત્વની ટ્રેનમાં આ વ્યવસ્થા સફળ રહેશે તો આગામી દિવસોમાં વધારે ટ્રેનમાં અમલવારી શરૂ કરવામાં આવશે. રેલવેની ટિકિટ બુકિંગની વ્યવસ્થાના છીંડાનો ગેરલાભ ઉઠાવીને ગેરકાયદેસર એજન્ટો દ્વારા ટિકિટના વ્યાપકપણે કાળાબજાર કરાય છે. ત્યારે તત્કાલ ટિકિટ બુકિંગની પ્રક્રિયાને



પારદર્શી બનાવવા માટે પશ્ચિમ રેલવે દ્વારા ઓટીપી એટલે કે વન ટાઈમ પાસવર્ડ સીસ્ટમ અમલમાં મુકવામાં આવી છે. ગત 1 ડિસેમ્બરથી મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ વચ્ચે દોડતી શતાબ્દી એક્સપ્રેસમાં તેની અમલવારી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં હવે સાબરમતી-નદી દિલ્હી રાજધાની એક્સપ્રેસ, અમદાવાદ-પૂણે દૂરંતો એક્સપ્રેસ, સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ અને હાપા-મુંબઈ સેન્ટ્રલ દૂરંતો એક્સપ્રેસનો સમાવેશ કરાયો છે. એટલે કે આ પાંચ ટ્રેનમાં તત્કાલ બુકિંગ માટે ઓટીપી ફરજિયાત રહેશે. રેલવેના રિઝર્વેશન સેન્ટર, એજન્ટ, આઈઆરસીટીસીની વેબસાઈટ અને મોબાઈલ એપ પરથી આ પાંચ ટ્રેનમાં તત્કાલ ટિકિટ બૂક કરતી વખતે મુસાફરના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર ઓટીપી મોકલવામાં આવશે. જે દાખલ કર્યા બાદ ટિકિટ કન્ફર્મ થશે. ઉત્તર પશ્ચિમ રેલવેના સોમેશ્વર અને જવાલી સ્ટેશન વચ્ચે બ્રિજની કામગીરી માટે બ્લોક લેવામાં આવ્યો છે.

પરિણામે 5 અને 6 ડિસેમ્બરના રોજ સાબરમતી-જોધપુર એક્સપ્રેસ તથા તા.5ના રોજ જોધપુર-સાબરમતી એક્સપ્રેસ રદ કરવામાં આવી છે. જ્યારે બાન્દ્રા ટર્મિનસ-ભગત કી કોઠી તથા હડપસર-જોધપુર ટ્રેન મારવાડ-પાલનપુર રૂટના બદલે પાટણ-ભીલડી રૂટ પરથી ચાલશે.

તેમજ સાબરમતી સ્ટેશનથી ઉપડતી જમ્મુતવી અને યોગ એક્સપ્રેસ ટ્રેન સવા બે કલાક સુધી મોડી ઉપડશે.

# છ વર્ષથી નાસતા ફરતા આરોપીની ધરપકડ – છોટાઉદેપુર એલ.સી.બી.ની સફળ કામગીરી

## નાકાબંધી ગોઠવી શંકાસ્પદ વ્યક્તિને પૂછતા આરોપીએ ગુના કબૂલ્યા હતાં

• અંજુમ ખત્રી, છોટાઉદેપુર

છેલ્લા છ વર્ષથી કવાંટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને આખરે છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલ.સી.બી.)ના જહેમતભર્યા પ્રયાસોથી ઝડપી લેવાયો છે. વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક શ્રી સંદીપ સિંહ તથા છોટાઉદેપુર જિલ્લાના પોલીસ અધિક્ષક શ્રી ઈમ્તીયાઝ શેખના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો તથા શાખા ઈન્ચાર્જોને નાસતા ફરતા આરોપીઓને હ્યુમન સોર્સ તથા ટેકનિકલ માધ્યમથી શોધી બહાર કાઢી અસરકારક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના અનુસંધાને છોટાઉદેપુર એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ.એફ. ડામોરના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફ બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગ દરમ્યાન ફરજ બજાવી રહ્યો હતો. એ દરમ્યાન એક ગુપ્ત બાતમી મળી કે કવાંટ પોલીસ સ્ટેશન સી. પાર્ટ ગુ.ર.નં. 11184006190243/2019



મુજબ પ્રોહિબિશનના ગુનામાં નાસતો ફરતો આરોપી વિરસિંગભાઈ કલજીભાઈ ભીલ, રહે બોરચોપડા (નિશાળ ફળીયા), તાલુકો કવાંટ, હાલ બોડેલી વિસ્તારમાં જોવા મળ્યો છે. આ બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે તાત્કાલિક અલીપુરા ચાર રસ્તા નજીક નાકાબંધી ગોઠવી શંકાસ્પદ વ્યક્તિને કોર્ડન કરી રોકી તેની પુછપરછ હાથ ધરી. પૂછપરછ દરમ્યાન તેણે પોતાનું નામ વિરસિંગભાઈ કલજીભાઈ ભીલ હોવાનું સ્વીકાર્યું. આરોપીએ કબૂલ્યું કે વર્ષ 2019માં કવાંટ પોલીસ સ્ટેશનમાં દારૂના કેસમાં તેનું નામ ખુલ્યા બાદથી તે છુપાઈને જીવન વિતાવી રહ્યો હતો અને રોજગારના કામે બોડેલી આવ્યો હતો. એલ.સી.બી. દ્વારા સદરી આરોપીને કાયદેસરની કાર્યવાહી હેઠળ BNSS-2023 ની કલમ 35(1)(જે) મુજબ અટકાયત કરવામાં આવી છે. તેની સામે પ્રોહિબિશન અધિનિયમની કલમ 65(એ)(ઇ), 98(2), 81 તથા 83 હેઠળ કેસ નોંધાયેલ છે. આ કામગીરી વડોદરા રેન્જના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન અને એલ.સી.બી. સ્ટાફની તકેદારીથી સફળ બની હતી.

નિસર્ગ આદિવાસી સંસ્કૃતિથી સમૃદ્ધ

# ડાંગ જિલ્લામાં પરંપરાગત ડોંગરદેવના તહેવારની ભવ્ય ઉજવણી કરવામાં આવી

• આહવા-ડાંગ

ડોગર દેવ નો તહેવાર ડિસેમ્બર મહિનામાં યોજાય છે, જેને ડાંગમાં 'દેવનો મહિનો' તરીકે ઓળખવામાં આવે છે. સુબીર તાલુકાના કન્સરિયા ગઢ ખાતે પૂનમના દિવસે એક વિશાળ મેળો ભરાયો હતો, જેમાં ગુજરાત અને મહારાષ્ટ્રના ડાંગ, તાપી, વલસાડ અને નવસારી જિલ્લામાંથી મોટી સંખ્યામાં આદિવાસી ભક્તજનોએ ભાગ લીધો હતો. આદિવાસીઓ ખેતીની કાપણી બાદ ઘરમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને 'બરક્ત' (પૂરતું અન્ન-પાણી) જળવાઈ રહે તે માટે ડોંગરદેવની સ્થાપના કરે છે.

આ પરંપરાગત ઉજવણીની શરૂઆતમાં, પ્રથમ દેવની સ્થાપના ગામમાં કરવામાં આવે છે. આઠ દિવસની તપશ્ચર્યા: દેવમાં સામેલ યુવાનો અને પુરુષો આઠ દિવસ સુધી દેવના સ્થળે ઊંઘે છે, ઘરનું જમતા નથી, કે પત્ની પાસે પણ ઊંઘતા નથી. ગામમાં ભ્રમણ: આઠ દિવસ દરમિયાન 'દેવ' કહેવાતા આખા 'ફડ' (ટીમ)ના સભ્યો પાવરી તથા ટાપરા વાદ્યોના તાલે નાચીને ઘરે-ઘરેથી અનાજ, કઠોળ અને અન્ય સામગ્રી એકઠી કરે છે. ગઢ તરફ પ્રયાણ: આઠ દિવસની તપસ્યા બાદ, આ તમામ 'દેવો' પોતપોતાના ગામથી માનતા રાખેલ ગઢ (જેમ કે કનસર્યાગઢ, કવડ્યાગઢ, રૂપગઢ) પર મરઘા, બકરા સાથે જાય છે. ગઢ પર વિવિધ ગામોથી આવેલા 'દેવોના ફડ' વારાફરતી પારંપારિક નાચગાન સાથે પોતાનું પ્રદર્શન કરે છે.

જેમાં પાવરકર, ટાપરા અને નિશાનકરનો સમાવેશ થાય છે. આખી રાત ક્રમશઃ દરેક ગામોના ભગતો પોતાની વિદ્યા બોલીને ગઢના દેવને રીઝવે છે, પૂજા કરે છે અને ત્યારબાદ મરઘા-બકરાની બલિ ચઢાવવામાં આવે છે. આ પરંપરાગત રીત-રિવાજો ડાંગના આદિવાસી સમાજના જીવન સાથે વણાયેલા છે, જે ભલે આધુનિકતાના પ્રભાવ હેઠળ થોડા બદલાયા હોય, પરંતુ તેની વિશિષ્ટ ઉજવણી આજે પણ ડાંગની સંસ્કૃતિની અનોખી ઝલક આપે છે.

# વાગરામાં હુજુર ગાજીએમિલત હાસમિયા સાહબ પખાજણ ગામે પહોંચતા સ્વાગત કરાયું

• સૈફ અલી ભટ્ટી વાગરા

વાગરા ની પવિત્ર ધરતી પર હુજુર ગાજીએમિલત હાસમિયા સાહબ પખાજણ ગામની ધરતી પર આવી પહોંચતા ગામના લોકોએ ફૂલહાર થી સ્વાગત કર્યું વાગડા તાલુકાના પખાજણ ગામ ખાતે હુજુર ગાઝી એ મિલત આવી પહોંચ્યા હતા તેમનું સ્વાગત માટે ગામના નવ યુવાનો દ્વારા ગામના એન્ટ્રસ પરથી બાઈક રેલીયોજી હતી અને નારાએ તકદીર અને નારા રીશાલત થી વાતાવરણ ગુંજી ઉઠ્યો હતો ઘણા લાંબા સમય બાદ હજૂર ગાજીએ મિલકત વાગરાના મહેમાન તરીકે આવી પહોંચ્યા હતા જેમનું પખાજણ ગામના લોકો દ્વારા ફુલહાર કરી તેમનો સ્વાગત કર્યું હતું. હજૂર સેફુલ એ ઈસ્લામના નાનાભાઈ હજૂર ગાજી એ મિલકત હાસમી મિયા સાહબ પખાજણ ગામના મહેમાન બન્યા હતા જ્યાં પોતાના અનુ આયો ને મુલાકાત કરી હતી અને સૌને સાચું માર્ગદર્શન આપ્યું હતું આ કાર્યક્રમમાં સૈયદ ઈનાયત બાપુ રાજ અજીતભાઈ દાઉદ રાજ ઈન્દ્રજીતભાઈ દાઉદ રાજ અયાજભાઈ દાઉદ રાજ અનીશભાઈ દાઉદ રાજ રિયાઝ ભાઈ દાઉદ પટેલ બાબુભાઈ ગોંડર અને ગામના તમામ કમિટી મેમ્બરો અને નવ યુવાનો દ્વારા હજૂર ગાજી એ મિલકત નું સ્વાગત કર્યું હતું

વિવિધ વિભાગના અધિકારીઓ તેમજ આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા

# મહીસાગર જિલ્લામાં લુણાવાડા ફોર સીઝન હોટલ ખાતે જિલ્લા કક્ષાની સ્વાસ્થ્ય પરિષદ યોજાઈ

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

મહીસાગર જિલ્લામાં આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત દ્વારા જિલ્લા કક્ષાની સ્વાસ્થ્ય પરિષદનું આયોજન નિવાસી અધિક કલેકટર અધ્યક્ષસ્થાને ફોર સીઝન હોટલ ખાતે કરવામાં આવ્યું હતું. આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય માતા મરણ, બાળ મરણ, કુપોષણમાં ઘટાડો, કેન્સરના રોગો અટકાવવા અને ક્ષય રોગનો (ટી.બી.) ચેપ તથા મૃત્યુદર ઘટાડવા માટે અસરકારક આયોજન અને તેના અમલવારી માટેનો હતો. પરિષદના અધ્યક્ષએ નિવાસી અધિક કલેક્ટરએ ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે સ્વાસ્થ્ય પરિષદમાં આજે જુદા જુદા વિષયો પર સંવાદ થવાનો છે. જુદી જુદી યોજનાઓનું અમલીકરણ આપણે સૌ બોટમ લેવલે (નીચલા સ્તરે) કરતા હોઈએ છીએ, પરંતુ ક્યારેક તેના અમલીકરણમાં મુશ્કેલીઓ આવતી હોય છે. આ સંવાદનો મુખ્ય હેતુ એ જાણવાનો છે કે અમલીકરણમાં ક્યાં તકલીફ પડે છે અને કેવી રીતે સરકારની યોજનાઓ જરૂરિયાતમંદ સુધી પહોંચાડી શકાય. તેમણે ઉમેર્યું હતું કે, 'આપ સૌ ફિલ્ડમાં ઈમ્પ્લિમેન્ટ કરો છો, આના માટે જુદા જુદા વિષયોનો આજે પરિસંવાદ છે. આપ પણ પ્રશ્નો કરશો અને એક્સપર્ટ ટીમ પણ આપણને માર્ગદર્શન આપશે. આજના પરિસંવાદમાં જે કંઈ આપણે શીખીએ, એનો ફિલ્ડ લેવલે ઉપયોગ થાય એવી આપ સર્વે પાસે હું શુભેચ્છા પાઠવું છું.' વધુમાં, અધ્યક્ષએ ઉપસ્થિત સૌ મેડિકલ ઓફિસરો અને તાલુકા હેલ્થ ઓફિસરોને ખાસ વિનંતી કરી હતી કે તેઓ પોતાના વિસ્તારમાં ગંદકીના હિસાબે કોઈ નાનો મોટો રોગચાળો ઉપસ્થિત ન થાય તેની તકેદારી રાખે. જ્યાં સાફ-સફાઈની જરૂરિયાત હોય ત્યાં સૂચન કરીને કામ કરાવી લેવા પણ અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્યત્વે માતા અને બાળ મૃત્યુદર, ઓરલ અને સર્વાઇકલ કેન્સર, ટી.બી. દ્વારા થતાં મૃત્યુ જેવા વિષયો પર ગંભીર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી, તથા હાજર રહેલા એક્સપર્ટો દ્વારા કેટલાક સૂચનો પણ આપવામાં આવ્યા હતા.ઉપરાંત, ટ્રાઈબલ (આદિજાતિ) વિસ્તારમાં આરોગ્યલક્ષી સમસ્યાઓનું સાથે મળીને અસરકારક નિવારણ કઈ રીતે કરી શકાય તે માટે સ્વાસ્થ્ય પરિષદમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે મળી, તેમના વિસ્તારમાં ચાલતા પ્રશ્નો સાંભળી, વધુ સારી કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. તેમજ આરોગ્ય ક્ષેત્રે વધુ સારી કામગીરી માટે સૂચનો પણ કરાયાં હતાં. આ પરિષદમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, આરોગ્ય સમિતિ ચેરમેનના પ્રતિનિધિ, SHRESHTA-G અને GCS મેડિકલ કોલેજના રાજ્યકક્ષાએથી પ્રતિનિધિઓ, તાલુકા પંચાયત પ્રમુખો, સરપંચો સહિત વિવિધ વિભાગના અધિકારીઓ તેમજ આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ : શહેરના સિંધુભવન રોડ પર સામાન્ય ટક્કરમાં યુવકને તલવારના ઘા ઝીંક્યા

### હુમલો કર્યા બાદ ચારેય આરોપીઓએ ગાળો આપી ધમકી આપીને ત્યાંથી ફરાર થઈ ગયા

• અમદાવાદ



અમદાવાદ શહેરના બોડકદેવ વિસ્તારમાં સિંધુભવન રોડ પર આવેલ શિલ્પ 3 કોમ્પ્લેક્ષ ખાતે એક ચોંકાવનારી ઘટના બની છે. અહીં બજરંગ સુપર માર્કેટની બહાર ગુરૂવારે રાત્રે મોટરસાયકલની સામાન્ય ટક્કર બાદ શરૂ થયેલા ઝઘડાએ જીવલેણ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં 26 વર્ષીય કર્મચારી વચનારામ રબારીને માથાના ભાગે તલવારનો ઘા મારવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેણે ચાર આરોપીઓ વિરુદ્ધ જાનથી મારી નાખવાના ઈરાદા સાથે હુમલો કરવાની ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, આ ઘટના ગુરૂવારે રાત્રે આશરે પોણા અગિયાર વાગ્યે બની હતી. બજરંગ સુપર માર્કેટમાં નોકરી કરતા ફરિયાદી વચનારામ રબારી તેમના સહકર્મી પ્રવીણ હિરાગર સાથે બહાર ઊભા હતા, ત્યારે એક મોટરસાયકલે પ્રવીણ હિરાગરને ટક્કર મારતાં ચાલક અને પાછળ બેઠેલો શખ્સ નીચે પટકાયા હતા. મોટરસાયકલ પરથી નીચે પડ્યા બાદ, ચાલક અને તેના સાથીએ તરત જ ઊભા થઈને પ્રવીણ હિરાગરને ઢીક મુક્કીનો માર મારવાનું શરૂ કર્યું. ફરિયાદી વચનારામ રબારી અને સહકર્મી જગદીશ ભાઈએ વચ્ચે પડીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે મોટરસાયકલ ચાલક કમલેશ પરમારે તેના સાથીદાર 'વાસુ'ને ધમકી આપતાં કહ્યું કે 'આજ તો આ લોકોને જાનથી મારી નાખવાના છે,' અને હિમ્મત તથા ચેતન નામના અન્ય માણસોને હથિયાર લઈને બોલાવી લાવવા જણાવ્યું હતું, જેથી વાસુ ત્યાંથી નીકળી ગયો હતો. વાસુ માણસોને બોલાવી લાવતા જ, કમલેશ પરમાર અને વાસુ સાથે ત્રણ અજાણ્યા ઈસમો બૂમો પાડતા સ્થળ પર ધસી આવ્યા હતા. આ શખ્સો પૈકી એકના હાથમાં તલવાર હતી, જે કાળા શર્ટ પહેરેલા અન્ય એક ઈસમે લઈને ફરિયાદી વચનારામ રબારીના માથાના ભાગે જાનથી મારી નાખવાના ઈરાદે ઘા ઝીંક્યો હતો. આ જીવલેણ હુમલો કર્યા બાદ ચારેય આરોપીઓએ ગાળો આપી ધમકી આપીને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. લોહીલુહાણ થયેલા વચનારામ રબારીને તાત્કાલિક સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમના માથામાં ટાંકા આવ્યા છે અને હાલ તેમની સારવાર ચાલુ છે, જ્યારે પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

શુભારંભ

### ભારતીય ડાક વિભાગ દ્વારા આઈઆઈટી ગાંધીનગરમાં

# ગુજરાતનું પ્રથમ નવીનીકૃત જેન-Z થીમ આધારિત પોસ્ટ ઓફિસનું શુભારંભ

### આઈઆઈટી ગાંધીનગર બન્યું ગુજરાતનું પ્રથમ જેન-Z પોસ્ટ ઓફિસ, યુવાનોને અનુકૂળ વિવિધ સેવાઓ મળશે

• ગાંધીનગર




ભારતીય ડાક વિભાગે આધુનિકીકરણ તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતી વખતે ગુજરાતનું પ્રથમ જેન-Z થીમ આધારિત નવીનીકૃત ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થા (આઈઆઈટી) ગાંધીનગર પોસ્ટ ઓફિસ નું શુભારંભ કર્યો છે - જેને જનરેશન-Z પેઢી સાથે વધુ નજીકથી જોડાવાના હેતુથી દેશવ્યાપી પહેલના ભાગરૂપે વિકસાવવામાં આવ્યું છે. માનનીય કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયા ની દ્રષ્ટિ અને માર્ગદર્શન હેઠળ આ પહેલનો હેતુ પોસ્ટ ઓફિસઓને જીવંત, વિદ્યાર્થી-કેન્દ્રિત અને પ્રૌદ્યોગિકી-સક્ષમ સ્થળો તરીકે પુનઃપરિકલ્પિત કરવાનો છે, જે યુવાપેઢીના ભાવ સાથે સમન્વય બનાવે. આ પરિવર્તન રાષ્ટ્રીય પહેલનો ભાગ છે, જેમાં 15 ડિસેમ્બર સુધી શૈક્ષણિક કેમ્પસમાં સ્થિત 46 હાલના પોસ્ટ ઓફિસનાં નવીનીકરણનો સમાવેશ થાય છે. આ જેન-Z થીમ આધારિત નવીનીકૃત પોસ્ટ ઓફિસનું ઉદ્ઘાટન 5 ડિસેમ્બર, 2025ના રોજ ગુજરાત પરિમંડળના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવળેશ્વરકર અને આઈઆઈટી ગાંધીનગરના નિદેશક પ્રો. રજત મૂના દ્વારા, મહાપ્રબંધક (વિત્ત) ડો. રાજીવ કાંડપાલ તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવની વિશિષ્ટ હાજરીમાં કરવામાં આવ્યું. આ અવસર પર 'IITGN: ગુજરાતનું પ્રથમ Gen-Z વિષયક ડાકઘર' પર એક વિશેષ આવરણ અને આઈઆઈટી ગાંધીનગર પોસ્ટ ઓફિસનું સ્થાયી ચિત્રાત્મક વીરૂપણ પણ પ્રકાશિત કરવામાં આવ્યું. આ અવસર પર, ચીફ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવળેશ્વરકરે જણાવ્યું કે આઈઆઈટી ગાંધીનગર પોસ્ટ ઓફિસ ખાસ કરીને યુવાનોની જરૂરિયાતો, તેમની સર્જનાત્મકતા, આધુનિક વિચારસરણી અને પ્રૌદ્યોગિક અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. તેનો દેખાવ અને અનુભૂતિ સંપૂર્ણ રીતે જેન-Z વાયબ્સ અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે. આ પોસ્ટ ઓફિસને આઈઆઈટી ગાંધીનગરના વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી દ્વારા નવી ઓળખ આપવામાં આવી છે. તેમના વિચારો ભીંતચિત્રો, આંતરિક થીમ તથા પ્રચાર સામગ્રીના ડિઝાઈનમાં પ્રતિબિંબિત થયા છે, જેના કારણે પોસ્ટ ઓફિસને વિશિષ્ટ યુવા-કેન્દ્રિત ઓળખ મળી છે. આઈઆઈટી ગાંધીનગરના નિદેશક પ્રો. રજત મૂનાએ આ જેન-Z પોસ્ટ ઓફિસ પહેલ માટે પોસ્ટ વિભાગની પ્રશંસા કરી અને આશા વ્યક્ત કરી કે મહત્તમ સંખ્યામાં વિદ્યાર્થીઓ પોસ્ટ વિભાગની સેવાઓ અને આધુનિક સુવિધાઓનો લાભ મેળવશે. આઈઆઈટી ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા રચાયેલ "ટ્રી ઓફ લાઈફ ઓફ IITGN" ભીંતચિત્રમાં કેમ્પસમાં જોવા મળતા વિવિધ પક્ષીઓની સમૃદ્ધ વૈવિધ્યતા ઉજાગર કરવામાં આવી છે. આ કલા કૃતિમાં એક સમૃદ્ધ વૃક્ષ દર્શાવાયું છે, જેની ડાળીઓ પર આઈઆઈટી ગાંધીનગર પરિસરમાં વસતા અનેક પ્રકારના પક્ષીઓ દેખાઈ આવે છે–જે સંસ્થાના જીવંત પર્યાવરણીય તંત્ર સાથેના તેના ગાઢ સંબંધનું પ્રતીક છે.

. સુરતમાં પણ હૈદરાબાદથી આવતી ફ્લાઈટ રદ કરાઈ

# અમદાવાદ : ઈન્ડિગો સંકટને કારણે અનેક ફ્લાઈટો રદ, 4 શહેરોમાં મુસાફરો અટવાયા

હેરાન પરેશાન

### રાજકોટ એરપોર્ટ પર ઈન્ડિગોની કુલ આઠ ફ્લાઈટ રદ કરવામાં આવી





• અમદાવાદ

ગુજરાતભરના એરપોર્ટ પર ઈન્ડિગો એરલાઈન્સની સેવા સતત ચોથા દિવસે ખોરવાતા હજારો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે. સ્ટાફની અછતને કારણ બતાવીને ઈન્ડિગો દ્વારા અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતથી ઓપરેટ થતી અનેક ફ્લાઈટ્સ રદ કરવામાં આવતાં મુસાફરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. અમદાવાદ એરપોર્ટ પર રોષે ભરાયેલા મુસાફરો "ઈન્ડિગો ચોર છે, મુર્દાબાદ"ના નારા લગાવી હોબાળો મચાવ્યો હતો. મુસાફરો અને એરલાઈન્સ સ્ટાફ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મુસાફરોનો આક્ષેપ છે કે એરલાઈન્સ તરફથી સમયસર યોગ્ય માહિતી આપવામાં આવી નથી, જેના કારણે તેમની મુસાફરીની યોજનાઓ ધુળધાણી થઈ ગઈ છે.

અમદાવાદ એરપોર્ટ પર ઈન્ડિગોની ફ્લાઈટોમાં ભારે વિલંબ અને રદબાતલ થતી જોવા મળી રહી છે. 5 ડિસેમ્બર બપોરે ચાર વાગ્યા સુધીમાં કુલ 86 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેમાં 50 ડિપાર્ચર એટલે કે અમદાવાદથી જતી અને 36 અરાઈવલ એટલે કે અમદાવાદ આવતી ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. મધરાત્રીથી લઈને સાંજના ચાર વાગ્યા સુધીની આ તમામ ઉડાનો રદ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લા ચાર દિવસથી ઈન્ડિગો એરલાઈન્સમાં ચાલી રહેલી કટોકટીના કારણે સમગ્ર રાજ્યનું વિમાન વ્યવહાર શેડ્યૂલ ખોરવાઈ ગયું છે. અમદાવાદ એરપોર્ટ પર અનેક મુસાફરો 10 થી 12 કલાક સુધી રાહ જોઈ રહ્યા હતા, પરંતુ છેલ્લી ઘડીએ ફ્લાઈટ કેન્સલ કે ડિલે થવાના સમાચાર મળતાં પરિસ્થિતિ તંગ બની ગઈ હતી. વડોદરાથી મુંબઈ, દિલ્હી, પુણે અને ગોવા જતી ચાર મુખ્ય ફ્લાઈટ રદ થતાં મુસાફરો રઝળી પડ્યા હતા. સૌરાષ્ટ્રના રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પણ સ્થિતિ ગંભીર બની છે, અહીં ઈન્ડિગોની કુલ આઠ ફ્લાઈટ રદ કરવામાં આવી છે, જેમાં મુંબઈની ત્રણ, દિલ્હીની બે તથા હૈદરાબાદ, બેંગ્લોર અને ગોવાની એક-એક ફ્લાઈટનો સમાવેશ થાય છે. સુરતમાં પણ હૈદરાબાદથી આવતી ફ્લાઈટ રદ કરાઈ હતી અને એક ફ્લાઈટને ડાયવર્ટ કરવી પડી હતી. બપોર બાદ બેંગ્લોર, જયપુર, ગોવા અને કોલકતાથી આવતી ફ્લાઈટ્સનું કોઈ ઠેકાણું ન હોવાથી રિટર્ન ફ્લાઈટ્સનું શેડ્યૂલ પણ ખોરવાઈ ગયું હતું. અમદાવાદથી ઉપડતી અનેક મહત્વની ફ્લાઈટ્સ રદ થવાને કારણે બિઝનેસ ટ્રાવેલર્સ અને પ્રવાસીઓને ભારે નુકસાન વેઠવું પડ્યું છે. રદ થયેલી મુખ્ય ફ્લાઈટ્સમાં દિલ્હી જતી 5293, 6694 અને 6189, શ્રીનગર જતી 6265 અને 6266, ગોવા જતી 281, મુંબઈ જતી 802 અને પુણે જતી 819 ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. તે ઉપરાંત અનેક આંતરરાષ્ટ્રીય અને ડોમેસ્ટિક ફ્લાઈટ્સ કલાકો સુધી મોડી પડી હતી, જેમાં ઈન્દોર જતી 391, દુબઈ જતી 015, બેંગ્લોર જતી 823, પુરણિયા જતી 619, લંડન જતી 160, અબુધાબી જતી 244, મુંબઈ જતી 6477, 5251 અને 5189, ગોવા જતી 6419, હૈદરાબાદ જતી 883 અને પુણે જતી 547 ફ્લાઈટ્સ સામેલ છે.

# અમદાવાદ શહેરમાં સાયબર ક્રાઈમ બ્રાન્ચે ગાંજાની હેરાફેરીનો પર્દાફાશ કર્યો

### હાઈબ્રિડ ગાંજાના જથ્થા સાથે રાજદીપ ગોહિલ ઝડપાયો

• અમદાવાદ




અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ બ્રાન્ચે ગાંજાની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. સાયબર ક્રાઈમ બ્રાન્ચે શાસ્ત્રીનગર બ્રિજ પાસેથી હાઈબ્રિડ ગાંજાની હેરાફેરી કરનાર રાજદીપ ગોહિલની ધરપકડ કરી છે. આરોપી રાજદીપ ગોહિલ પાસેથી હાઈબ્રિડ ગાંજાનો જથ્થો સહિત 14 લાખથી પણ વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સાયબર ક્રાઈમ બ્રાન્ચે તપાસ કરતા આરોપી સ્નેપચેટ એપ્લિકેશનથી હાઈબ્રિડ ગાંજો મંગાવી છૂટકમાં વેચતો હોવાનું સામે આવ્યું હતું. જેથી સાયબર ક્રાઈમ બ્રાન્ચે આરોપી રાજદીપ ગોહિલની વધુ પૂછપરછ હાથ ધરી છે. નારણપુરામાં શાસ્ત્રીનગર બ્રિજ પાસે એક ફ્લેટમાં ગાંજાનો વેપાર ચાલતો હોવાની સાયબર ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી. સાયબર ક્રાઈમ બ્રાંચના હાર્દિક માંકડીયા અને ઈન્સ્પેક્ટર બી.પી. પટેલની ટીમને માહિતી મળી હતી. જેથી બાતમીના આધારે શ્રદ્ધાદીપ કોમ્પ્લેક્સના ફ્લેટમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જે દરમિયાન ફ્લેટ પરથી શંકાસ્પદ વ્યક્તિ ઝડપાયો હતો. તેમજ એક બે શંકાસ્પદ હાલતમાં પડ્યું હતું. જેની તપાસ હાઈબ્રિડ ગાંજો હોવાનું સામે આવ્યું હતું. સાયબર ક્રાઈમ બ્રાન્ચને તપાસ દરમિયાન 422 ગ્રામ હાઈબ્રિડ ગાંજાનો જથ્થો સહિત 14.84 લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. જે તમામ મુદ્દામાલ કબ્જે કરી આરોપીની પૂછપરછ કરવામાં આવી હતી. જે દરમિયાન આરોપીની નામ રાજદીપ ભરતસિંહ ગોહિલ હોવાની સામે આવ્યું હતું. તેમજ આરોપી રાજદીપ ગોહિલે સ્નેપચેટ એપ્લિકેશનના માધ્યમથી હાઈબ્રિડ ગાંજાનો જથ્થો મંગાવતો અને તે ગાંજાનો જથ્થો છૂટકમાં ગ્રાહકોને વેચતો હોવાની કબુલાત કરી છે. તેમજ ગાંજાના જથ્થાના નાણા આંગડિયા મારફતે ચૂકવતો હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. જેથી સાયબર ક્રાઈમ બ્રાન્ચે આરોપી રાજદીપ ગોહિલની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં અસામાજિક તત્વોનો આતંક : પૈસાની ઉઘરાણીમાં હુમલો

### ધોકા, તલવાર વડે સોસાયટીમાં જઈને માથાકૂટ કરતા એક વ્યકિત ઇજાગ્રસ્ત

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં દિવસે ને દિવસે અસામાજિક તત્વો બેફામ આતંક મચાવી રહ્યા છે. ત્યારે કૃષ્ણનગર વિસ્તારમાં આવેલી પ્રેમનગર સોસાયટીમાં પણ ગતરાત્રીએ અસામાજિક તત્વોએ આતંક મચાવ્યો હતો. પૈસાની ઉઘરાણી બાબતમાં કેટલાક અસામાજિક તત્ત્વોએ સોસાયટીમાં તલવાર અને દંડા લઈને આવીને ગાળાગાળી કરી હતી.

ગાળો બોલવાની ના પાડતા શખસ પર હુમલો કરી દીધો હતો. આ અંગે કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. ગઈકાલે રાત્રે કૃષ્ણનગરની પ્રેમનગર સોસાયટીના ગેટ પાસે રાજા કેવલાણી નામનો વ્યક્તિ પૈસાની ઉઘરાણી બાબતમાં અપશબ્દો બોલતો હતો. જેને સોસાયટીના બંટી અને બંસીભાઈએ અપશબ્દો નહીં બોલવા કહ્યું હતું. જે બાદ રાજા કેવલાણી નામનો શખસ ગુસ્સે થયો હતો અને તેના સાગરીતોને ફોન કરીને બોલાવ્યા હતા. આ પછી ચારથી પાંચ લોકો તલવાર અને દંડા સાથે આવ્યા હતા અને મારામારી કરીને આતંક મચાવ્યો હતો.આ ઘટનામાં એક વ્યકિતને ઈજા પહોંચી છે. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. સોસાયટીના CCTVમાં આ ઘટના કેદ થઈ હતી. જેમાં આ અસામાજિક તત્વો તલવાર અને ધોકા લઈને આવતા જતા જોવા મળે છે. હાલ પોલીસે ફરિયાદ નોંધવાની અને આ હુમલો કરનારા શખસોની શોધખોળ હાથ ધરી છે.

અમદાવાદમાં દિન પ્રતિદિન હુમલાઓની ઘટનામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે જે શહેર પોલીસની કામગીરી પર શંકા સેવી રહી છે.

# ખેલ મહાકુંભમાં ઓલપાડ તાલુકાનું ગૌરવ વધારતો કીમ પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી યોગેશ રાજભર



• કીમ

વાત્સલ્ય ધામ, કામરેજ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાનાં ખેલ મહાકુંભમાં કીમ પ્રાથમિક શાળામાં ધોરણ 8 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી યોગેશ રાજેશભાઈ રાજભરે અંડર 14 લાંબીકૂદ સ્પર્ધામાં ભાગ લઈ સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન હાંસલ કરેલ છે. તેની આ સિદ્ધિ બદલ શાળાનાં આચાર્ય પુષ્પાબેન રાવળ, શાળા પરિવાર, શાળા વ્યવસ્થાપન સમિતિ તથા તેનાં કોચ જીગીષાબેન પટેલે અભિનંદન પાઠવ્યાં હતાં. ઓલપાડ તાલુકાનું નામ રોશન કરનાર આ વિદ્યાર્થી હવે આગામી દિવસોમાં રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

### ટીભરવા ગામે સુવિધાઓમા અનેક વધારો કરવામાં આવશે

# મહીસાગર જીલ્લાના ટીભરવા ગામે મંત્રી કુબેરભાઈ ડીડોરે વિકાસના કાર્યોનુ કર્યું ખાતમુહુર્ત

• દિલીપભાઈ બારીઆ




મહીસાગર જીલ્લામાં સંતરાપુર તાલુકાના ટીંભરવા ખાતે એમ.એમ.જી.એસ. વાય - 2025 - 2026 યોજના અંતર્ગત મેઈન રોડ ટુ ગાંધી આશ્રમ સ્કુલ રોડના કામનું ખાતમુહર્ત કર્યું હતું આ સંદર્ભે ગ્રામ્ય વિસ્તારોમાં આવતા ગ્રામજનો આગેવાનો સરપંચો ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.વિસ્તારના ધારાસભ્ય ડૉ.કુબેરભાઈ ડિંડોર સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું. યુવા નેતા સચિન શાહ અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વિસ્તારના સ્થાનિક ધારાસભ્ય ગ્રામ્ય વિસ્તારમાં પડતી સમસ્યાઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે.તયારે આ ટીભરવા ગામે સુવિધાઓમા અનેક વધારો કરવામાં આવશે

### ક્રૂડ તેલનો વાયદો રૂ.13 લપસ્યો

# સોનાના વાયદામાં રૂ.557 અને ચાંદીના વાયદામાં રૂ.3762નો ઉછાળો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.29306.53 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.84726.69 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 21189.40 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 31283 પોઇન્ટના સ્તરે**




મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.114040.18 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.29306.53 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.84726.69 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.6.67 કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ..29 કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો 31283 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.1674.13 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 21189.40 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.129897ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.130854 અને નીચામાં રૂ.129802ના મથાળે અથડાઈ, રૂ.130078ના આગલા બંધ સામે રૂ.557 વધી રૂ.130635ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો 8 ગ્રામદીઠ રૂ.326 વધી રૂ.104523ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો 1 ગ્રામદીઠ રૂ.40 વધી રૂ.13088ના ભાવે બોલાયો હતો.

સોનું-મિની જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.503 વધી રૂ.129397ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો 10 ગ્રામદીઠ રૂ.129048ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.129840 અને નીચામાં રૂ.128927ના મથાળે અથડાઈ, રૂ.129192ના આગલા બંધ સામે રૂ.493 વધી રૂ.129685ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.179509ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.182869 અને નીચામાં રૂ.179200ના મથાળે અથડાઈ, રૂ.178138ના આગલા બંધ સામે રૂ.3762 વધી રૂ.181900ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.3589 વધી રૂ.182526ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.3522 વધી રૂ.182465ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 3629.85 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.15.6 વધી રૂ.1089.2ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.3.2 વધી રૂ.311.45ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો 70 પૈસા વધી રૂ.278.95ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો 10 પૈસા વધી રૂ.183.15ના ભાવે બોલાયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 4485.18 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4222ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4233 અને નીચામાં રૂ.4074ના સ્તરને સ્પર્શી, રૂ.125 ઘટી રૂ.4097 થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.5363ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5389 અને નીચામાં રૂ.5347ના મથાળે અથડાઈ, રૂ.5383ના આગલા બંધ સામે રૂ.13 ઘટી રૂ.5370ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.11 ઘટી રૂ.5370 થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.8.1 વધી રૂ.455.5 થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.7.8 વધી રૂ.455.4 થયો હતો.

### યુનિયન મ્યુચ્યુઅલ ફંડે ભારતમાં વધી રહેલી કન્ઝમ્પશન સાયકલને સપોર્ટ આપવા

# યુનિયન કન્ઝમ્પશન ફંડ લોંચ કર્યું

• અમદાવાદ

યુનિયન મ્યુચ્યુઅલ ફંડે તેની લેટેસ્ટ ઓફરિંગ-યુનિયન કન્ઝમ્પશન ફંડ લોંચ કર્યું છે, જે કન્ઝમ્પશન થીમ પર આધારિત એક ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે. ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) 01 ડિસેમ્બર 2025ના રોજ ખુલશે અને 15 ડિસેમ્બર 2025ના રોજ બંધ થશે. છેલ્લા કન્ઝમ્પશન ઈન્ડેક્સ 19 વર્ષમાં કન્ઝમ્પશન ઈન્ડેક્સને મોટા બજારોથી 13 ગણું વધારે પર્ફોમન્સ કર્યું છે. વર્ષ 2019 અને 2024 દરમિયાન નિફ્ટી ઈન્ડિયા કન્ઝમ્પશન ટીઆરઆઈ દ્વારા 14.7 ટકાના ઈક્વિટી આધારિત સરેરાશ રિટર્ન આપ્યું છે, જે વ્યાપક નિફ્ટી 500 ઈન્ડેક્સના 12.5 ટકા સરેરાશ છે. (સ્રોતઃ બ્લૂમબર્ગ). ફંડ અંગે માહિતી આપતા યુનિયન એસેટ મેનેજમેન્ટ કંપની પ્રાઈવેટ લિમિટેડ (યુનિયન એએમસી)ના સીઈઓ શ્રી મધુ નાયરે જણાવ્યું હતું કે, "ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ 5 મોટા માળખાગત પરિવર્તન બાદ એવું લાગે છે કે ભારત મોટા પ્રમાણમાં કન્ઝમ્પશનમાં એક મોટા પરિવર્તનના માર્ગ પર છે. અમારું માનવું છે કે અમારા આર.એસ.ઈ. ફ્રેમવર્ક આ કન્ઝમ્પશન થીમનો સૌથી વધારે સંભાવનને લઈ યોગ્ય છે. કન્ઝયુમર ક્લાસને વધારો, માસથી પ્રીમિયમ તરફ પરિવર્તન, તથા માર્કેટપ્લેસનું ડિજિટલાઈઝેશન આ તમામ બાબત અનેક દાયકાના સૌથી શક્તિશાળી ઈન્વેસ્ટમેન્ટ થીમ પૈકી એક બની શકે છે.

# પાટડીના ચીફ ઓફિસર રઘુભાઈ ખાંભલા વય નિવૃત્ત થતા સેવાપૂર્તિ કૃતજ્ઞતા સ્નેહ મિલન સમારોહ

### પરિવારજનોનું સન્માન કરવામાં આવ્યું

• વંદના નીલકંઠ વાસુકીયા

સરકારી નોકરીમાં નિમણૂકની સાથે જ નિવૃત્તિ પણ નિશ્ચિત હોય છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી નગરપાલિકા ખાતે ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવતા રઘુભાઈ સવાભાઈ ખાંભલા શાસકીય વ્યવસ્થા પ્રમાણે વય નિવૃત થયા છે. વિદ્યા ભારતીના પ્રદેશ મંત્રી તેમજ સૌરાષ્ટ્ર પ્રાંત જાગરણ ટોળીના સદસ્ય એવા રઘુભાઈ ખાંભલા સરકારી નોકરી માંથી નિવૃત્ત થઈને અનેક સેવામાં પ્રવૃત્તિ થશે એટલે કે વ્યક્તિગત દાયિત્વમાંથી મુક્તિ અને પરોપકારના દાયિત્વમાં સક્રિયતા બનશે. પોતાની જાતને પડદા પાછળ રાખીને નિષ્કામ કર્મ આચરવાનું નિમિત્ત (સાચો સંતોષ) છે, શ્રેયની પણ અપેક્ષા નહીં, આરોગ્ય સાચવ્યાના આધારે સ્વાવલંબી જીવન જીવી શકાય એ મંત્ર ને ચરિતાર્થ કરવામાટે સર્વશક્તિમાન શ્રી પરમેશ્વર ખુબજ સ્ફૂર્તિ અને શક્તિઅર્પે એવી લોકો દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. આમ તો અનાયાસે સંઘના શતાબ્દી વર્ષ તેમજ તેઓની સેવાનિવૃતી નો શુભગ સમન્વય થયો...! એ નિમિત્તે 'પંચપ્રણ રૂપી ઈશ્વરીય કાર્યમા' એમનુ શેષ જીવન પ્રદાન કરશે. તેઓની જન્મભૂમિ અને કર્મભૂમિ એવા પાટડીના ભાવનાફાર્મમા નગરપાલિકા પરિવાર દ્વારા એક વિશાળ સંખ્યા સાથે 'સેવાપૂર્તિ કૃતજ્ઞતા'- સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા રઘુભાઈ, જીવન સાથી સહિત સમગ્ર પરિવારજનોનુ સન્માન કરવામા આવ્યું હતુ. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સૌરાષ્ટ્ર પ્રાન્ત પ્રચારક મહેશભાઈ જીવાણી, સંતવૃંદો, ભાજપ જુનાગઢના પ્રભારી દિલીપભાઈ પટેલ, સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણ, ધારાસભ્ય પી.કે.પરમાર, વિભાગ કાર્યવાહ મનસુખભાઈ સભાણી, મહામંત્રી જયેશભાઈ પટેલ, પ્રાન્ત અધિકારી, વિવિધ સમાજ તેમજ સંસ્થાઓના અગ્રણોઓ, ભાઈઓ/ બહેનો સહિત તાલુકા ભરમાંથી મોટી સંખ્યા સાથે ઉપસ્થિત રહ્યા હતા.





# ગાંધીનગર મહાનગરપાલિકાની સેનિટેશન શાખાએ અક્ષરધામ પાસે ખાણીપીણી એકમોમાં તપાસ હાથ ધરી : 25 ને નોટિસ

• ગાંધીનગર

હાલમાં યાત્રાધામ આસપાસ ખાણીપીણીના એકમોમાં તપાસ કરવા માટે સચિવાલયથી છૂટેલા આદેશને પગલે ગાંધીનગર મહાનગરપાલિકાની સેનિટેશન શાખાએ અક્ષરધામ પાસે તપાસ હાથ ધરી હતી અને અખાદ્ય પદાર્થનો નાશ કરીને ૨૫ જેટલા ખાણીપીણીના વેપારીઓને નોટિસ ફટકારી હતી. ગાંધીનગર સચિવાલય ખાતે ગઈકાલે નાયબ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં યાત્રાધામ આસપાસના વિસ્તારોમાં ખાણીપીણી એકમો ઉપર તપાસ કરવા માટે આદેશ કરવામાં આવ્યો હતો.

જેના પગલે ગાંધીનગર મહાનગરપાલિકાની સેનિટેશન શાખા દ્વારા ગાંધીનગરના સુપ્રસિદ્ધ યાત્રાધામ અક્ષરધામ વિસ્તારમાં એક વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. સેનિટેશન શાખા દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલી આ તપાસ ઝુંબેશમાં ખાદ્યચીજોની ગુણવત્તા, હાઈજીન અને કચરાના નિકાલ જેવી બાબતો પર કડક કાર્યવાહી કરવામાં આવી હતી. આ ડ્રાઈવ દરમિયાન કુલ ૩૨ જેટલા ખાદ્યચીજોનું વેચાણ કરતા એકમોની ચકાસણી કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન અધિકારીઓને બિનઆરોગ્યપ્રદ જણાયેલા ખાદ્યપદાર્થોનો જથ્થો મળી આવ્યો હતો, જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. નાશ કરવામાં આવેલ જથ્થામાં ૧૬૨ નંગ બ્રેડ-પાઉ, ૧૨ કિલોગ્રામ શંકાસ્પદ ચટણી અને પાણીપુરી માટેના ૮ કિલોગ્રામ બાફેલા બટાકાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સ્વાસ્થ્ય માટે હાનિકારક ગણાતી અને નાસ્તો પીરસવા માટે ઉપયોગમાં લેવાતી આશરે ૩.૫ કિલોગ્રામ પસ્તી પણ જપ્ત કરી તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. વધુમાં, ફૂડ સેફટી ઓફિસરો દ્વારા ગુણવત્તાની ખાતરી કરવા માટે સ્થળ પર જ વૈજ્ઞાનિક પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા હતા. સ્વચ્છતાના નિયમોનો ભંગ અને બિનઆરોગ્યપ્રદ સ્થિતિ જણાતા કુલ ૨૫ એકમોને નોટિસ પાઠવવામાં આવી છે તેમજ નિયમ ભંગ બદલ કસૂરવાર વેપારીઓ પાસેથી કુલ રૂ. ૩૦૦૦ નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો.



## રાશીફળ (તા.06-12-2025)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજનો દિવસ તમારા માટે નવા અવસર લઈ આવી શકે છે. આત્મવિશ્વાસમાં વધારો થશે અને તમારા પ્રયત્નોથી કામોમાં ઝડપ આવશે. કોઈ પ્રભાવશાળી વ્યક્તિ અથવા વરિષ્ઠ સાથે મુલાકાત લાભદાયક સાબિત થઈ શકે છે. |
| વૃષભ (બ.વ.ઉ) | પરિવારમાં સહકાર અને સૌહાર્દ જળવાઈ રહેશે. આર્થિક સ્થિતિમાં સુધારો થવાની શક્યતા છે અને અટકેલા કામોમાં ગતિ આવશે. આજે ધીરજ અને શાંત સ્વભાવ તમને લાભ આપશે. |
| મિથુન (ક.છ.ઘ) | તમારી વાતચીત કરવાની કુશળતા આજે તમારી સૌથી મોટી તાકાત બનશે. નોકરી અને વ્યવસાયમાં નવી સંભાવનાઓ મળી શકે છે. |
| કર્ક (ડ.હ) | મન થોડું ભાવનાત્મક થઈ શકે છે, પરંતુ પરિવારનો સાથ તમને સંતુલિત રાખશે. કાર્યસ્થળે તમારા પ્રયત્નો ટૂંક સમયમાં સારા પરિણામ લાવશે. |
| સિંહ (મ.ટ) | આજે નેતૃત્વ ક્ષમતા અને નિર્ણય લેવાની શક્તિમાં વધારો થશે. કોઈ મહત્વપૂર્ણ કાર્યમાં સફળતા મળી શકે છે. નવા લોકો સાથેના સંપર્ક તમારા વિકાસમાં મદદરૂપ બનશે. |
| કન્યા (પ.ઠ.ણ) | કામનું ભારણ રહેવાની શક્યતા છે, પરંતુ મહેનતના પરિણામ સંતોષજનક મળશે. આરોગ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. |
| તુલા (ર.ત) | આજે કામ અને વ્યક્તિગત જીવન વચ્ચે સંતુલન જાળવવાની જરૂર રહેશે. નવા અવસરો તમારી સામે આવી શકે છે. આર્થિક સ્થિતિ ધીમે ધીમે સુધરશે. |
| વૃશ્ચિક (ન.ય) | આજે તમે ઊર્જાથી ભરપૂર રહેશો અને અટકેલા કાર્યો પૂર્ણ થવાની સંભાવના છે. કોઈ સારું સમાચાર મળવાની શક્યતા છે. તમે તમારી યોજનાઓને વાસ્તવિક સ્વરૂપ આપવામાં સફળ થઈ શકો છો. |
| ધન | પ્રવાસના યોગ દેખાઈ રહ્યા છે, જે તમારા અનુભવોમાં વધારો લાવશે. કામકાજમાં પ્રગતિના સંકેત મળી રહ્યા છે. સકારાત્મક વિચારો અને નવા વિચારોથી તમને આગળ વધવામાં મદદ મળશે. |
| મકર (ખ.જ) | જવાબદારીઓ વધી શકે છે અને કાર્યમાં સાવચેતી રાખવાની જરૂર પડશે. આર્થિક નિર્ણયો વિચારીને કરો. તમારી મહેનત ટૂંક સમયમાં ફળ આપશે. |
| કુંભ | નવી યોજનાઓ શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. મિત્રો અને સહકર્મચારીઓનો સહયોગ મળશે, જેથી કામ સરળતાથી આગળ વધશે. |
| મીન | ભાવનાત્મક બનીને નિર્ણય લેવાનું ટાળો અને વ્યવહારિક બનો. આર્થિક સ્થિતિ ધીમે ધીમે સુધરશે. આજે કોઈ મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ થઈને તમને રાહત મળશે. |

# 7 ડિસેમ્બરે ભવ્ય જિલ્લા કક્ષાનો યોજાશે દિવ્યાંગ સ્પેશિયલ ખેલમહાકુંભ




• ગાંધીનગર

7 ડિસેમ્બરે ભવ્ય જિલ્લા કક્ષાનો યોજાશે દિવ્યાંગ સ્પેશિયલ ખેલમહાકુંભ : 450 કરતાં વધુ દિવ્યાંગો પોતાનું કૌશલ્ય બતાવશે, પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનારને રોકડ પુરસ્કાર અપાશે ગાંધીનગર જિલ્લાના શારીરિક ક્ષતિગ્રસ્ત દિવ્યાંગ ભાઈ-બહેનોની રમતગમતની પ્રતિભાને પ્રોત્સાહિત કરવા માટે તા. 7 ડિસેમ્બરે એક ભવ્ય જિલ્લા કક્ષાનો દિવ્યાંગ સ્પેશિયલ ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI), સેક્ટર-15 ગાંધીનગર ખાતે યોજાશે. જિલ્લાના શારીરિક ક્ષતિગ્રસ્ત દિવ્યાંગ ભાઈ-બહેનોની રમતગમતની પ્રતિભાને પ્રોત્સાહિત કરવા માટે તા.7 ડિસેમ્બરે એક ભવ્ય જિલ્લા કક્ષાનો દિવ્યાંગ સ્પેશિયલ ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ ખેલમહાકુંભનું આયોજન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, રમતગમત અધિકારીની કચેરી ગાંધીનગર અને નવસર્જન દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત સહયોગથી થઈ રહ્યું છે. દિવ્યાંગ સ્પેશિયલ ખેલમહાકુંભ આશરે 450 કરતાં વધુ દિવ્યાંગ ખેલાડીઓ વિવિધ રમતોમાં પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કરશે. ખેલમહાકુંભમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે એથ્લેટિક્સ, સિટિંગ વોલીબોલ અને ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ સ્પર્ધાના વિજેતાઓ એટલે કે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનારને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે. ખાસ કરીને, પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર ખેલાડીને રાજ્ય સ્તરના ખેલમહાકુંભમાં ભાગ લેવાની અમૂલ્ય તક મળશે. આયોજકો દ્વારા જિલ્લાના તમામ દિવ્યાંગ ખેલાડીઓને આ મહોત્સવમાં ભાગ લેવા અપીલ કરવામાં આવી છે. વધુ માહિતી માટે ખેલાડીઓ નવસર્જન દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટના સંપર્ક નંબર 70168 35058 પર સંપર્ક કરવાનો રહેશે.



# લુણાવાડા પો.સ્ટે. વિસ્તારમાં 1.63 લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો

### પોલીસ ઇન્સ્પેક્ટર એમ.કે.ખાંટની સુચના અને માર્ગદર્શન હેઠળ વોચ રાખી



• દિલીપભાઈ બારીઆ

પંચમહાલ ગોધરા રેન્જ પોલીસ મહાનિરીક્ષક આર.વી.અંસારી તથા મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસનએ પ્રોહીબીશનની અસરકારક કામગીરી કરવા તેમજ પ્રોહીબીશનની અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા સુચન કરેલ હોય જે અનુસંધાને મહીસાગર એલ.સી.બી. પોલીસ ઈન્સ. . એમ.કે.ખાંટની સુચના અને માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો જીલ્લામાં અલગ અલગ જગ્યાએ પ્રોહિ વોચ તપાસમાં રહેલ.જે દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના અ.પો.કો. રાહુલકુમાર લાલજીસિંહ તથા આ.પો. કો. મનિષભાઈ સેલાભાઈ નાઓને સંયુકત બાતમી મળેલ કે લુણાવાડા ટાઉન વિસ્તારના ડોકવા ગામની સીમમાં એક સફેદ કલરની ક્રેટા ગાડીમાંથી કોતરના કીનારે ઝાડી-ઝાખરામાં અવાવરૂ જગ્યાએ ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ થેલાઓ મુકી નાસી ગયેલ છે. જે ચોક્કસ બાતમી હકીકત આધારે સ્ટાફના માણસોએ સદર બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા ઝાડી-ઝાખરામાં થેલાઓ મુકેલ હોય જેમાં પંચો રુબરૂ ચેક કરતા વિદેશી દારૂની બોટલો ભરેલી હોવાનુ જણાવી આવતા થેલાઓને એલ.સી.બી. ઓફીસ લાવી વધુ ચેક કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી બોટલો કુલ નંગ ૫૩૩ કુલ રૂ. ૦૧,૬૩,૪૦૪/- નો વિદેશી દારૂ મળી આવેલ જે અંગે લુણાવાડા ટાઉન પોસ્ટે ખાતે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**શંકા-કુશંકા** ગુજરાતમાં સતત 'માનવ અધિકારોનું' મોટાપાયે ઉલ્લંઘન થઇ રહ્યું છે

# કસ્ટોડીયલ ડેથમાં ગુજરાત દેશમાં ટોચના ક્રમાંકે: છેલ્લાં છ વર્ષમાં પોલીસ કસ્ટડીમાં ૯૫ આરોપીનાં મોત

### ગુજરાતમાં માનવ અધિકારોનું મોટાપાયે ઉલ્લંઘન અને સત્તાના દુરઉપયોગમાં રાચતી ભાજપ સરકારમાં સતત વધી રહેલા કસ્ટોડીયલ ડેથ

• અમદાવાદ

ગુજરાતમાં 'માનવ અધિકારોનું' મોટાપાયે ઉલ્લંઘન અને સત્તાના દુરઉપયોગમાં રાચતી ભાજપ સરકારમાં કસ્ટોડીયલ ડેથ અંગે ગૃહ વિભાગ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે ગાંધી-સરદારના ગુજરાતમાં સતત વધી રહેલા કસ્ટોડીયલ ડેથના કિસ્સાઓ એ ગુજરાત માટે ચિંતાનો વિષય છે. સભ્ય સમાજ- (સિવિલ સોસાયટી) એ કાયદાના શાસન (RULE OF LAW)થી ચાલે છે. પરંતુ ભાજપ સરકારમાં થતા કસ્ટોડીયલ ડેથ એ 'AN ABUSE OF POWER'ની ચાડી ખાય છે. તાજેતરમાં સુરેન્દ્રનગર ખાતે એક કસ્ટોડીયલ ડેથની ઘટના પણ તપાસ માંગી લે છે. છેલ્લાં છ વર્ષમાં પોલીસ કસ્ટડીમાં ૯૫ આરોપીનાં કસ્ટોડીયલ ડેથ સાથે ગુજરાત દેશમાં ટોચના ક્રમાંકે છે. નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન (એનએચઆરસી)ના રિપોર્ટમાં કસ્ટોડીયલ ડેથના આંકડાઓએ ભાજપ સરકારના ગૃહ વિભાગેની સબ સલામતની પોલ ખોલી નાખી છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૭-૧૮માં



૧૪, વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૩, વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૨, વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૪ અને વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૫ કસ્ટોડીયલ ડેથની ઘટના બની છે, કોરોનાકાળના વર્ષ ૨૦૧૯-૨૦માં કસ્ટોડીયલ ડેથની ઘટનાઓની તુલનામાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૪ ઘટના સાથે કસ્ટોડીયલ ડેથના કિસ્સાઓમાં બમણો વધારો થયો હતો. સમગ્ર દેશમાં ૨૦૧૭ થી ૨૦૨૩ સુધીના છ વર્ષમાં પોલીસ કસ્ટડીમાં લગભગ ૭૦૦ થી વધુ લોકોના મોત થયા છે. પોલીસ ટોર્ચર, સમયસર મેડીકલ ટ્રીટમેન્ટ ન મળે સહિતના કારણોને કારણે આરોપીઓનાં મોત થયા છે. ગુજરાતમાં સતત 'માનવ અધિકારોનું' મોટાપાયે ઉલ્લંઘન થઈ રહ્યું છે. આ પરિસ્થિતિ પોલીસ કસ્ટડીમાં રહેલા લોકોની સલામતિ અંગે ગંભીર ચિંતાઓ ઉભી કરે છે.

પ્રશ્ન એ છે કે જો પોલીસ અને અન્ય તપાસ એજન્સીઓ તેમની ફરજો યોગ્ય રીતે નિભાવી રહી છે તો દરરોજ કસ્ટોડીયલ મૃત્યુના કિસ્સાઓ કેમ બહાર આવી રહ્યાં છે ? તપાસ પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ કેમ છે ? સ્પષ્ટ પણે, આ મામલે બેદરકારી અને મનસ્વીતા આચરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૮ અને ૨૦૨૦ માં અલગ-અલગ આદેશોમાં સુપ્રિમકોર્ટ માનવ અધિકારોના ઉલ્લંઘન રોકવા માટે પોલીસ સ્ટેશનો, સીબીઆઈ, ઈડી અને તપાસ એજન્સીઓની કચેરીમાં સીસીટીવી કેમેરા અને રેકોર્ડીંગ સાધનો સ્થાપિત કરવાનો આદેશ આપ્યો હતો પરંતુ એનો પૂરેપૂરો અમલ કરવામાં આવ્યો નથી ઘણા પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા નથી અથવા બંધ કરવામાં આવ્યાં છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, દેશના બંધારણે દરેક નાગરિકને જીવન અને ન્યાયનો અધિકાર આપ્યો છે. પરંતુ આજે કસ્ટોડિયલ ડેથ આપણા તંત્ર પર સૌથી ગંભીર પ્રશ્નચિહ્ન ઊભું કરે છે. મોટાભાગના ગરીબ, પછાત, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ સમાજના આરોપીઓને સૌથી વધુ ત્રાસ, અમાનવિયતા અને યાતના સહન કરવી પડે છે.

### રાજ્યમાં ધાર્મિક સૌહાર્દનું ઉત્તમ ઉદાહરણ

# 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના સાથે અમદાવાદ ખાતે મુસ્લિમ મહિલાઓ યોગાભ્યાસ કેમ્પમાં બની સહભાગી

### યોગ એ ધાર્મિક માન્યતાઓથી ઉપર તેમજ માનવ સ્વાસ્થ્ય-કલ્યાણ સાથે જોડાયેલો એક વૈશ્વિક વિષય છે: યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી યોગસેવક શીશપાલજી

• અમદાવાદ

તંદુરસ્ત સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે ધર્મ કે જાતિ કોઈ અવરોધ બનતા નથી. સમગ્ર સૃષ્ટિ એક પરિવાર છે, 'વસુધૈવ કુટુંબકમ્'ની આ જ ભાવના સાથે અમદાવાદ ખાતે મુસ્લિમ મહિલાઓએ યોગ કેમ્પમાં સહભાગી થઈને વિવિધ યોગાસનો અને પ્રાણાયામમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધી હતો. રાજ્યના કોમી એકતાના વારસાને વધુ મજબૂત બનાવતા રાજ્ય યોગ બોર્ડના આ કાર્યક્રમ થકી 'સ્વસ્થ ગુજરાત-મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનને એક નવી ઊંચાઈ મળી છે. આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી યોગસેવક શીશપાલજીએ જણાવ્યું હતું કે, આ મારું છે કે પારકું, એવી ગણના સંકુચિત મનના લોકો



કરે છે. ઉદાર ચારિત્યવાળા લોકો માટે તો સમગ્ર પૃથ્વી જ એક પરિવાર છે. આ યોગાભ્યાસ વર્ગમાં મુસ્લિમ મહિલાઓની સહભાગિતા એ વાતનો સ્પષ્ટ પુરાવો છે કે યોગ એ ધાર્મિક માન્યતાઓથી ઉપર, માત્ર માનવ સ્વાસ્થ્ય અને કલ્યાણ સાથે જોડાયેલો એક વૈશ્વિક વિષય છે. યોગ માનવસમાજ-માનવજાતિ માટે છે. તે કોઈ એક ધર્મ, જાતિ કે સમુદાયનો ઈજારો નથી. યોગ એ આંતરિક શાંતિ, શારીરિક સંતુલન અને માનસિક સ્થિરતા પ્રાપ્ત કરવાની સાર્વત્રિક કળા છે. શ્રી યોગસેવક શીશપાલજીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડે દ્વારા રાજ્યના દરેક નાગરિકને યોગ સાથે જોડીને રોગમુક્ત અને મેદસ્વિતામુક્ત બનાવવાના જનજાગૃતિ અભિયાનને મોટા પાયે વેગ આપવામાં આવી રહ્યો છે. સ્વાસ્થ્ય જ સર્વોપરી પહેલ હેઠળ અમદાવાદ ખાતે મુસ્લિમ સમુદાયની મહિલાઓએ મેદસ્વિતા નિવારણ રિઝલ્ટ ઓરિએન્ટેડ કેમ્પની મુલાકાત લઈને યોગાભ્યાસમાં સહભાગી બની હતી. જે સમાજમાં એકતા અને સૌહાર્દનો મજબૂત સંદેશો આપે છે. શ્રી યોગસેવક શીશપાલજીએ ભાવપૂર્વક ઉમેર્યું હતું કે, યોગ એ જ પરિવારનો સેતુ છે, જે આપણને અંદરથી મજબૂત બનાવે છે, આપણી ચેતનાને ઉચ્ચ સ્તરે લઈ જાય છે અને સૌને એકતાના તાંતણે બાંધે છે. આ સફળ આયોજન દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડે એક ઉદાહરણ પૂરું પાડ્યું છે કે, કેવી રીતે સ્વાસ્થ્ય અને આધ્યાત્મિકતાના માધ્યમથી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે.

# વાકાનાળા ત્રણ રસ્તા ઉપર નાકાબંધી દરમિયાન દારૂ ભરેલી ગાડી સાથે એક ઝબ્બે

### 2.82 લાખથી વધુ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર



પ્રોહીનો ગણનાપાત્ર કેસ કરતી સંતરામપુર પોલીસ મહીસાગર જીલ્લાના પોલીસ અધિક્ષક સફીન હસન સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક કમલેશ વસાવા સંતરામપુર વિભાગ સંતરામપુર નાઓએ પ્રોહી પ્રવૃતી ઉપર અંકુશ લાવી આવી પ્રવૃત્તિને સદંતર નાબુદ કરવા આપેલ સુચના આધારે પોલીસ ઈન્સ્પેકટર કે.કે.ડીડોર સંતરામપુર પોલીસ સ્ટેશન નાઓએ સંતરામપુર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફને પ્રોહીબીશનની હેરાફેરી કરતા ઈસમો તથા પ્રોહીની પ્રવૃતી સબંધીત જગ્યાઓ તથા પ્રોહી બુટલેગર ઉપર વોચ રાખી રેઈડો કરતા તથા અવાર નવાર સખ્ત વાહન ચેકીંગ કરવા જણાવેલ આજ રોજ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ સંતરામપુર પોલીસના સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાંકાનાળા ત્રણ રસ્તા ઉપર વાહન ચેકીંગમાં હતા દરમ્યાન પોલીસને અંગત બાતમીદારથી બાતમી મળેલ કે એક હોન્ડા કંપનીની સફેદ કલર જાઝ ફોરવ્હીલ ગાડી જેનો રજી નં-GJ.01.RM.7093નીમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ ભરી વાજીયાખુંટ તરફના રોડેથી આવે છે તેવી બાતમી મળતા વાકાનાળા ત્રણ રસ્તા ઉપર નાકાબંધીમાં હતા દરમ્યાન સદર બાતમીવાળી ફોરવ્હીલ ગાડી આવતા તેને ઉભી રાખવા ઈશારો કરતા ગાડીના ચાલકે તેની ગાડી ઉભી નહી રાખી અને લુણાવાડા તરફના રોડે હંકારેલ જેથી પોલીસે સદર ગાડીનો પીછો કરી ઝાલા પાદેડી ગામે રોડ ઉપર સદર ગાડી રોડની સાઈડમાં ઉભી કરાવી ગાડીના ચાલકનુ નામ ઠામ પુછતા તેણે તેનુ નામ અર્જુન રામસિંહ રાજપુત રહે.અમરાઈવાડી અમદાવાદ તા.જી. અમદાવાદનો હોવાનું જણાવેલ અને ગાડી ચેક કરતા ગાડીની વચ્ચેની સીટમા નીચેના ભાગે, હેન્ડબ્રેકની નીચેના તથા ગાડીમા જુદી જુદી જગ્યાએ બનાવેલ ચોરખાનામાંથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂના પ્લાસ્ટીકના ૧૮૦ એમ.એલ.ના કવાર્ટરીયા નંગ-૮૮૦ કિ.રૂ.૨,૮૨,૮૮૦/-નો પ્રોહી મુદ્દામાલ તથા આરોપીની અંગજડતી માંથી મળી આવેલ મોબાઈલ ફોન-૧ કિ.રૂ.૧૫૦૦૦/- તથા હોન્ડા કંપનીની સફેદ કલર જાઝ ફોરવ્હીલ ગાડી નંગ-૧ કિ.રૂા.૪.૦૦,૦૦૦/-મળી કુલ કિ.રૂા. ૬.૯૭,૮૮૦/-ના મુદ્દામાલ સાથે આરોપી અર્જુન રામસિંહ રાજપુત રહે.અમરાઈવાડી અમદાવાદ તા.જી.અમદાવાદને પકડી પાડી સંતરામપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભરૂચમાં ભયાનક અકસ્માત: પૂરપાટ કારે રાહદારીને ટક્કર મારી

### CCTV ફૂટેજ આધારે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો

• ભરૂચ

ભ રૂચના પશ્ચિમ વિસ્તારમાં વહેલી સવારે એક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક પૂરપાટ ઝડપે દોડતી કારે રાહદારીને ટક્કર મારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યો હતો.

સિફાથી મનુબર ચોકડી તરફ જતા માર્ગ પર બનેલી આ ઘટના નજીકના શોપિંગ કોમ્પ્લેક્સના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. અકસ્માત બાદ સ્થાનિકોએ તાત્કાલિક ઘાયલ રાહદારીને સારવાર માટે વેલ્ફેર હોસ્પિટલ ખસેડ્યો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, કારચાલકે ઝડપ જાળવતા વાહન પરનો કાબૂ ગુમાવ્યો હોવાથી આ અકસ્માત થયો હતો. વહેલી સવારે સિટી રૂટ પર વધતા ટ્રાફિકને કારણે આ માર્ગોનો ઉપયોગ વધ્યો છે, જેના કારણે સ્થાનિકોએ વ્યસ્ત માર્ગો પર ટ્રાફિક જવાનો તૈનાત કરવાની માંગ કરી છે.

આ અંગે બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ વી.એસ.વણઝારાએ જણાવ્યું હતું કે, 'અકસ્માત



બે દિવસ પહેલા થયો હતો. અમે સીસીટીવી ફૂટેજ મેળવી લીધા છે અને કારચાલક મહારાષ્ટ્રનો હોવાથી તેની વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.'

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહનો દિયોદર બનાસ ડેરીનો પ્રાદેશિક પ્રવાસ

• પ્રતિનિધિ દિયોદર જગદીશ સોની

6 ડિસેમ્બરના રોજ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને ભૂમિપૂજન કરશે સણાદર જનસભામાં પણ ભાગ લેશે બનાસકાંઠા સ્થિત બનાસ ડેરી પરિસરમાં અમિત શાહની અધ્યક્ષતામાં સલાહકાર સમિતિની બેઠક પણ મળશે જેમાં સહકારી ડેરી વિકાસ ' સંબંધિત વિવિધ પહેલો પર સમીક્ષા કરવામાં આવશે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે શનિવારે બનાસકાંઠા ની મુલાકાતે છે જેમાં દિયોદર તાલુકાના સણાદર બનાસ ડેરી ખાતે વિવિધ પ્રોજેકટનું લોકાપર્ણ અને ખાતમુહુર્ત કરશે તેને લઈ બનાસ અને વાવ થરાદ વાસીઓ માં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે દિયોદર સણાદર બનાસ ડેરી ખાતે આજે શનિવાર ના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ મુલાકાત લેનાર છે જેમાં બનાસ ડેરી ખાતે કાર્યરત બનાસ ડેરીના બાયો CNG ફર્ટિલાઈઝર પ્લાન્ટનું લોકાર્પણ અને પાવડર પ્લાન્ટ નું ખાતમૃહુર્ત કરશે તેમજ પાવડર પ્લાન્ટ અને બટાટા ના પ્લાન્ટ ની પણ મુલાકાત લે છે જેમાં બપોરે ૧:૦૦ કલાકે સોઈલ ટેસ્ટિંગ લેબ (વર્ચ્યુઅલ) અને રેડિયો સ્ટેશન ની મુલાકાત લઈ બનાસ ડેરી પરિસરમાં સહકારિતા મંત્રાલયની બેઠક પણ મળશે જેમાં ' સહકારી ડેરી વિકાસ સંબંધિત વિવિધ પહેલો પર સમીક્ષા કરવામાં આવશે તેની સાથે સાથે સણાદર ખાતે બનાસ ડેરી દ્વારા આયોજિત વિશાળ જનસભામાં પણ ભાગ લેશે

### આ દારૂ કોણે મંગાવ્યો હતો ની તપાસ પોલીસ દ્વારા શરૂ કરાઈ

# લુણાવાડા પોલીસે 1.63 લાખ રૂપિયાનો બિનવારસી વિદેશીદારૂનો જથ્થો ઝડપી પાડ્યો

વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર લુણાવાડા ટાઉન પો.સ્ટે. વિસ્તારમાં રૂ ૦૧,૬૩,૪૦૪/- નો વિદેશી દારૂ બોટલ નંગ-૫૪૪ ઝડપી પાડી પ્રોહીબીશનનો કેસ શોધી કાઢતી મહીસાગર એલ.સી.બી. મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન પ્રોહીબીશનની અસરકારક કામગીરી કરવા તેમજ પ્રોહીબીશનની અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા સુચન કરેલ હોય જે અનુસંધાને મહીસાગર એલ.સી. બી. પોલીસ ઈન્સ. . એમ.કે.ખાંટની સુચના અને માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો જિલ્લામાં અલગ અલગ જગ્યાએ પ્રોહિ વોચ તપાસમાં રહેલ. જે દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના




અ.પો.કો. રાહુલકુમાર લાલજીસિંહ તથા આ.પો.કો. મનિષભાઈ સેલાભાઈ નાઓને સંયુકત બાતમી મળેલ કે લુણાવાડા ટાઉન વિસ્તારના ડોકવા ગામની સીમમાં એક સફેદ કલરની ક્રેટા ગાડીમાંથી કોતરના કીનારે ઝાડી-ઝાખરામાં અવાવરૂ જગ્યાએ ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ થેલાઓ મુકી નાસી ગયેલ છે જે ચોક્કસ બાતમી હકીકત આધારે સ્ટાફના માણસોએ સદર બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા ઝાડી-ઝાખરામાં થેલાઓ મુકેલ હોય જેમાં પંચો રુબરૂ ચેક કરતા વિદેશી દારૂની બોટલો ભરેલી હોવાનુ જણાવી આવતા થેલાઓને એલ.સી.બી. ઓફીસ લાવી વધુ ચેક કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી બોટલો કુલ નંગ ૫૩૩ કુલ રૂ. ૦૧,૬૩,૪૦૪/- નો વિદેશી દારૂ મળી આવેલ જે અંગે લુણાવાડા ટાઉન પોસ્ટે ખાતે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

**બિરદાવ્યા** ભવિષ્યમાં પણ બાળકો રાજ્યકક્ષાએ નંબર મેળવી શાળા તથા ગામનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવાઇ

# રાણાકંડોરણાની પુંજાપરા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભમાં એક લાખ ત્રેત્રીસ હજારનું રોકડ પુરસ્કાર મેળવ્યું

## ખેલ મહાકુંભમાં અભ્યાસ સાથે રમતગમતમાં પણ જુદી જુદી સ્પર્ધાઓમાં વિજેતા બનીશ્રેષ્ઠ પ્રદર્શન દાખવનાર વિદ્યાર્થીઓને બિરદાવ્યા

• વિરમભાઈ કે.આગઠ

ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ પ્રેરિત અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત આયોજીત ખેલ મહાકુંભ૨૦૨૫ માં અલગ અલગ ૧૫ જેટલી સ્પર્ધા ઓમાં રાણાકંડોરણાની પુંજાપરા પ્રાથમિક શાળાની વિદ્યાર્થિ/ વિદ્યાર્થિનીઓએ તાલુકા કક્ષાની એથલેટિક્સ રમતમાં અંડર-૧૪ માં સોલંકી રાહુલ બાબુ ચક્રફેંક માં પ્રથમ, રાતીયા હિતેશ લીલા ઊંચી કુદમાં દ્વિતીય, મોરી મિતલ મેરા ૧૦૦ મીટર દોડમાં દ્વિતીય, ધામેચા ઉદય જગુ ૨૦૦મીટર દોડમાં દ્વિતીય અને મકવાણા નવઘણ મહેશ તૃતીય,ભગીરથ આર્યન દિલીપ ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય તાલુકા કક્ષાએ આવતા આ વિદ્યાર્થીઓએ ૬૨૫૦ ની રાશી મેળવેલી. જ્યારે જીલ્લાકક્ષાએ કરાટેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર નંબર મેળવનાર ૫ ખેલાડીઓ રૂ.૧૬૦૦૦ ઈનામ પ્રામ કરેલ. ટેકવંડો રમતમાં ૮ વિદ્યાર્થીઓએ દ્વિતીય નંબરમાં બે અને તૃતીય નંબરે ૬ વિદ્યાર્થીઓ આવતા તેઓએ ૧૮,૦૦૦ રૂ. ઈનામ મેળવેલ. જ્યારે એટલે એથ્લેટિકસની રમતમાં અંડર-૧૪ માં ચક્રફેંકમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ સોલંકી રાહુલ બાબુએ પ્રથમ અને દ્વિતીય નંબર, ઊંચી કુદમાં રાતીયા જીતેશ લીલા તૃતીય નંબર ,૧૦૦ મીટર દોડમાં મકવાણા ધાર્મિક ઉમેશ દ્વિતીય મેળવી. એથ્લેટિકસ ની ઉપરોક્ત રમતમાં કુલ રૂ.૧૨૭૦૦નું ઈનામ પ્રાપ્ત કરેલ. આર્ચરી રમતમાં અંડર-૧૪ માં જિલ્લા કક્ષાએ મકવાણા નવઘણ મહેશ અને મકવાણા હેતલ શૈલેષ



ઈન્ડિયન રાઉન્ડ માં પ્રથમ નંબરે આવતા તેઓને રૂ ૧૦૦૦૦ અને મકવાણા અંકિતા પ્રતાપ દ્વિતીય નંબરે આવતા તેઓને ૩૦૦૦ તથા મકવાણા સુજીતા અરવિંદ તૃતીય નંબરે આવતા તેઓને રૂ.૨૦૦૦ મળી કુલ આર્ચરી રમતમાં રૂ.૧૫૦૦૦ નું ઈનામ મેળવેલ છે. જ્યારે ટેબલ ટેનિસ ની અંડર-૧૧ની સિંગલ (વ્યક્તિ ગત) રમતમાં ક્મલપરા નૈતિક જીતેશ પ્રથમ નંબરે રૂ.૫૦૦૦,ચૌહાણ રુદ્ર હરેશ દ્વિતીય નંબરે રૂ.૩૦૦૦ મળતા કુલ રૂ.૮૦૦૦ અને લોન ટેનિસ રમતમાં ચૌહાણ રુદ્ર હરેશ પ્રથમ નંબરે રૂ.૫૦૦૦, ક્મલપરા નૈતિક જીતેશ તૃતીય નંબરે રૂ.૨૦૦૦ અને અંડર - ૧૪માં ચાવડા ખુશી કિશોર દ્વિતીય નંબરે રૂ.૩૦૦૦ અને કોડિયાતર જલ્પા ભાયા તૃતીય નંબરે રૂ.૨૦૦૦ મળતા કુલ રૂ.૧૩૦૦૦ ના ઈનામ માળેવેલા અંડર-૧૪માં કુસ્તીમાં ૨૬-૩૦ કોડિયાતર કાજલ ભાયા તૃતીય નંબરે રૂ.૨૦૦૦ જ્યારે હેન્ડબોલ ટીમમાં (ભાઈઓ) અને બહેનોની ટીમ દ્વિતીય નંબરે આવતા બંને ટીમ મળી રૂ.૪૮૦૦૦ મળેલા આમ સર્વે રમતોમાંની ઈનામી રકમ કુલ રૂ.૧૩૩૨૦૦ ની પ્રાપ્ત કરેલ છે.આમ ખેલ મહાકુંભ અંતર્ગત જુદી-જુદી સ્પર્ધાઓમાં વિજેતા બનીને શાળાનું નામ રોશન કરેલ છે. રાણાવાવ તાલુકાના રાણા કંડોરણા ગામની શ્રી પુંજાપરા પ્રા. શાળાના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત તાલુકા તથા જિલ્લા કક્ષાની વિવિધ વ્યક્તિગત રમતો તથા ટીમ રમતો જેવીકે એથ્લેટિક્સ, કરાટે, ટેકવેંડો, આર્ચરી, ટેબલ ટેનીસ, કુસ્તી, હેંડબોલ વગેરે જેવી રમતોમાં ભાગ લઈ શાળાના બાળકોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર મેળવીને એક લાખ તેંત્રીસ હજાર રૂપિયા જેવી માતબર રકમની ઈનામી રાશિ પ્રાપ્ત કરેલ છે. જેમાં તાલુકા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ૧ ગોલ્ડ, ૪ સિલ્વર તથા ૧ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૬ મેડલ પ્રાપ્ત કરી કુલ ૬૦૦૦ જેટલી ઈનામી રાશિ પ્રાપ્ત કરેલ છે. તેમજ જિલ્લા કક્ષાનીટેબલ ટેનિસ તથા લોન ટેનિસ માં ૨ ગોલ્ડ, ૨ સિલ્વર, ૨ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૬ મેડલ, આર્ચરીમાં ૨ ગોલ્ડ્, ૧ સિલ્વર, ૧ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૪ મેડલ, કરાટેમા ૨ ગોલ્ડ, ૩ સિલ્વર, ૧ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૫ મેડલ, ટેકવેંડોમાં ૨ સિલ્વર, ૬ બ્રોન્ઝ સહિત કુલ ૮ મેડલ, એથ્લેટિક્સમાં ૨સિલ્વર, ૧ બ્રોન્ઝ સહિત કુલ ૩ મેડલ કુસ્સીમાં ૧ બ્રોન્ઝ મેડલ, હેંડબોલમાં કુમાર તથા કન્ફા એમ બંને ટીમ જીલ્લામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે. આમ તાલુકા તથા જિલ્લા કક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં શ્રીપુંજાપરા પ્રાથમિક શાળા રાણા કંડોરણાના બાળકોએ કુલ ૬ ગોલ્ડ,૧૪ સિલ્વર, ૧૩ બ્રોન્ઝ મેડલ મળી કુલ ૩૩ મેડલ જીત્યા છે. જિલ્લા કક્ષાની વ્યક્તિગત સ્પર્ધામાં પ્રથમ નંબરને ૫૦૦૦, દ્વિતીય નંબરને ૩૦૦૦, તૃતીય નંબરને ૨૦૦૦રૂ. તથા ટીમ રમતમાં કુલ ૪૮૦૦૦ રૂ.એમ કુલ મળી એક લાખ તેંત્રીસ હજાર રૂપિયા ઈનામી રાશિ પ્રાપ્ત કરેલ છે. જિલ્લા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલા બાળકો રાજ્ય કક્ષાએ આપણા પોરબંદર જિલ્લા નું પ્રતિનિધિત્વ કરશે. ઈનસ્કુલ અંતર્ગત ટ્રેનર રમેશભાઈ ટુકડિયા, ટ્રેનર કૈલાશબેન રાઠવા તથા શિક્ષક ઘેલુભાઈ કાંબલિયા દ્વારા બાળકો ને સમગ્ર વર્ષ દરમિયાન પ્રેક્ટિસ કરાવી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. ભવિષ્યમાં પણ બાળકો રાજ્યકક્ષાએ નંબર મેળવી શાળા તથા ગામનું નામ રોશન કરે તેવી શ્રી પુંજાપરા પ્રા. શાળા પરીવાર વતી બાળકોને હાર્દિક શુભકામનાઓ પાઠવવામા આવી છે.

## શૈક્ષણિક સંશોધન માટે સ્પેસ સ્પેક્ટ્રમમાં ડેટા સ્ટોર કરશે - અતુલ સચદેવા

# દીયુ રશિયાની એચએસઈ યુનિવર્સિટી સાથે મળીને સ્પેસ મિરર લેબ બનાવશે

**વિકાસનો નવો અધ્યાય** દિલ્હી યુનિવર્સિટી અને HSE યુનિવર્સિટી વચ્ચે સાયન્ટિફિક મિરર લેબોરેટરીની સ્થાપના ખૂબ જ દૂરંદેશી

• અતુલ સચદેવા, વરિષ્ઠ પત્રકાર

દિલ્હી યુનિવર્સિટી અને રશિયાની HSE યુનિવર્સિટી સંયુક્ત રીતે સ્પેસ મિરર લેબ સ્થાપિત કરશે. શુક્રવાર, 5 ડિસેમ્બરના રોજ દિલ્હી યુનિવર્સિટી અને નેશનલ રિસર્ચ યુનિવર્સિટી હાયર સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ (HSE યુનિવર્સિટી), રશિયા વચ્ચે 'સહકારનું નિવેદન' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બોલતા, દિલ્હી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર યોગેશ સિંહે જણાવ્યું હતું કે બે મિત્ર દેશોની બે અગ્રણી સંસ્થાઓ સંશોધનમાં સંયુક્ત રીતે જોડાવા માટે આગળ આવી છે તે ખૂબ જ આનંદની વાત છે. તેમણે સમજાવ્યું કે પ્રસ્તાવિત સહયોગમાં HSE યુનિવર્સિટીના સહયોગથી દિલ્હી યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટી ખાતે સ્પેસ મિરર લેબની સ્થાપનાનો સમાવેશ થાય છે. વાઈસ ચાન્સેલર પ્રોફેસર યોગેશ સિંહે જણાવ્યું હતું કે શૈક્ષણિક સંશોધન હેતુઓ માટે સ્પેસ સ્પેક્ટ્રમમાં ડેટા સ્ટોરેજ, પ્રોસેસિંગ અને ટ્રાન્સમિશન પર દિલ્હી યુનિવર્સિટી અને HSE યુનિવર્સિટી વચ્ચે સાયન્ટિફિક મિરર લેબોરેટરીની સ્થાપના ખૂબ જ દૂરંદેશી અને મહત્વાકાંક્ષી યોજના છે. આ સહયોગના ભાગ રૂપે, બંને યુનિવર્સિટીઓ મિરર લેબ દ્વારા સંયુક્ત સંશોધન અને શૈક્ષણિક પ્રોજેક્ટ્સ પર સાથે મળીને કામ કરશે જેનો ભારત અને રશિયાને ફાયદો થશે. વાઈસ ચાન્સેલરે ઉમેર્યું હતું કે અન્ય ઘણા શૈક્ષણિક પ્રોજેક્ટ્સ પણ પાઈપલાઈનમાં છે. તેમણે કહ્યું કે આ સંયુક્ત શૈક્ષણિક અને સંશોધન કાર્યક્રમો બંને



યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી માટે ખૂબ જ ફાયદાકારક રહેશે. આ પ્રસંગે, HSE યુનિવર્સિટીના રેક્ટર ડૉ. નિકિતા અનિસિમોવા અને દિલ્હી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. વિકાસ ગુપ્તાએ વાઈસ ચાન્સેલર પ્રો. યોગેશ સિંહની હાજરીમાં સહકારના નિવેદન પર હસ્તાક્ષર કર્યા. રશિયન પક્ષ તરફથી HSE યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. મનોજ શર્મા અને શ્રીમતી અનાસ્તાસિયા સેર્ગીવા હાજર રહ્યા હતા. DU તરફથી કોલેજોના ડીન પ્રો. બલરામ પાની, SOLના ડિરેક્ટર પ્રો. પાયલ માગો, ઈન્ટરનેશનલ રિલેશન્સના ચેરમેન પ્રો. નીરા અગ્નિમિત્ર, ઈન્ટરનેશનલ રિલેશન્સના ડીન પ્રો. અનિલ રાય અને પ્રો. શૈલેન્દ્ર ગોયલ, કલ્ચર કાઉન્સિલના ચેરમેન અને PRO અનુપ લાઠેર, ટેકનોલોજી ફેકલ્ટીના ડીન પ્રો. સંજીવ સિંહ, ડીન એકેડેમિક પ્રો. કે. રત્નાબલી અને અન્ય ઘણા અધિકારીઓ હાજર રહ્યા હતા.

# સંતરામપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રૂા. એક લાખ ઉપરાંતનો વિદેશી દારૂ ઝડપાયો

## કુલ રૂ. ૮,૧,૭૨૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો

• વીરભદ્ર સિંહ સિસોદીયા. મહીસાગર

સંતરામપુર પો.સ્ટે. વિસ્તારમાં લિસ્ટેડ બુટલેગર પર પ્રોહીબીશનનો કેસ કરી રૂ,૦૧,૦૧,૭૨૦/- નો વિદેશી દારૂ બોટલ નંગ-૩૮૬ તથા કુલ. રૂ. ૦૮,૦૧,૭૨૦/- નો મુદ્દામાલ ઝડપી પાડતી મહીસાગર એલ.સી.બી. મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન પ્રોહીબીશનની અસરકારક કામગીરી કરવા તેમજ પ્રોહીબીશનની અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને મહીસાગર એલ.સી.બી. પોલીસ ઈન્સ.. એમ.કે.ખાંટની સુચના અને માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો જિલ્લામાં અલગ અલગ જગ્યાએ પ્રોહી વોચ તપાસમાં રહેલ. જે દરમ્યાન અ.પો.કો. ગીરીશભાઈ માનસીંગભાઈ નાઓને બાતમી મળેલ સંતરામપુર સરકારી દવાખાના નજીક રહેતા લિસ્ટેડ બુટલેગર સંજયકુમાર ઉર્ફે મોનુ રમેશભાઈ ડામોર રહે.ટાવર રોડ સરકારી હોસ્પીટલની સામે કુંભારવાડા તા.સંતરામપુરનો પોતાના ઘર આગળ ચોરી છુપીથી તેના કબજાની ફોર વ્હીલ ગાડીઓ અલ્ટો કાર નંબર. GJ-09-BA-0462 તથા મહીન્દ્રા કંપનીની MARAZZO ગાડી નંબર GJ-35- B-9022-નીમાં વિદેશી દારૂની બોટલો લાવી તેના ઘર આગળ રાખી મુકેલ છે જે બાતમી આધારે સ્ટાફના માણસોએ સદરી ઈસમના ઘરે જઈ તપાસ કરતા બાતમી મુજબની ગાડીઓમાં વિદેશી દારૂઓની પેટીઓ જણાવી આવતા સદર ગાડીઓને પોલીસ જાપ્તા સાથે સંતરામપુર





પોલીસ સ્ટેશન લાવી ચેક કરતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની કાચની નાની મોટી બોટલો નંગ ૩૮૬ કુલ રૂ. ૦૧,૦૧,૭૨૦/- નો વિદેશી દારૂ તથા બીજો મુદ્દામાલ કુલ રૂ. ૦૮,૦૧,૭૨૦/-નો મળી આવેલ જે અંગે સંતરામપુર પોસ્ટે ખાતે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

# દહેગામના બહીયલમાં ગૌવંશ વેચાણ અટકાવવા જતા યુવક પર હુમલો

## બહીયલ ગામમાં ફરી માહોલ ગરમાયો

• ગાંધીનગર

ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકાના બહીયલ ગામમાં ફરી માહોલ ગરમાયો છે. બહીયલમાં ગૌ વંશને બચાવવા જતા યુવક પર હુમલાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ દરમિયાન બોલાચાલી વકરી અને મારામારી સુધીની સ્થિતિ સર્જાઈ હોવાનું કહેવાય છે. આ હુમલામાં યુવકને ગંભીર ઈજા પહોંચી હોવાથી તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. દહેગામ તાલુકાના બહીયલ ગામે ફરી એકવાર ગૌવંશને લઈને વિવાદ સર્જાયો છે. ગૌવંશની હેરાફેરી અને વેચાણને રોકવા જતા સ્થાનિક યુવક પર જીવલેણ હુમલો થયો હોવાના આક્ષેપો ઉઠ્યા છે, જેના પગલે ગામનું વાતાવરણ ફરી તંગ બન્યું છે. મળતી માહિતી મુજબ, દહેગામ તાલુકાના કમાલબંધ વાસણા ગામનો એક યુવક ગૌવંશને બહીયલ ગામે વેચાણ માટે લાવ્યો હતો. આ બાબતની જાણ થતાંની સાથે જ ગૌરક્ષક તરીકેની ઓળખ ધરાવતા કેટલાક સ્થાનિક યુવાનોએ ગૌવંશને વેચાણ કરતા રોકવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન બોલાચાલી વકરી અને મારામારી સુધીની સ્થિતિ સર્જાઈ હોવાનું કહેવાય છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ગૌવંશ બચાવવા માટે આગળ આવેલા એક યુવક પર તીખા હથિયારો તેમજ લાકડીઓ વડે હુમલો કરવામાં આવ્યો હતો. યુવકને ગંભીર ઈજા પહોંચી હોવાથી તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ ઘટના બાદ ગામમાં તણાવ વધી ગયો છે. ગૌરક્ષા સાથે જોડાયેલા કાર્યકરો અને સ્થાનિક રહીશો વચ્ચે ઉગ્ર ચર્ચા ચાલી રહી છે. પોલીસે હાલ ઘટનાસ્થળે પહોંચીને સ્થિતિ નિયંત્રણમાં લીધી છે

# અંકલેશ્વરના આકાશમાં વાયુસેનાની સારંગ હેલિકોપ્ટર ટીમના આકાશી કરતબો જોવા મળશે

• વડોદરા

વડોદરાઃ ભારતીય વાયુસેનાની હેલિકોપ્ટર ડિસ્પલે ટીમ સારંગનો અદભૂત એર શો તા.૭ ડિસેમ્બરે અંકલેશ્વરમાં નવી બનેલી એર સ્ટ્રીપ ખાતે સવારે ૯-૩૦ વાગ્યે યોજાશે.તે પહેલા તા.૬ ડિસેમ્બરના રોજ સારંગ ટીમ અંકલેશ્વરના આકાશમાં રિહર્સલ પણ કરશે.સારંગ ટીમમાં ભારતમાં જ નિર્મિત એડવાન્સ લાઈટ હેલિકોપ્ટરનો સમાવેશ કરાયો છે.સમગ્ર દુનિયામાં એક માત્ર ભારતીય વાયુસેના પાસે આ પ્રકારની હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમ છે.અંકલેશ્વરના શો માટે આ ટીમ વડોદરા ખાતે આવી પહોંચી છે.વડોદરાના દરજીપુરા એરફોર્સ સ્ટેશન ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં ટીમ લીડર અને પાયલોટ વિંગ કમાન્ડર અભિજિત કુમારે કહ્યું હતું કે, લગભગ ૨૦ થી ૨૫ મિનિટ ચાલનારા એર શોમાં પાંચ હેલિકોપ્ટર દ્વારા વાઈન ગ્લાસ, ડાયમંડ, ઈન્ડિયા, હાઈ સ્પીડ ક્રોસ, હાર્ટ શેપ જેવા વિવિધ ૧૫ થી ૨૦ ફોર્મેશન રજૂ કરાશે.આ માટે હેલિકોપ્ટર ટીમ વડોદરા એરપોર્ટ પરથી જ ઉડાન ભરશે.દક્ષિણ ગુજરાતમાં સારંગ ટીમનું આ પહેલું પરફોર્મન્સ હશે.

**એકનું ઘટનાસ્થળે જ મોત**

# ડભોઈ તાલુકામાં કમકમાટીભર્યો માર્ગ અકસ્માત

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના કનાયડા-ગામડી બસ સ્ટેન્ડ નજીક એક ભયાનક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં એક બાઈક ચાલકનું ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નીપજ્યું છે. આ અકસ્માત ડભોઈ-શિનોર રોડ પર થયો હતો. ડભોઈ તાલુકાના શનોર ગામ, નવીનગરી વિસ્તારમાં રહેતા ૫૬ વર્ષીય રમેશભાઈ ચતુરભાઈ વસાવા (ઉ.વ. ૫૬) પોતાની બજાજ કંપનીની ડિસ્કવર મોટરસાયકલ (નંબર: GJ-06-FD-6340) લઈને કનાયડા-ગામડી બસ સ્ટેન્ડ પાસેથી પસાર થઈ રહ્યા હતા.તે જ સમયે, હ્યુન્ડાઈ કંપનીની આઈ-૧૦ ફોર-વ્હીલર ગાડી (નંબર: GJ-27-BL-3950) ના ચાલકે પોતાની ગાડી પૂરઝડપે અને અત્યંત ગફલતભરી રીતે



હંકારીને બાઈક ચાલક રમેશભાઈને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે રમેશભાઈ રોડ પર પટકાયા હતા.

ઘટનાસ્થળે જ કરુણ મોત:આ ગ મખ્વાર અકસ્માતને પગલે મોટરસાયકલ ચાલક રમેશભાઈને માથામાં જમણી બાજુ, મોઢા પર અને શરીર તથા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઈજાઓ એટલી જીવલેણ હતી કે રમેશભાઈ વસાવાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત બાદ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી: ડભોઈ પોલીસે કાર ચાલક વિરુદ્ધ બેફામ ડ્રાઈવિંગ અને અકસ્માતે મોત નીપજાવવા બદલ ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરી દીધી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

## •દાહોદ આસપાસ

### પંચમહાલમાં જ્ઞાન, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિનો ઉત્સવ - જિલ્લા કક્ષાનો ગીતા મહોત્સવ

**ગોધરા**

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરની પ્રેરણાથી અને પંચમહાલ જિલ્લા વહીવટીતંત્ર તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સંયુક્ત ઉપક્રમે આગામી તારીખ ૦૧/૧૨/૨૦૨૫ ને સોમવારના રોજ ગોધરા ખાતે જિલ્લા કક્ષાના 'ગીતા મહોત્સવ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જ્ઞાન, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિના ઉત્સવ સમ આ મહોત્સવ તા.૧ લી ડિસેમ્બરના રોજ સવારે ૧૦-૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ ગાદી ઈન્ટરનેશનલ ટેક્નો સ્કૂલ-SSGITS (ગોધરા) ખાતે યોજાશે. આ ગીતા મહોત્સવમાં પંચમહાલ જિલ્લાની વિવિધ શાળાઓ અને મહાવિદ્યાલયો ઉત્સાહભેર જોડાશે. આ મહોત્સવમાં પ્રદર્શન, વેદમંત્રોનું ગાન, ગીતાગાન અને સંસ્કૃત ગીતો જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજાનાર છે. તેમજ આ તકે કંઠસ્થ ગીતા પઠન કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે.

### જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતીના હેતુથી જાહેરનામું પ્રસિદ્ધ

ગોધરા :આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો જેવા કે નાતાલ, નવું વર્ષ, મકરસંક્રાંતિ દરમિયાન પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી હેતુ પંચમહાલના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.જે.પટેલ દ્વારા તેઓને મળેલ સત્તાની રૂએ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ, પંચમહાલ જિલ્લામાં કોઈપણ રહેણાંક અથવા ઔદ્યોગિક એકમના માલિક કે સત્તાધારી વ્યક્તિ એ પોતાનું મકાન, દુકાન કે એકમ પોલીસ સ્ટેશનને જાણ કર્યા વિના કોઈપણ વ્યક્તિને ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ એકમ,દુકાન અને મકાનની વિગત તથા ભાડૂઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડૂઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની તમામ જરૂરી માહિતી નિયત ફોર્મમાં સંબંધિત (જે તે વિસ્તારના) પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. આ જાહેરનામુ તા.૧૪/૧૧/૨૦૨૫ થી બે માસ સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે. આ હુકમ/જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

## પંચમહાલ જિલ્લામાં માર્ગ સુધારણાની કામગીરી

# જાંબુઘોડાના તરગોળ ગામ અને શહેરાના ભૂરખલ ગામમાં માર્ગ મરામતની કામગીરી કરાઈ

**ગોધરા**

પંચમહાલના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા જિલ્લા પંચાયત હસ્તકના જિલ્લાના ગ્રામીણ માર્ગોની ગુણવત્તા સુધારવા માર્ગ સુધારણા કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં જાંબુઘોડા તાલુકાના તરગોળ ગામના રોડ રીપેરીંગની કામગીરી તેમજ શહેરા તાલુકાના ભૂરખલ ગામ ખાતે રોડ રિ-સર્ફેસિંગની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે પંચમહાલ જિલ્લાના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા કરવામાં આવેલી આ કામગીરીથી જિલ્લાના પંચાયત હેઠળના માર્ગો સુદૃઢ બનશે અને આ માર્ગોનો ઉપયોગ કરનારા મુસાફરોને હવે અવરજવરમાં વધુ સરળતા અને સુગમતા રહેશે.





## ગોધરાની કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ દ્વારા

# વેજલપુર ખાતે કારકિર્દીલક્ષી સેમિનાર યોજાયો

### વિદ્યાર્થીઓને કૃષિ અને તેને સંલગ્ન ડિપ્લોમા અને સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમો વિશે માહિતગાર કરાયા

**ગોધરા**

આણંદ કૃષિ યુનિવર્સિટી (AAU) અતંર્ગત કાર્યરત ગોધરાની કૃષિ ઈજનેરી અને ટેકનોલૉજી કોલેજ દ્વારા ગોધરા તાલુકામાં વેજલપુર ગામ ખાતે આવેલ જવાહર નવોદય વિદ્યાલયમાં કૃષિ અને તેને સંલગ્ન જુદા જુદા ડિપ્લોમા અને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા અને સચોટ માર્ગદર્શન આપવાના હેતુથી કારકિર્દીલક્ષી સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારનું આયોજન આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કૃષિ અને સંલગ્ન વિવિધ અભ્યાસક્રમો વિશે સચોટ માહિતી, તેની મહત્વતા તથા



કૃષિક્ષેત્રમાં રહેલ કારકિર્દીલક્ષી ઉજ્જવળ તકો વિષે માહિતગાર કરવાનો હતો. ખાસ કરીને, કૃષિ ક્ષેત્રમાં સંશોધન, ટેકનોલોજી અને નવીનતા - કૃષિ-ટેકનોલોજીથી લઈને બાયોટેકનોલોજી સુધી નવી નોકરીઓ અને ભૂમિકાઓનું સર્જન કેવી રીતે થઈ રહ્યું છે તે વિશે જાણકારી આપી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પોતાનો યોગ્ય માર્ગ પસંદ કરવામાં મદદરૂપ થવાનો હતો. આ સેમિનાર થકી વિદ્યાર્થીઓને કૃષિ શિક્ષણ અને કારકિર્દીના વિકલ્પોની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. આ સેમિનારમાં વિદ્યાલયના ધોરણ ૧૦ થી ધોરણ ૧૨ ના એ ગ્રૃપ અને બી ગ્રૃપમાં અભ્યાસ કરતાં કુલ ૨૦૫ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે કોલેજના આચાર્ય અને વિદ્યાશાખાઅધ્યક્ષશ્રી ડૉ.આર.સુબૈયાહ, જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યશ્રી પ્રિય રંજન,કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ અને મકાઈ સંશોધન કેન્દ્રના અધિકારીશ્રીઓ તથા વિદ્યાલયના શિક્ષકગણ હાજર રહ્યા હતા.

### ગોધરાની કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ ખાતે કારકિર્દીલક્ષી સેમિનાર યોજાયો

**આણંદ**

આણંદ કૃષિ યુનિવર્સિટી (AAU) અતંર્ગત કાર્યરત ગોધરાની કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ ખાતે કૃષિ અને તેને સંલગ્ન ચાલતા ડિપ્લોમા અને સ્નાતકકક્ષાના વિવિધ અભ્યાસક્રમો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા અને સચોટ માર્ગદર્શન આપવાના હેતુથી કારકિર્દીલક્ષી સેમિનાર યોજાયો હતો. આ સેમિનારનું આયોજન આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કૃષિ અને સંલગ્ન વિવિધ અભ્યાસક્રમો વિશે સચોટ માહિતી, તેની મહત્વતા તથા કૃષિ ક્ષેત્રમાં રહેલ કારકિર્દીલક્ષી ઉજ્જવળ તકો વિશે માર્ગદર્શન આપવાનો હતો. આ સેમિનારમાં અતિથિ વિશેષ તરીકે કોલેજના આચાર્ય અને વિદ્યાશાખાઅધ્યક્ષશ્રી ડૉ.આર.સુબૈયાહ દ્વારા વિદ્યાર્થીઓને "ભારત દેશના વિકાસમાં કૃષિની અગ્યતતા, કૃષિ અને તેને સંલગ્ન જુદા જુદા અભ્યાસક્રમોની મહત્વતા, કૃષિ ક્ષેત્રમાં રહેલ કારકિર્દીલક્ષી ઉજવળ તકો, કૃષિ ક્ષેત્રમાં સંશોધન, ટેકનોલોજી અને નવીનતા કૃષિ-ટેકનોલોજીથી લઈને બાયોટેકનોલોજી સુધી નવી નોકરીઓ અને ભૂમિકાઓનું સર્જન તેમજ પ્રાકૃતિક ખેતી અને તેના મહ્ત્વ અને પ્રાકૃતિક ખેતીના વિવિધ અભ્યાસક્રમો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. વધુમાં પ્લાસમા ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક તથા દિલ્લી પબ્લિક સ્કૂલના પાર્ટનર શ્રી રોનક પ્રજાપતિ દ્વારા વિદ્યાર્થીઓને કૃષિ શિક્ષણ અને કારકિર્દીના વિકલ્પોની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. ખાસ કરીને, કૃષિ ક્ષેત્રમાં સંશોધન, ટેકનોલોજી અને નવીનતા - કૃષિ-ટેકનોલોજીથી લઈને બાયોટેકનોલોજી સુધી નવી નોકરીઓ અને ભૂમિકાઓનું સર્જન કેવી રીતે થઈ રહ્યું છે તે વિશે જાણકારી આપી આ સેમિનારમાં ગોધરા તાલુકા તેમજ ગોધરા શહેરની વિવિધ શાળાઓમાં ધોરણ ૧૦ થી ધોરણ ૧૨ ના એ ગ્રુપ અને બી ગ્રુપમાં અભ્યાસ કરતાં કુલ ૩૦૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને તેમના વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# પંચમહાલ જિલ્લામાં રાજયના કે રાજય બહારના રાજયોમાંથી આવતાની નોંધણી ફરજિયાત કરાઈ

**ગોધરા**

પંચમહાલ જિલ્લામાં રાજયના કે રાજય બહારના રાજયોમાંથી, અગર દેશ બહારથી આવતા ત્રાસવાદી/અસામાજીક તત્વો જિલ્લાની હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળાઓમાં ગુપ્ત આશરો મેળવી રૂમો ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ ઉપર અંકુશ મેળવવા સારૂ હોટલ, ગેસ્ટહાઉસ, ધર્મશાળામાં ભાડે આપતા માલીકો રૂમ ભાડેથી આપે ત્યારે કેટલીક શરતોનું પાલન કરે તો ગંભીર પ્રકારના બનતા ગુન્હાઓ ઉપર અંકુશ લાવી શકાય તેમજ લોકોની જાનમાલને નુકશાન થતુ અટકાવી શકાય તે હકીકતને ધ્યાને લેતાં તથા સુરક્ષા અને સલામતીની દ્દષ્ટિએ પંચમહાલના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.જે. પટેલએ તેમને મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લાની હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાઓ, મુસાફરખાના, અગત્યની સંસ્થાઓ, મંદિર, મસ્જિદ, મદ્રેસાના માલિકો, ટ્રસ્ટીઓ, સંચાલકોને આ જાહેરનામામાં દર્શાવેલ કેટલીક શરતોનું અક્ષરસઃ પાલન કરવા આદેશ કર્યો છે. આ જાહેરનામામાં પંચમહાલ જિલ્લાની હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાઓ, મુસાફરખાના, અગત્યની સંસ્થાઓ, મંદિર, મસ્જિદ, મદ્રેસાના માલિકો, ટ્રસ્ટીઓ, સંચાલકોને વિદેશી નાગરીક આવે ત્યારે તેનો પાસપોર્ટ વિઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ સહીતની કોપી લેવા, યોગ્ય પ્રર્ફોમા મુજબનુ રજીસ્ટર બનાવી આવતા જતા તમામ અતિથિઓની રજીસ્ટરમાં નોંધણી કરવા, દેશી વિદેશી નાગરીકને પાસપોર્ટ- વિઝા અને ભારતના સરનામાં અને વિદેશ નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવા અને રેકર્ડમાં રાખવા, દેશી વિદેશી નાગરીકને લગતા નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને. ૧૯૩૯ મુજબના નમુનાના ફોર્મમાં પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરાની ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરવા, દેશી વિદેશી વિઝીટરનું બુકીગ કરાવનારના નામ, સરનામા ટેલીફોન સહીતના નકકર પુરાવા મેળવવા, કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસ વિભાગને જાણ કરવા, કોઈપણ બહારના રાજયના મુસાફરો રોકાણ કરે ત્યારે સંસ્થાના જવાબદાર વ્યકિતએ તે બાબતની જાણ કરવા અને ઉપર જણાવેલ શરતો મુજબ પુરાવા સહીત સમય મર્યાદામાં સ્થાનિક પોલીસને રજુ કરવા તેમજ અજાણ્યા દેશી વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળામાં પ્રવેશ ન આપવા સહિતની શરતોનું અક્ષરસઃ પાલન કરવા આદેશ કરવામાં આવ્યો છે. આ હુકમ તા.૧૪/૧૧/૨૦૨૫ થી આગામી બે માસ સુધી અમલમાં રહેશે તેમજ આ આદેશનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

## પંચમહાલ જિલ્લામાં જુના વાહનોની ખરીદ-વેચાણ કરનાર

# ભંગાર ખરીદ વેચાણ કરનાર વેપારી/વ્યક્તિઓએ રજીસ્ટર નિભાવવાના રહેશે

**ગોધરા**

પંચમહાલ જિલ્લામાં જુની સાયકલ, સ્કુટર(ટુ વ્હીલર), થ્રી વ્હીલર, ફોર વ્હીલર તથા ભંગારના વાહનોની ખરીદ-વેચાણ કરનાર, તેમજ ભંગાર લે-વેચનો ધંધો કરનાર વેપારીઓ તથા ભંગારના ગોડાઉન રાખનાર વ્યક્તિઓને પંચમહાલના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.જે.પટેલ એ તેમને મળેલ સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા રજીસ્ટર નિભાવવા હુકમ કરેલ છે. આ જાહેરનામા મુજબ પંચમહાલ જિલ્લાના જુની સાયકલ, સ્કુટર, જુના ફોરવ્હીલર, થ્રી વ્હીલર ગાડીઓ/વાહનો ખરીદનાર - વેચનાર વ્યક્તિઓએ વેચાણ/ખરીદ કરેલ વાહનોની વિગત દર્શાવતુ રજીસ્ટર નિભાવવાનું રહેશે. આ રજીસ્ટરમાં અનુક્રમ નંબર, વેચનારનું નામ-સરનામુ અને વેચવાનું કારણ, ખરીદનારનું પુરેપુરૂ નામ- સરનામુ અને મોબાઈલ નંબર, ખરીદનારનું આઈ.ડી.પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત, જુનુ વાહન ખરીદવાનું/ખરીદયા અંગેનું કારણ અને તારીખ, એન્જીન-ચેસીસ નંબર,મોડલ નંબર અને રજીસ્ટ્રેશન નંબર વગેરેની વિગત(તે અંગેની ઝેરોક્ષ રાખવી) દર્શાવવાની રહેશે. તેમજ ભંગારની ખરીદ તથા વેચાણ કરનાર વ્યક્તિઓએ તે મુજબની વિગતો દર્શાવતુ રજીસ્ટર નિભાવવાનું રહેશે. જેમાં અ.નં., ભંગાર લાવનારના આઈ.ડી.પ્રુફની વિગત અને સંપર્ક નંબર, ભંગાર કોની પાસેથી લાવ્યા તેનુ નામ-સરનામુ અને સંપર્ક નંબર, ભંગાર કઈ તારીખે લાવ્યા, કેવા પ્રકારનું ભંગાર લાવ્યા તેની વિગત, ભંગાર કઈ તારીખે વેચવામાં આવ્યુ અને કોને વેચવામાં આવ્યુ તેનુ નામ-સરનામુ તથા સંપર્ક નંબર, ભંગારનો ધંધો કરતા/ફેરી કરતા ઈસમોના નામ અને સરનામુ, ભંગારનો ધંધો કરનારે પોલીસ ક્લીયરન્સ સર્ટીફિકેટ બાયોડેટા સ્થાનિક પોલીસમાં જમા કરાવવા અંગેની વિગતો રજીસ્ટરમાં દર્શાવવાની રહેશે.

## •સંક્ષીપ્ત સમાચાર

### પંચમહાલ જિલ્લામાં નવા/જૂના મોબાઈલ ખરીદ-વેચાણ કરનાર તથા સીમકાર્ડ વેચાણ કરનાર વેપારીઓએ રજિસ્ટર નિભાવવાનું રહેશે

ગોધરા : પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં નવા-જૂના મોબાઈલ/હેન્ડસેટ ખરીદ-વેચાણ કરનાર તથા સીમકાર્ડ વેચનાર વેપારીઓને પંચમહાલના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.જે.પટેલ એ તેમને મળેલ સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા નિયત નમૂનામાં રજિસ્ટર નિભાવવા હુકમ કર્યો છે.આ જાહેરનામા મુજબ મોબાઈલ ખરીદતી વખતે અને નવા-જૂના મોબાઈલ/હેન્ડસેટ વેચતી વખતે વેપારીઓએ તે માટેનું રજીસ્ટર નિભાવવાનુ રહેશે. જેમાં અ.નં., મોબાઈલ ફોનની વિગત/કંપની, આઈએમઈઆઈ નં., મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ-સરનામાની વિગત તથા આઈ.ડી.પ્રુફની વિગત દર્શાવવાની રહેશે. આ જાહેરનામા મુજબ નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ તે માટેનું રજીસ્ટર નિભાવવાનુ રહેશે જેમાં વેપારીએ અ.નં., સીમકાર્ડની વિગત/કંપનીનું નામ, સીમકાર્ડ નંબર, સીમકાર્ડ ખરીદનારના નામ-સરનામાની વિગત, આઈ.ડી.પ્રુફની વિગત અને સીમકાર્ડ ખરીદનારની સહી રજિસ્ટરમાં નોંધવાની રહેશે.

### જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા જાહેરનામુ પ્રસિધ્ધ

ગોધરા : આગામી તહેવારો (નાતાલ, નવું વર્ષ, મકરસંક્રાંતિ) દરમિયાન જિલ્લામાં જાહેર શાંતિ-સુલેહ તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી તથા જિલ્લામાં રાષ્ટ્રવિરોધી, ભાંગફોડીયા પ્રવૃત્તિઓ અને ગંભીર ગુનાઓ તેમજ પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવા હેતુ પંચમહાલના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.જે.પટેલ દ્વારા તેઓને મળેલ સત્તાની રૂએ એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.આ જાહેરનામા મુજબ પંચમહાલ જિલ્લામાં જિલ્લા બહારના કે રાજ્ય બહારના મજૂરો, કારીગરો કે કામદારોને (જેમ કે કડિયાકામ, ઈંટોના ભઠ્ઠા, ધાબા હોટલ રેસ્ટોન્ટ, ગેસ્ટહાઉસ, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ તથા કલરકામ વગેરે સ્થળે) કામે રાખતા તમામ માલિકો, એજન્ટો, કે દલાલોએ સંબંધિત મજૂર, કારીગર કે કામદારની સંપૂર્ણ વિગતો (નામ, સરનામું, મોબાઈલ નંબર અને આઈડી પ્રૂફ સહિત) નિયત નમૂનાના ફોર્મમાં ભરીને ફરજિયાતપણે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે ૨૪ કલાકમાં લેખિતમાં જમા કરાવવાની રહેશે.

## ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મની મુલાકાત

# હાલોલ ખાતે પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો

**ગોધરા**

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા મિશન ક્લસ્ટરના સ્વયમ પ્રેરિત પસંદ કરેલા ખેડૂતો માટે રવિ સિઝનના વાવેતર માટે પ્રાકૃતિક કૃષિની વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી (GNFSU), હાલોલ ખાતે એક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત જાંબુઘોડાના મિશન ક્લસ્ટરમાંથી સ્વયં પ્રેરિત ૧૨૫ ખેડૂતોએ આ તાલીમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના સિદ્ધાંતોનું જ્ઞાન આપીને, આગામી વાવેતરમાં તેનો વ્યાપક ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો, જેથી તેઓના કૃષિ ખર્ચમાં ઘટાડો થાય અને જમીનની ગુણવત્તા જળવાઈ રહે. આ તાલીમ સત્રમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ.રશ્મિકાન્ત ગુર્જર, આત્મા પ્રોજેક્ટના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી ભાવિન મહેતા અને યુનિવર્સિટીના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક બિનલબેન ગજેરા દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

તમામ વક્તાઓએ પ્રાકૃતિક કૃષિના પાંચ મુખ્ય આયામો જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદન અને મિશ્ર પાક પદ્ધતિ વિશે સંપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂતોને તાલીમ હોલમાં સૈદ્ધાંતિક જ્ઞાન આપ્યા ઉપરાંત, જુદાજુદા મોડલ ફાર્મની ફિલ્ડ વિઝિટ કરાવીને આ પદ્ધતિઓનું પ્રત્યક્ષ નિદર્શન પણ કરાવવામાં આવ્યું હતું.

## કામકાજના સ્થળે જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ અને મહિલા સુરક્ષા કાયદાઓ અંગે માહિતી અપાઈ

# જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ઘોઘંબા ખાતે જાગૃતિ સેમિનાર યોજાયો

**ગોધરા**

પંચમહાલ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ઘોઘંબા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, માલુ ખાતે 'કામકાજના સ્થળે સ્ત્રીઓને થતી જાતિય સતામણી- અધિનિયમ, ૨૦૧૩' અને મહિલા સુરક્ષાના કાયદાઓ પર એક મહત્વપૂર્ણ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય હેતુ માલુ અને ઘોઘંબા તાલુકાની મહિલાઓને તેમના કાયદાકીય અધિકારો અને સરકારી યોજનાઓ વિશે માહિતગાર કરવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન વિવિધ વિભાગોના અધિકારીઓએ હાજર રહીને મહિલા સુરક્ષાના મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત માહિતી આપી હતી. એડવોકેટ શ્રી ધારાબેને જાતીય સતામણી અધિનિયમ, ૨૦૧૩ અંતર્ગત મહિલાઓના અધિકારો, કાયદાકીય રક્ષણ અને ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા વિશે માર્ગદર્શન આપ્યું હતું. દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારીશ્રી કિરણબેન દ્વારા ઘરેલુ હિંસા અધિનિયમ, ૨૦૦૫ અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી પુષ્પેન્દ્રભાઈ દ્વારા બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમની કાયદાકીય જોગવાઈઓ અને તેની ગંભીરતાઓ વિશે સમજણ પૂરી પાડવામાં આવી હતી.

DHEWના જિલ્લા મિશન કોઓર્ડીનેટર શ્રી મહેશભાઈ કામરોલાએ વ્હાલી દિકરી યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના, મહિલા સ્વાવલંબન યોજના સહિતની વિવિધ મહિલાલક્ષી યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત, She ટીમે મહિલાઓને પોતાની સુરક્ષા અને સલામતી જાળવવા અંગેની વ્યવહારુ ટિપ્સ આપી હતી, જ્યારે PBSC કાઉન્સેલર યોગિની બેન અને OSC ના કેન્દ્ર સંચાલક કલ્પનાબેને તેમના સેન્ટરની કામગીરી અને પીડિત મહિલાઓને મળતી મદદ વિશે માહિતી આપી હતી.કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌને IEC મટીરીયલનું વિતરણ કરવામાં આવ્યું હતું

# માણાવદર અનસુયા ગૌધામમાં એક પણ રૂપિયાનું દાન સ્વીકારવામાં આવતું નથી

## બાલકૃષ્ણ સ્કૂલના વિદ્યાર્થીઓએ માણાવદર અનસુયા ગૌધામની મુલાકાત લીધી



• જીજ્ઞેશ પટેલ માણાવદર

માણાવદર અનસુયા ગૌધામ દ્વારા શહેરમાં રખડતી લુલી-લંગડી- અપંગ ગાયોની પણ સેવા કરવામાં આવી રહી છે. તેમજ દરરોજ નિરાધાર લોકોને 150 થી 200 ટિફિન જમાડવામાં આવી રહ્યા છે. માણાવદર અનસુયા ગૌ ધામમાં એક પણ રૂપિયાનું દાન સ્વીકારવામાં આવતું નથી. શેઠ પરિવાર પોતાની કમાણી માંથી ગૌશાળા ચલાવી રહ્યા છે. બાળકોમાં પશુ પ્રત્યે સ્નેહ અને સેવાની લાગણી ઉભરાય અને માનવ જીવનમાં પશુઓની કેટલી ઉપયોગીતા છે તે સમજાવવા માટે માણાવદર બાલકૃષ્ણ સ્કૂલ તરફથી સ્થાનિક એક પ્રવાસરૂપે આ શાળામાં અભ્યાસ કરતા 300થી વધારે બાળકોને માણાવદરના વિશ્વવિખ્યાત એવા અનસુયા ગૌધામ સંચાલિત ગીરગાય સંવર્ધન કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા તથા અનસુયા અન્નક્ષેત્રમાં ચાલતા રસોડાઓમાં લઈ જઈ બાળકોને અન્નદાન વિષય અંતર્ગત માહિતગાર કરાયા હતા. બાળકોએ અનસુયા ગૌધામમાં સંવર્ધિત થઈ રહેલી ગીર નસલની અસલ દેશી ગાયો અને નાના - નાના વાછરડાઓ સાથે આત્મીય ભાવ સાથે સહેજ બાળવૃતથી રમતો રમી હતી. બાળકોને ગીર ગાયો વિશેની સંપૂર્ણ માહિતી હિતેનભાઈ શેઠ તથા હરેશભાઈ શેઠ દ્વારા આપવામાં આવી હતી. વિશેષ તો આ ગૌધામમાં સંવર્ધિત થઈ રહેલી નાનકડી એવી દક્ષિણની પુંગનૂર ગાયો સાથે બાળકોએ મજા મસ્તી કરી હતી. હિતેનભાઈ શેઠે પ્લાસ્ટિકના ઉપયોગથી થતા નુકસાન બાબતે બાળકોને માહિતી આપી હતી. બાળકોએ ગૌધામમાં રાખેલા વિવિધ પક્ષીઓની પણ જાણકારી મેળવી હતી

**આક્રોશ** કોઇ મોટા અકસ્માતની રાહ જોતુ તંત્ર : લોકોમાં કચવાટ

# ડભોઈ ટીંબી ફાટક થી નવીનગરી માર્ગ પર 'ગાંડા બાવળ'નું સામ્રાજ્ય

## વાહનચાલકોની હાલત કફોડી, તંત્રની બેદરકારી સામે રોષ

• _ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ: શહેરના એક અત્યંત વ્યસ્ત અને મહત્ત્વપૂર્ણ માર્ગ, ડભોઈ ટીંબી ફાટકથી નવીનગરી સુધીના રોડની બંને બાજુએ ગાંડા બાવળ નું જબરદસ્ત સામ્રાજ્ય છવાઈ ગયું છે. આ રોડ પર બાવળના ઝાડો એટલા મોટા અને ઘેરા બની ગયા છે કે તેના થડ અને ડાળીઓ હવે રોડ સુધી ફેલાઈ ગયા છે, જેના કારણે આ માર્ગ વાહનચાલકો માટે જોખમી બની ગયો છે. વાહનચાલકો અને મુસાફરો માટે મોટો ખતરો માર્ગની આસપાસ ઊગી નીકળેલા બાવળના આ ઝાડોને કારણે દ્વિચક્રી વાહનોથી માંડીને રીક્ષા, ટેમ્પો અને અન્ય મોટા વાહનોને પસાર થવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. વાહનચાલકોએ સતત બાવળની ડાળીઓથી બચવા માટે સંઘર્ષ કરવો પડે છે: વાહનોને નુકસાન: પસાર થતી વખતે બાવળના જાડા થડ અને તીક્ષ્ણ કાંટાવાળી ડાળીઓ વાહનો સાથે અથડાય છે. ખાસ કરીને મોટા વાહનો માટે જગ્યા ઓછી પડતાં વાહનોની સાઈડ બોડી, કાચ અને મિરરને નુકસાન થવાના બનાવો વધી રહ્યા છે.



મુસાફરોને ઈજા: વાહનની અંદર બેઠેલા પેસેન્જરો, ખાસ કરીને રીક્ષા કે ટેમ્પોમાં મુસાફરી કરતા લોકો, બાવળની ડાળીઓ અથડાતાં ઈજાગ્રસ્ત થઈ રહ્યા છે. અચાનક ડાળી વાગવાથી ગંભીર અકસ્માત થવાનો ભય પણ રહેલો છે. વિઝિબિલિટીમાં ઘટાડો બાવળના ઝાડો રોડની આસપાસ વધુ પડતા ફેલાયેલા હોવાથી વાહનચાલકોને સામેથી આવતા વાહનો કે વળાંક પરની વસ્તુઓ જોવામાં પણ તકલીફ પડે છે, જે અકસ્માતને નોતરે છે. તંત્રની બેદરકારી: ચોમાસા પછી પણ સાફ-સફાઈના અભાવે મુશ્કેલી સ્થાનિકોના જણાવ્યા મુજબ, ચોમાસુ પૂરું થયા પછી રોડની સાઈડમાં ઊગી નીકળેલા ઘાસ અને ઝાડી-ઝાંખરા (ખાસ કરીને ગાંડા બાવળ)ને દૂર કરવાની જવાબદારી સંબંધિત અધિકારીઓ અને રોડ વિભાગની હોય છે. જોકે, આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી કોઈ પણ પ્રકારની સાફ-સફાઈ કે જંગલ કટિંગની કામગીરી કરવામાં આવી નથી. રાત્રિના સમયે પરિસ્થિતિ વધુ ગંભીર બની જાય છે. બાવળના ઘેરાવાને કારણે માર્ગ પર અંધારું રહે છે અને વાહનના અજવાળામાં પણ ડાળીઓનો અંદાજ મેળવવો મુશ્કેલ બને છે. તત્કાળ પગલાંની માંગ ડભોઈ ટીંબી ફાટકથી નવીનગરી સુધીના આ માર્ગ પરથી પસાર થતા સેંકડો વાહનચાલકો અને મુસાફરોએ સ્થાનિક તંત્ર અને માર્ગ મકાન વિભાગ સમક્ષ તાત્કાલિક ધોરણે પગલાં લેવાની માંગ કરી છે. માર્ગને જોખમમુક્ત બનાવવા માટે ઝડપથી બાવળના ઝાડો અને ડાળીઓને કાપીને રોડની બંને બાજુની સાઈડ સાફ કરવી અનિવાર્ય છે, જેથી કોઈ ગંભીર જાનહાનિ થાય તે પહેલા આ સમસ્યાનો ઉકેલ લાવી શકાય.

દિલ્હીના 2 શીર્ષ નેતાઓને વ્હાલા થવા રાહુલ ગાંધી પર સતત ટ્વિટ કરે છે

# વડોદરાના બહુ બોલકના આયાતી અને નસીબથી બનેલા સાંસદ ઈન્ડિયો બાબતે કેમ ચૂપ?

**સાંસદની જી-હુજુરીનો વિરોધ** દેશમાં એરલાઈન વ્યવસાયમાં 92% શેર માત્ર 2 કંપની ઈન્ડિગો અને ટાટાની છે, જે એક પ્રકારની મોનોપોલી




વડોદરા ના બહુ બોલકના આયાતી અને નસીબથી બનેલા સાંસદ પોતાની સસ્તી પ્રસિદ્ધિ મેળવવા અને પોતાના દિલ્હીના 2 શીર્ષ નેતાઓને વાહલા થવા, વારંવાર જનનાયક અને દેશના લોકસભાના વિપક્ષ નેતા શ્રી રાહુલ ગાંધીજીને પત્રો લખી જ્ઞાન આપતા હોય છે, તો આજે વડોદરા, ગુજરાત અને આખા દેશની જનતા 'ઈન્ડિગો' એરલાઈનની જે દેશમાં 700 થી વધુ ફ્લાઈટ કેન્સલ થઇ રહી છે અને લોકોને બહોળા પ્રમાણમાં આર્થિક, સામાજિક નુકસાન થઈ રહ્યું છે, ઘણા નાગરિકોને તો મેડિકલ આપાતકાલની ઘટનામાં પણ હાલાકીનો સામનો કરવો પડ્યો છે, એવા સમયે સાંસદ શ્રી હેમાંગ જોષી દ્વારા કેમ પ્રધાનમંત્રી અને નાગરિક ઉડ્યનમંત્રીને કોઈ પત્ર લખવામાં નથી આવ્યો, પત્ર તો દૂરની વાત એક સામાન્ય ટવીટ અથવા સોશિયલ મીડિયામાં વડોદરા અને ગુજરાતની જનતા માટે 2 લીટીનું દુ:ખ પણ વ્યક્ત કરવામાં નથી આવ્યું. આજે કોઈક નાગરિકની બાળકીને માસિકની સમસ્યામાં એરપોર્ટ પર પેડ નથી મળી રહ્યું, કોઈના સગા અતિ ગંભીર બીમાર છે અને સારવાર માટે જઈ નથી સકતા, એરપોર્ટ પર 5-10 કલાક ખાધા વગર રાહ જોવા મજબુર બન્યા છે, કોઈને કરોડો રૂપિયાનું ધંધાકીય નુકસાન થયું છે, કોઈના લગન તૂટ્યા છે, જો થોડી પણ શરમ બચી હોય સાંસદશ્રી તો એક પત્ર જરૂર લખજો તમારી સરકારને અને આ જે અત્યારે ઘટના બની રહી છે એ તમારી જ સરકારની 1-2 વ્યક્તિઓને ફાયદો કરવાની નીતિનું સ્વરૂપ છે, આજે દેશમાં એરલાઈન વ્યવસાયમાં 92% શેર માત્ર 2 કંપની ઈન્ડિગો અને ટાટાની છે, જે એક પ્રકારની મોનોપોલીનું સર્જન કરે છે અને આ કંપની વારંવાર પોતાના ફાયદા માટે સરકારનું નાક પકડે છે અને સરકાર માત્ર મુખ પ્રેક્ષક બનીને જનતાની હેરાનગતિ જોઈ રહી છે, રાહુલ ગાંધીજી કાયમ કહે છે કે દેશમાં કોઈ પણ વ્યવસાય માં 1-2 કંપની ના હોવી જોઈએ, જો કોમ્પિટિશન હશે તો જ જનતાને સર્વિસ મળી શકશે અને તો જ જનતાને નાણાકીય ફાયદો થશે, પરંતુ ભાજપની ક્રોની કેપિટલિઝમની નીતિ થી આજે દેશ માં દરેક સેક્ટરમાં કોમ્પિટિશન સમાપ્ત થઈ ગઈ છે, એરપોર્ટ કોઈ 1-2 વ્યક્તિઓ પાસે, પોર્ટ કોઈ 1-2 વ્યક્તિઓ પાસે, મોબાઈલ નેટવર્ક 1-2 વ્યક્તિઓ પાસે, જનતા પાસે કોઈ વિકલ્પ બચ્યો નથી. આશા વ્યક્ત કરીએ કે ઈન્ડિગો ફરી સમયસર કાર્યરત થાય અને જનતાની તમામ નુકસાની ની ભરપાઈ કરે તે માટે આયાતી અને નસીબથી બનેલા સાંસદ હેમાંગ જોષી આ વિષયને ગંભીરતા થી લઈ, સરકારમાં સાચી અને સચોટ રજુઆત કરશે, વિપક્ષ તો પોતાની ભૂમિકા ભજવી રહ્યું છે પરંતુ ભાજપાના ચૂંટાયેલા સાંસદો અને ધારાસભ્યો કેમ ચૂપ છે?

# ભોરોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે બાળરોગ અને સ્ત્રીરોગ નિદાન મેડિકલ કેમ્પ યોજાયો

## ગામજનોનો સહકાર અભિનંદનીય રહ્યો હતો

• રાજેશ જોષી : વાવ-થરાદ

બનાસ ડેરી તથા બનાસ મેડિકલ કોલેજ - બનાસ જનરલ હોસ્પિટલ, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે તા. 05 ડિસેમ્બર 2025ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભોરોલ ખાતે વિશાળ બાળરોગ અને સ્ત્રીરોગ નિદાન મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. કાઠિત (બાળરોગ નિષ્ણાત), ડૉ. વિક્રમ ચૌધરી (બાળરોગ નિષ્ણાત), ડૉ. વિશ્વા (ગાયનિકોલોજીસ્ટ) તથા ડૉ. અનિલ (મેડિકલ ઓફિસર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભોરોલ) દ્વારા સમગ્ર દિવસ દરમિયાન વિવિધ તપાસો તથા આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. કેમ્પની મુખ્ય સેવાઓમાં સ્કૂલના બાળકોની આરોગ્ય તપાસ,ગર્ભવતી સ્ત્રીઓનું ચેક-અપ,બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને અન્ય પ્રાથમિક તપાસ,મેમોગ્રાફી દ્વારા સ્તન કેન્સર તપાસ, પેપ સ્મિયર ટેસ્ટ (ગર્ભાશયના મોઢાના કેન્સર તપાસ),લોહીની તપાસ તથા જરૂરી દર્દીઓને મફત દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન ૧૦૦ થી વધુ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. ગામના લોકોમાં આ કેમ્પને લઈને વિશેષ ઉત્સાહ જોવા મળ્યો અને અનેક લોકોને તેની સીધી રીતે આરોગ્યલાભ મળ્યો હતો. આ કેમ્પને સફળ બનાવવા માટે તમામ નિષ્ણાત ડૉક્ટરો, પેરા-મેડિકલ સ્ટાફ, આશા અને ફિમેલ હેલ્થ વર્કર બહેનો તેમજ ગામજનોનો સહકાર અભિનંદનીય રહ્યો હતો.



# ડભોઈ શહેરના નાંદોદી ભાગોળ નજીક ભયાનક અકસ્માત

## ત્રણ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે ત્રણેવને વડોદરા ખાતે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે

• _ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ શહેરમાં ગત રાત્રીના સમયે નાંદોદી ભાગોળ વિસ્તાર નજીક સ્ટેચ્યુ ઓફ યુનિટી રોડ પર એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેના કારણે ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે ત્રણેવને સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે જેમાંથી બાઈક ચાલક ના નામ પૃથ્વી ઈશ્વરભાઈ તડવી અને નિલેશભાઈ વાસુભાઈ તડવી રોડ ક્રોસ નામ તેનું ખબર નથી હાલ સયાજી હોસ્પિટલ ત્રણે ત્રણના દાખલ કરેલા છે જેમાંથી એક ની હાલત કરવી છેડભોઈ શહેર, નાંદોદી ભાગોળ નજીક, સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતો રોડ. ગત રાત્રીના સમયે. કેવી રીતે બન્યો અકસ્માત: પ્રાથમિક માહિતી મુજબ, એક બાઈક ચાલકે રોડ ક્રોસ કરી રહેલા એક યુવાનને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે ઘટનામાં કુલ ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ગંભીર ઈજાઓ અને સારવાર અકસ્માતમાં ઘાયલ થયેલા ત્રણેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. દિલને હચમચાવતું CCTV ફૂટેજ આ સમગ્ર ઘટનાના દિલને હચમચાવી દે તેવા CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં અકસ્માતની ગંભીરતા સ્પષ્ટપણે દેખાઈ રહી છે. આ ફૂટેજમાં બાઈક ચાલકની બેફામ ગતિ અને અકસ્માતની પળ કેદ થઈ છે. પોલીસ કાર્યવાહી ઘટનાની જાણ થતાં જ ડભોઈ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે આ માર્ગ અકસ્માત અંગે ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરી છે. CCTV ફૂટેજના આધારે અને ઈજાગ્રસ્તોના નિવેદનો લીધા બાદ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ડભોઈમાં અવારનવાર થતા આવા અકસ્માતોને કારણે સ્થાનિક લોકોમાં રોષની લાગણી છે અને લોકો દ્વારા સ્પીડ કંટ્રોલ તથા ટ્રાફિક નિયમન અંગે કડક પગલાં લેવાની માંગ કરવામાં આવી રહી છે.

# રાહના દેલનકોટમાં અને થરાદના નાનોલમાં વિદ્યાર્થીઓને તિથિ ભોજન અપાયું.



• રાજેશ જોષી : વાવ-થરાદ

વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી ના જન્મદિવસની ઠેર ઠેર અલગ અલગ રીતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં રાહના દેલનકોટના દૂધ ડેરીના મંત્રી જોરાભાઈ ચૌધરી દ્વારા દેલનકોટ પ્રાથમિક શાળામાં તિથિ ભોજન આપવામાં આવ્યું હતું જેમાં બાળકોને શિરો,દાળ-ભાત સહિતનું સ્વાદિષ્ટ ભોજન પીરસાયું હતું અને થરાદની નાનોલ પ્રાથમિક શાળામાં પણ બાળકોને મીઠાઈ, ખીચડી-કઢી સહિતની સ્વાદિષ્ટ ભોજન આપી અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે આજે સંસદમાં

# ગુજરાતના ખેડૂતોને અતિવૃષ્ટિથી થયેલી હાલાકી અને ખેડૂતોની થઈ રહેલી આત્મહત્યાનો મુદ્દો ઉઠાવ્યો

• ગાંધીનગર

રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે આજે સંસદમાં ગુજરાતના ખેડૂતોને અતિવૃષ્ટિથી થયેલી હાલાકી અને ખેડૂતોની થઈ રહેલી આત્મહત્યાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આજે ઝીરો અવર્સની નોટીસ આપીને સંસદ (રાજ્યસભા)માં શક્તિસિંહ ગોહિલે રજૂઆત કરી હતી કે, ગુજરાતના ખેડૂતો માટે અત્યંત કફોડી સ્થિતિ પેદા થઈ છે. દિવાળી આસપાસ ચોમાસુ પાક સંપૂર્ણ તૈયાર થતો હોય છે અને દિવાળીનો બીજો દિવસ એટલે કે ગુજરાતીઓના બેસતા વર્ષ પછી આ ચોમાસુ પાકની કાપણીની ખેડૂતો શરૂઆત કરતા હોય છે. આ વર્ષે દિવાળી આસપાસ દિવસો



સુધી સતત વરસાદ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં પડ્યા કર્યો, પરિણામે ખેડૂતોનો તૈયાર થયેલો પાક કે જેના પર પાણીનું એક ટીપું પણ પડે તે ઝેર સમાન ગણાય તે રીતે ખેડૂતોનો પાક સંપૂર્ણ નિષ્ફળ ગયો છે. પાક સંપૂર્ણ તૈયાર થાય ત્યાં સુધી કરવામાં આવતા તમામ ખર્ચાઓ ખેડૂતો કરી ચુક્યા બાદ કુદરતી આફતના કારણે ખેડૂતો બરબાદ થયા છે. કમનસીબી એ છે કે સમગ્ર દેશના તમામ રાજ્યોમાં ખેડૂતો માટે વીમા ફસલ યોજનાની જોગવાઈ છે, પરંતુ ગુજરાત અને કેન્દ્રમાં બંને જગ્યાએ ભાજપની સરકાર હોવા છતાં ગુજરાતના ખેડૂતોને પાક વીમા યોજનાથી બાકાત કરવામાં આવેલા છે. જો પાક વીમા યોજના હોત તો આજે ખેડૂતને આત્મહત્યા ના કરવી પડી હોત અને જેટલું નુકશાન થયું છે તેટલું વળતર વીમાથી મળી ગયું હોત. ગુજરાતના ખેડૂતોને જે રાહતો આપવામાં આવી છે તે નજીવી અને મશ્કરી સમાન છે. મર્યાદિત વિસ્તારને જ આવરી લેવામાં આવ્યો છે અને રકમ પણ મર્યાદિત કરી દેવામાં આવી છે. એટલે કે ખેડૂતોના કુલ નુકશાન સામે મળવાપાત્ર રકમ એ મશ્કરી સમાન છે. સંસદમાં શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, રાજીવ ગાંધીના સમયમાં પ્રથમ વખત પાક વીમા યોજના દાખલ કરવામાં આવી હતી અને વડાપ્રધાન તરીકે રાજીવ ગાંધીએ ખુબ મોટી સબસીડી જાહેર કરીને માત્ર નજીવી રકમમાં ખેડૂતો પાક વીમો લઈ શકે તેવી યોજના દાખલ કરી હતી. સ્વ. રાજીવ ગાંધીના સમયમાં ગુજરાતમાં દુષ્કાળ પડ્યો હોવાના કારણે ખુબ મોટી રકમની સહાય ગુજરાતના ખેડૂતોને મળી હતી. આજે કેન્દ્ર અને ગુજરાતમાં પણ ભાજપની સરકાર છે ત્યારે ખેડૂતોને જે નુકશાન થયું છે તેની ઉદાર હાથે પુરતી રકમ આપવા માટે માંગણી કરવામાં આવી હતી.